


વાંસ ... વૂડકટ · શ્રી વનવિહારી ઘોષ



# કુમાર

૧૩૯મું

આવતી કાલના નાગરિકોનું માસિક · અષાડ ૧૯૯૧

તંત્રી · રવિશંકર રાવળ    સંપાદક · બચુભાઈ રાવત

નવું પ્રકાશન

ગુજરાતી નવલિકાસાહિત્યના ઉગમકાળે એ ક્ષેત્રમાં પહેલાં પગલાં પાડનારાઓમાંના એક શ્રી મલયાનિલની વાર્તાઓનો સંગ્રહ

**ગોવાલણી અને બીજી વાતો**

શ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ અને સ્વ.ત્રિભુવન પટેલનાં ચિત્રો સાથે

આવતે અંકે અહીં જોજો


# કુમાર

અષાઢ ૧૯૯૧ અંક ૧૩૯





મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.





વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક લવાજમ રૂા. ૩ (પરદેશ ૬ શિ.) છુટક ૦-૧૦-૦

મુંબાઈના — શ્રી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આંર. ા કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

**જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ**

**મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.**

## આકર્ષણો

· ઉપજાતિ ·

લાંબા દિને વાદળ વ્યોમ ઘેરે
ફિક્કી દિશાઓ ગરભાયલી રહે;
ને ગ્રીષ્મવૃક્ષો ફળભાર થાકયાં
વર્ષાવતારે ઉર રાહ જોતાં.

ખેડૂગણો ખેતર સાંતી હાંકે,
ને બાળકો માંડવીશીંગ ફોલે;
બી વાવલે જ્યાં વહુ દીકરી મા,
સોહામણાં પાધર શેરીઓ આ.

બીઆં થયાં ઉત્સુક ઊગવાને,
સંજીવનો કોમળ ચૂગવાને;
પૃથ્વી વિષે સ્વત્વ સમર્પણે શું
તાજાં કરીને તનડાં પ્રફુલ્લે!

ઊંચા નભે શીત હિમાદ્રિઓમાં
સ્વપ્ને સૂતાં મેઘલ બિન્દુઓ જે
જાગી જઈ અંતરકંપનોએ
સૌ ઊતરે છે મળવા બીઆંને.

ચૈતન્યનાં સુંદર ’કર્ષણો જ
જગે નવાં જીવનવર્ષણો દે.

**દેશળજી પરમાર**

## વર્ષા

· વંશસ્થ ·

આકાશના મેઘ નવાંબુ સીંચતા,
ગંભીર ઘોષે નભદુંદુભિ ગર્જે,
સૌદામિની આરતિ વ્યોમમાં ધરે,
નિસર્ગને મંદિર શા મહોત્સવે!

ને તોરણો આભ તણી અટારીએ
ગૂંથાય કૈં ઇન્દ્રધનુપ્રકાશનાં,
બિછાત નીલા કિનખાબની ભરી
બુટ્ટાની વેલી વનરાજિ કાં સજે?

મયૂર વૈતાલિક ગાન ગાઈને
પદે પદે નૃત્યથી તાલ દીંચતા,
ગીતાવલિમાં ઉર આશ સીંચતા
ટહૌકે બપૈયા કંઈ તે વધાઈને?

ગાઓ બજાવો ઉજવો મહોત્સવ!
વર્ષા તણો નૂતન મંગલોત્સવ!

**તનસુખ ભટ્ટ**

ઋતુદર્શનનાં આ બે કાવ્યોમાં પહેલું વર્ષાની પૂર્વ-તૈયારીનું છે, બીજું વર્ષાની આગમન-તૃપ્તિનું છે. ઘેરાએલા આકાશવાળા લાંબા દિવસો, ગરભાએલી રહેતી ફિક્કી દિશાઓ અને ફળભારથી થાકેલાં ગ્રીષ્મવૃક્ષોનું અવલોકન કરનારી કવિદૃષ્ટિએ પહેલા [illegible] પ્રથમ આઠ લીટીમાં આલેખેલું આપણી કુદરત અને જ[illegible]દેશ, તળપદું અને મધુર વર્ણન લાઘવ અને સાદાઈથી કર્યું છે. [illegible]ની દસ લીટીઓમાં વર્ષા-અવતરણનું કારણ ઉકેલ્યું છે કે: નિસર્ગનાં કોમળ સંજીવનો ચૂગવાને ઉત્સુક થએલાં પૃથ્વીગર્ભમાં પડેલાં બીનો સંદેશ, સૂતાં મેઘબિન્દુઓનાં અંતરમાં પહોંચે છે તેનાં કંપનોથી જાગી તે ઊતરે છે. ચૈતન્યનાં એ ગૂઢ આકર્ષણો જગતને નવજીવન આપતી વર્ષાને ઉતારી લાવે છે.

બીજા કાવ્યમાં વર્ષાના આગમનથી પુલકિત થઈ ઊઠીને સમસ્ત કુદરત તેનો જે મંગલોત્સવ ઊજવી રહી છે તેનું, હર્ષથી છલી જતા હૃદયે કરેલું પ્રસાદ-મધુ વર્ણન છે. (ઉપજાતિની લીટી છેલ્લે જતાં છલી જઇને વંશસ્થ બને છે, એ બંધ આ રચનામાં યથાર્થ ઔચિત્ય ધારણ કરે છે.) મેઘની નવજલ વર્ષા, આકાશનું દુંદુભિગાન, વીજળીની આરતી, ઇન્દ્રધનુનાં તોરણ, વનરાજિનો સ્વાંગ, મયુરનાં ગાનનૃત્ય અને બપૈયાનો આશાટહુકાર—એ બધાંને વર્ષાનો મહોત્સવ ઊજવતાં ઘટાવતાં કવિનાં વર્ણનછટા, કલ્પનામાધુર્ય અને શબ્દપ્રસાદ પ્રશસ્ય નથી લાગતાં?—બ.



> 'જીવનમાં વિશ્વની વિશાળતા ભરવી અને જીવનનાં દુઃખોથી કંટાળવું કે બીવું નહિ એ બે જ તમારા જીવનનાં સૂત્રો કરીને અહીંથી નીકળશો તો આજ સુધી લીધેલી તમારી કેળવણી સફળ થઇ એમ અમે વડીલો માનીશું.'
>
> (આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે ભાવનગરના શ્રીદક્ષિણામૂર્તિ વિનયમંદિરના સમારંભ સમયે વિદ્યાર્થીઓને આપેલાં આશીર્વચન)

## 'કુમાર'નું ધ્યેય

● વખતોવખત મિત્રપત્રકારો અને ગુજરાતના વિદ્વાનોએ 'કુમાર'નું અસ્તિત્વ સાર્થક છે કે નહિ તે બાબત પોતાના અભિપ્રાયો આપી અમને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યા કર્યાં છે; પરંતુ હમણાં મને વિલક્ષણ સવાલો પૂછવામાં આવે છે; તેમાં 'કુમાર'નું ધ્યેય શું છે એવો સીધો જ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. સાથેસાથે 'કુમાર'ની ભાષાનું અને વિષયો પસંદ કરવાનું ધોરણ સમજવાને પણ કેટલાક ઇંતેજાર છે. ઘણે ભાગે આવા પ્રશ્નો 'કુમાર'ના અંકો સાદ્યંત વાંચ્યા ન હોય તેમની તરફથી જ ઊભા થાય છે. તે બધાને નમ્રપણે ખુલાસો કરવો જોઇએ કે 'કુમાર' એમના માટે છે કે જેમને શાળાજીવનમાં તથા ગૃહજીવનમાં યોગ્ય વાચન અને માર્ગદર્શનની ઊણપ લાગતી હોય; જેમને આજકાલની વિવિધ વાચનસામગ્રીમાંથી શું વાંચવું અને શું ન વાંચવું તેની સૂઝ પડતી ન હોય; જીવન શું છે, કેવું છે અને ભાવિ જીવનની યોજનાઓ કયાં ધોરણો પર રચવી તેની પ્રેરણા આપનારા શિક્ષકો, વડીલો કે મિત્રોનો જેમને અભાવ હોય તેમના નાના સાથીદાર તરીકે 'કુમાર' જગતનાં વિવિધ દૃષ્ટિબિંદુઓ તેમની સામે ખડાં કરે છે, કઇકની નિષ્ફળતાઓ, સફળતાઓ અને સાહસોમાંથી તેમને પસંદગી કરવાનું સૂઝાડે છે. ટૂંકામાં, શાળા જે નથી આપી શકતી અને ગૃહના ઉંબરા બહારનાં જે મેળવવા યોગ્ય અનુભવ માહિતી અને સાહિત્ય જોઇએ તે આપવા 'કુમાર' મથી રહ્યું છે.

'કુમાર'ની ભાષા માટે પણ જુદાજુદા મત પ્રવર્તે છે. પણ ઘણાનો અનુભવ હશે કે ભાષા અને વયને કશો સંબંધ નથી. વાચનનો રસ જેને ચાખવો હોય છે તે તો સાચી વસ્તુ શોધવા ગમે તેવા વિકટ ગ્રંથમાં યે ઝંપલાવે છે. પરંતુ એટલું તો ખરૂં કે 'કુમાર'ની ભાષા ચાલુ લેખનપ્રણાલિથી ઉપર કે નીચે નથી જ રહેતી. જે ભાષા આપણે રોજના વ્યવહારમાં નાનાં મોટાં સૌની વચ્ચે વપરાતી સાંભળીએ છીએ તે જ ભાષાનું સર્વસામાન્ય રૂપ 'કુમાર' આલેખે છે શાળાનાં કૃત્રિમ ધોરણો સાથે તેને સંબંધ નથી. વાંચનારમાં સુરુચિ અને સત્કલ્પના સ્ફુરાવવાને ભાષાને જાણીજોઇને બદલવાની રીત અમને જરૂરી લાગતી નથી. વાચન શીખવનાર શિક્ષકના મતે તે રીત ભલે સ્વીકારવા જેવી ગણાતી હોય. આજકાલ બધા જાણે છે કે બાલસૃષ્ટિમાં પણ સમાજનાં નશો આપનારાં ચોપાનિયાં પ્રવેશ કરી ચૂકયાં છે. એ બધાંની વચ્ચે અમે 'કુમાર' રજુ કરીને સ્પષ્ટ ભેદ પાડી બતાવવા ઇંતેજાર છીએ.

'કુમાર' નથી શાળાનું અનુષંગી કે નથી ગૃહનું. એ બેનો કાર્યપ્રદેશ પૂરો થાય ત્યાંથી 'કુમાર'નું ક્ષેત્ર શરૂ થાય છે. વિશાળ જગતનો અને એ જગતના બહુરૂપી જીવનનો પરિચય, સમાજ-વ્યવહાર, અને સાહસ-કર્મનાં ક્ષેત્રોનો અભ્યાસ ભારતીય કુમારની દૃષ્ટિએ પડે અને તેમાંથી દરેક વાંચનારને કંઇક પ્રેરક અને સૂચક મળી રહે તેમાં જ અમારો સંતોષ છે.

ઘણાએ આડકતરી રીતે 'કુમાર'ના વાચનની સાથે તેના રૂપરંગ માટે કટાક્ષો કર્યા છે તે પણ અમારા ખ્યાલ બહાર નથી. એમને વિનયપૂર્વક જગતની સંસ્કૃતિનો વિકાસ તપાસવાની ભલામણ કરીશું. 'કુમાર'ના અંકોની વિવિધ સજાવટને 'નખરાંગાહ' કહેનારા વિદ્વાન મિત્રોને જગતના છેક પ્રાચીન કાળથી તે આજ સુધીના સાહિત્યમાં અતિ આદરપૂર્વક કળા-સમૃદ્ધિથી શણગારાએલાં હસ્તલિખિત તાલપત્રો અને લેખપત્રો અમારા પક્ષકાર તરીકે સાચો જવાબ આપશે. રસોડાની રસોઇ વખતે લાકડાં, છાણાં, કોલસા, મસાલા ને કડછીતાવેથાનો સંભુમેળો કરવો પડે છે, પણ માણસ જમતી વખતે સ્વચ્છ થાળીમાં સરસ રીતે જમવાની સામગ્રી ધરે છે તે કોઇ જાતનું પાપ ગણવું જોઇએ? કળાનું જીવનમાં અનિવાર્ય સ્થાન હોય તો જીવનનો પ્રબોધ કરનારાં સાહિત્યથી તેનો વિરોધ શી રીતે હોઇ શકે?'

આપણાં દુર્ભાગ્ય છે કે આપણી શાળાઓમાં અને [illegible]મ પુસ્તકોમાં સુશોભન અને રૂપસંસ્કરણ માટે લેશ પણ [illegible] કે ભાર મૂકવામાં આવતો નથી, અને બહિષ્કૃત થએલી ક[illegible] વર્ષો બાદ જ્યારે પોતાનું યોગ્ય સ્થાન લેવા સુસજ્જ થઇ આગળ આવે છે ત્યારે તેની જરૂરિયાતનો ઈનકાર થાય છે. કોણ જાણે આ પાપનાં ફળ કેટલી પેઢીઓ સુધી પહોંચશે? આજે આપણી બેકારીની પાછળ કદરૂપી ઉદ્યોગકૃતિઓ અને કારીગરની યોગ્ય પરીક્ષણશકિતનો અભાવ કયા શિક્ષણને આભારી છે? નાનુંસરખું જાપાન આજે જગતને પોતાના હસ્તકૌશલ્યની લીલશ્રી બતાવી રહ્યું છે તેમાં તેમનો આજન્મ કળાભ્યાસ મુખ્ય ભાગ પૂરે છે એ વાત કંઈ છાની નથી. યુરોપ અને અમેરિકાએ કલાત્મક શિક્ષણક્રમ ઉપર પૂરેપૂરો ઝોક રાખ્યો છે. આપણી યુનિવર્સિટીના કોવિદોને તેમની પાસેથી કળાની થોડી બારાક્ષરી મળે તો ય સદ્ભાગ્ય.

—ર. મ. ર.

# નૌકાશાસ્ત્રના શિક્ષણની માહિતી

***હિંદભરમાં જો કોઇ પ્રાન્તને ત્રણ બાજુએ અનુકૂળ અને બંદરી સગવડોવાળો સાગરકિનારો હોય તો તે ગુજરાત-કાઠિયાવાડને. કુદરતની એ મહેર છે કે એ આખી પશ્ચિમ કંઠાર પર અનેક બંદરોની નૈસર્ગિક ભૂમિકા છે. એક કાળે જ્યારે ગુજરાતનું સાગરજીવન સમૃદ્ધ હતું ત્યારે એ આખો કિનારો વેપાર અને વહાણવટાથી ધીકતો હતો, ભારતભરના વેપારનું ધબકતું હૃદય ગુજરાત હતું, સાગરનાં મોજાં સમૃદ્ધિની છોળો લાવીલાવીને ગુર્જરાતને કિનારે ઠાલવતાં હતાં અને ગુજરાતના વહાણવટીઓનાં શૌર્ય અને વેપારીઓનાં સાહસની સાતે સાગરની કથાઓ ઘેરા ગાને ગોરંભતાં. એ સ્થિતિ આજે પાછી આવે તો હિંદના વેપારમાં અગ્રણી બનેલું ગુજરાત તેના વહાણવટામાં પણ અવશ્ય મોવડીપદ પ્રાપ્ત કરે. એ આશા આવતી પ્રજા ઉપર છે. આ જ ઉદ્દેશથી ગુજરાતના સાગરજીવનની ગાથાઓ અમે 'કુમાર'ના વાચકો આગળ મૂકીએ છીએ.

મૅટ્રિક થયા પછીના માર્ગદર્શન માટે અમે અવારનવાર 'કુમાર'માં જે માહિતી પ્રકટ કરીએ છીએ તેમાં છેલ્લી 'સૅનીટરી ઇન્સ્પેક્ટર'ની માહિતી મોકલનાર ભાઇએ આ નીચેની હકીકત મોકલી આપી છે તે 'કુમાર' વાચકોને ઉપયોગી નીવડશે.

ગુજરાતના વહાણવટાનું વીસાતું ગૌરવ આજે તો માત્ર કચ્છદેશે સાચવી રાખ્યું છે. કેટલાંક વર્ષો થયાં હિંદી વેપારી વહાણવટા (Indian Mercantile Marine) માટે હિંદવાસીઓમાંથી યોગ્ય વિદ્યાર્થીઓ મેળવવાને તથા તેમને નૌકાશાસ્ત્રમાં કેળવવા માટે હિંદી સરકારે મુંબાઇમાં 'ડફરીન' સ્ટીમર પર નૌકાશાસ્ત્રમાં શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો છે. જોકે આપણા દેશના જુવાનોને હમણાં સુધી તેની ખબર પણ નહોતી. જ્યારે ગુજરાતના પહેલા પ્રતિનિધિ કચ્છી ભાઈ વિકમશી ત્યાં પોતાનો અભ્યાસ પૂરો કરીને બહાર આવ્યા ત્યારે જ એ વાતની જાહેર જાણ થઇ. તેને લગતી પૂરી સાચી માહિતી બહુ થોડાને હોવાથી તે અભ્યાસક્રમની આ આછી રેખા કોઇ સ્વપ્નદ્રષ્ટા સાહસિક ગુજરાતી યુવાનને માર્ગદર્શક નીવડશે તેવી આશા છે.

નૌકાશાસ્ત્રમાં બે શાખાઓ છે—Executive (કારોબારી) અને Engineering. (ઇજનેરી). એક્ઝિક્યુટિવમાં કૅપ્ટન અને તેના આસિસ્ટંટ ઑફિસરો—ઇજનેરો સિવાયના—નો સમાવેશ થાય છે, જ્યારે એન્જીનીઅરિંગમાં સ્ટીમરના સર્વ ઇજનેરોનો સમાવેશ થાય છે. પહેલાં 'ડફરીન' પર ફક્ત એક્ઝિક્યુટિવમાં જ વિદ્યાર્થીઓ લેતા; પરંતુ હવે ગઇ સાલથી એન્જીનીઅરિંગ પણ શીખવવામાં આવે છે. આ બંને અભ્યાસક્રમોની ફી અને સમય પણ સરખાં જ છે.

આ અભ્યાસક્રમ ફક્ત ત્રણ વર્ષ ચાલે છે અને તેમાં વિદ્યાર્થીને વર્ષમાં આઠ મહિના અભ્યાસ કરવાનો હોય છે. વહાણ ઉપરના વસવાટ દરમીઆનના દરેક મહિનાની ફી ૫૦ રૂપીઆ અને બીજા વધારાના ખર્ચના ૧૦ રૂપીઆ આપવા પડે છે. ઉપરાંત, દાખલ થનારને એક યુનીફૉર્મ લેવો પડે છે; તે યુનીફૉર્મનું અને ખાવાપીવાનું ખર્ચ વળી જુદું આવે છે. અભ્યાસક્રમ પૂરો કર્યા પછી એક્ઝિક્યુટિવમાં દરીએ જવાનું ખર્ચ ૭૦૦ થી ૧૦૦૦ રૂપીઆ સુધી થાય છે.

પહેલાં તો દરેક વિદ્યાર્થીની ગુણનિરીક્ષણ (Qualifying) પરીક્ષા લેવાય છે. આ પરીક્ષા સામાન્ય રીતે ઑક્ટોબરના છેલ્લા સપ્તાહમાં લેવાય છે. પરીક્ષામાં અંગ્રેજી, અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, ઇતિહાસ, ભૂગોળ અને સામાન્ય જ્ઞાન વગેરે વિષયો અંગ્રેજીમાં પૂછવામાં આવે છે. આ પરીક્ષા હિન્દનાં જુદાંજુદાં સ્થળોએ લેવામાં આવે છે. દાખલ થનાર વિદ્યાર્થીની ઉંમર ૧૩ વર્ષ ને ૮ માસ તથા ૧૬ વર્ષની વચ્ચે જ હોવી જોઇએ. વળી તે અંગ્રેજી ચોથા ધોરણ સુધી ભણેલો પણ હોવો જ જોઇએ. આ પરીક્ષામાં બેસવા ઇચ્છનાર દરેક ઉમેદવારે પરીક્ષાના ૧૦ રૂપિયા, અરજી તથા જરૂરી સર્ટિફિકેટો તારીખ પહેલી ઑક્ટોબર પહેલાં મોકલી આપવાં જોઇએ.

આ અભ્યાસક્રમના ઉમેદવારની ગુણનિરીક્ષણ પરીક્ષા ઉપરાંત દાકતરી તપાસ પણ થાય છે; અને તેમાંયે આંખની તપાસ ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. ચશ્માધારીને તો એક્ઝિક્યુટિવમાં દાખલ જ કરતા નથી.

'ડફરીન' પર દાખલ થવાની ઇચ્છા ધરાવનારે આ કોર્સ તથા તેના પ્રોસ્પેક્ટસ વિષે વધુ માહિતી મેળવા સારૂ મની ઑર્ડરથી ૧૨ આના નીચેના સરનામે મોકલવા. અરજીનાં ફૉર્મ તેના એ પ્રોસ્પેક્ટસની અંદર જ હોય છે, એટલે તે મંગાવવાની જરૂર અનિવાર્ય છે. પૈસા મોકલનારે પોતાનું નામ તથા સરનામું બ્લૉક અક્ષરોમાં (પહેલી એ બી.સી ડી.માં) મનીઑર્ડરના કૂપનમાં લખવાં. પૈસા નીચેના સરનામે મોકલવા:

To, The Captain, Superintendent, I. M. M. T. S.
"Dufferin"; Mazgaon Pier; Bombay-10.

**જગજીવન ખુશાલ મિસ્ત્રી**

## લેખકો તથા પ્રકાશક સંસ્થાઓને

૧૯૩૫ના વર્ષમાં પ્રકટ થએલા ગુજરાતી સાહિત્યની સમીક્ષાનું કામ ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી આ વખતે શ્રી નવલરામ જગન્નાથ ત્રિવેદીને સોંપવામાં આવ્યું છે. તો આથી પુસ્તકપ્રકાશન મંદિરો અને લેખકોને ખાસ વિનતિ છે કે તેઓએ પોતાનાં પુસ્તકો સમીક્ષા માટે ભાઈશ્રી નવલરામને, શેઠ લાલભાઈ ત્રીકમલાલની ચાલ, એલિસબ્રિજ, અમદાવાદ એ સરનામે મોકલી આપવાં. આપની આટલી મદદ માટે સાહિત્ય સભા આપની આભારી થશે. —મંત્રીઓ

# સ્મરણયાત્રા

## એ બીબાંનો ચોર

બાળક હોય કે માણસ, સ્વાદિષ્ટ પદાર્થોનો અથવા સુંદરતાનો એ જેટલો રસિયો હોય છે તેટલો જ યાંત્રિક ચમત્કૃતિ અથવા રચના-કૌશલ્યનો તે પૂજારી હોય છે. રવાઇની મદદથી માખણ કેમ નીકળે છે, ગાડીના પૈડા પર લોઢાનો પાટો કેમ બેસાડવામાં આવે છે, રેંટિયામાંથી સૂતર કેમ કઢાય છે, કપડું કેમ વણાય છે, લુહારની ધમણ કેમ ચાલે છે, સંચેડા ઉપરથી મઝાની વસ્તુઓ કેમ ઊતરે છે એ બધું જોવામાં દરેક બાળકને બલ્કે દરેક જીવતા માણસને અખૂટ રસ છૂટે છે.

મારા મોટાભાઇ પાસે રબ્બરનો એક સિક્કો હતો. એની ગોઠવણ એવી હતી કે દર વખતે દબાવતાં અક્ષરો અંદર વળી જાય, શાહીની ગાદી એના પર બેસી જાય અને ફરી દબાવે એટલે ગાદી એક કોરે ખસી તાજા ભીના અક્ષરો કાગળ પર પોતાની મુદ્રા આંકવા તૈયાર થાય. તે દિવસથી મને થએલું કે આપણા નામનો પણ એક સિક્કો હોય તો કેવું સારૂં? તે વખતે હું મરાઠી બીજી ભણતો હતો. એ જ વખતે મારા મોટાભાઇએ પૂનાના શિવાજી છાપખાનામાંથી कालेलकर એટલા અક્ષરોમાં છાપવાનાં બીબાં, એ છાપખાનામાં કામ કરતા એક બીબાંનવીસ (કૉમ્પોઝીટર) પાસેથી મેળવ્યા હતા. એને દોરી વતી બરાબર સજ્જડ બાંધી એ વડે દરેક ચોપડી પર તે એ નામ છાપતો. એ ઊંધા અક્ષરોથી સવળું નામ છપાતું જોઇ મને કેટલું યે આશ્ચર્ય થતું! તપાસ કરતાં જણાયું કે આવાં બીબાં બજારમાં મળતાં નથી, એટલે પિતાશ્રી પાસે કે આઇ પાસે હઠ લઇને મેળવવાનો રસ્તો તો ખુલ્લો હતો જ નહિ. એથી બીબાં મેળવવાની વાસના મનમાં ને મનમાં જ રહી ગઇ.

એ જ વરસે હું કારવાર ગયો. આ તો બીજી વાર હશે. નિશાળે જતાં રસ્તા ઉપર એક 'મોહમેડન પ્રિન્ટિંગ વર્ક્સ' આવતું. અમારી નિશાળનો એક છોકરો એમાં કામ કરતો. મને થયું કે આની પાસેથી બીબાં મેળવી શકાય. એક દિવસે બજારમાંથી કાંઇક ચીજ લઇને હું પાછો આવતો હતો. રસ્તામાં છાપખાનું જોયું. અંદર ગયો તે યંત્ર કેમ ચાલે છે તે જોવા માટે જ. પણ અંદર પેલો નિશાળિયો કામ કરતો જોવામાં આવ્યો. મેં એને કહ્યું, 'મારા નામના ટાઇપ મને આપજેને!' એણે મને પૂછ્યું, 'મને શું આપીશ?' મારી પાસે આપવા જેવું હતું જ શું? મેં એને કહ્યું, 'દોસ્ત તરીકે એમ ને એમ આપજે.' એણે ડાચકું મોઢું કરી કહ્યું, 'આપણે દોસ્ત તો ખરા, પણ ટાઇપ ન અપાય. છાપખાનામાં કામ કરતી વખતે અમારે સોગન લેવા પડે છે કે આમાંથી એકે ટાઇપ બહાર ન જાય.' મને એની સાથે દલીલ કરવાનું ન સૂઝયું, પણ મનમાં તો થયું કે એને હું પૈસો આપત તો આપવામાં એને વાંધો ન હતો, ત્યારે એના સોગન કયાં જાત?

મેં એના પર વેર વાળવાનું નક્કી કર્યું. એ જરાક આડોઅવળો થયો, એટલામાં એની આગળના ટાઈપ હળવેથી ઉપાડચા અને ત્યાંથી પસાર થઈ ગયો. મેં જોયું હતું કે ટાઈપ કાનડી છે ને એ મારા કામના નથી. પણ ચીડાએલો માણસ કયાં ઝાઝો વિચાર કરવા બેસે છે? અને હું તો ચીડાએલો બાળક હતો. રસ્તે હું વિચાર કરવા લાગ્યો કે પેલો લુચ્ચો એ ટાઇપ વગર હેરાન હેરાન થશે. મેં બે જ બીબાં લીધાં હતાં, પણ એટલાથી જ મને સંતોષ હતો. હજી થોડોક આગળ હું ગયો હોઇશ એટલામાં તો પાછળથી દોડતા આવી એણે મને પકડ્યો. હાથમાં ટાઇપ તો હતા જ. એણે કડકાઈથી કહ્યું, 'ચાલ હવે અમારા માલેક પાસે.' હું રોઈ પડચો. મેં કહ્યું, 'તારા ટાઇપ પાછા લે, પણ મને છોડ. દોસ્ત માટે તું આટલું પણ ન કરે?' એણે મને જવાબ સરખો યે ન આપ્યો અને મારૂં કાંડું પકડી માલેકની દુકાન પર મને લઇ ગયો. હું એ જ દુકાનેથી થોડા વખત પહેલાં ઘરમાં જોઇતી વસ્તુઓ ખરીદી લઇ આવ્યો હતો. એ વખતે હું શાહુકાર હતો; આ ક્ષણે એ જ દુકાને ચોર તરીકે જવાનું મારા નસીબમાં હતું.

અમલદારના છોકરાઓનું જીવન બેવડું હોય છે. પિતા જોડે જ્યારે એ ફરે ત્યારે બધે એને આદરપૂર્વક આવકાર મળે; બેસવાને ખુરશી મળે; 'કેમ છો' કરીને મોટામોટાઓ પણ એને સવાલ પૂછે. પણ જ્યારે એ નિશાળે જાય અથવા ગોઠિયા જોડે એકલા ફરે ત્યારે એ સામાન્ય માણસ થઇ જાય છે. મને પોતાને પિતાશ્રી સાથે ફરતાં મળતા આદરનો જરા યે સ્વાદ ન હતો. એમાં કૃત્રિમતા હતી અને ભારે બંધનની અંદર રહેવું પડતું. ફરવા જઇએ અને પટ્ટાવાળો સાથે હોય તો તે જરા યે ગમે નહિ. હા, જો પટ્ટાવાળો સાચી કે કૃત્રિમ રીતે બાળક થઇ મારી વાતો ધ્યાન દઇને સાંભળે તો તો એને ગોઠિયાની પેઠે વધાવી લઉં.

આ દુકાનદારને ત્યાં હું પ્રતિષ્ઠિત તરીકે ઘણીવાર ગએલો. મનગમતી છત્રી મળે નહિ ત્યાંસુધી કેટલી યે છત્રીઓ એની પાસેથી મેં ફેરવાવી હતી. અને આજે બે બીબાંનો ચોર થઇ એની આગળ મારે જવાનું હતું. હું રોતોરોતો જ દુકાનમાં ગયો;---ગયો શાનો? પેલો બીબાંનવીસ મને ખેંચતો લઇ ગયો. દુકાનમાં માલેક ન હતો. એનો ચૌદ પંદર વરસનો દીકરો ત્યાં ઊભો હતો. બીબાંનવીસે પોતાની ફરીઅત રજુ કરી. મને ઈન્કાર કરવાની યે બુદ્ધિ ન સૂઝી, કેમકે મને ચોરીની ટેવ તો હતી જ નહિ. આ મારી પહેલવહેલી ચોરી હતી. મેં રોતાંરોતાં કહ્યું, 'ફરી આવું નહિ કરૂં.' દુકાનદારના દીકરાને આ બધું સાંભળવાની પણ દરકાર ન હતી. એ એટલું જાણતો હતો કે આ અમલદારનો દીકરો છે, અને સવાલ તો બે બીબાંનો જ છે. એટલે બેપરવાઇના અવાજથી એણે કહ્યું, 'તમે આ બીબાં લઇ શકો છો. એમાં તે વળી શી મોટી વાત?' મેં બીબાં લેવાની ના પાડી. એણે ફરી કહ્યું, 'હું સાચે જ કહું છું કે તમે એ લઇ શકો છો.' મેં કહ્યું, 'મારે એ બીબાં જોઇતાં જ ન હતાં, એટલે એણે એ બીબાં હાથમાંથી લઇ રસ્તા પર ધૂળમાં પડતાં મૂક્યાં અને પોતાને કામે વળગ્યો. જતાંજતાં એણે પેલા બીબાંનવીસ તરફ નામરજીની નજરે જોયું. છૂટયાનો આનંદ માની હું ઘેર ગયો. બનેલી વાત કોઇને કહી તો નહિ જ, પણ ઘરમાંથી કોઇપણ મને એ દુકાનમાંથી ચીજ લાવવા મોકલે તો ગમે તે બહાનું કાઢી હું ટાળતો. જ્યારે પેલો બીબાંનવીસ થોડા જ દિવસમાં શાળા છોડીને ગયો ત્યારે મને હાશ જેવું થયું. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસની હરીફાઇમાં આવેલા ફોટોગ્રાફો વિવિધ વિષયોવાળા છે. ગરીબ હિંદમાં જે હુન્નરો મનુષ્યો હાથઉદ્યોગથી પેટપૂર કમાણી કરી જીવન ગુજારે છે તેમાંનો એક ફાટેલા જોડા સીવનાર મોચી, આવી જાય છે. શહેરના રસ્તાઓ કે ગામડાની શેરીઓને ખૂણે અથવા ઝાડના છાંયામાં થડ પાસે થેલીમાં સમાય તેટલાં હાથઓજારો અને સરંજામ સાથે પડાવ નાખેલો આપણે ઘણીવાર જોઇએ છીએ. ફાટેલા જોડા અને તૂટેલી ચંપલોનું દવાખાનું માંડી બેઠેલા આવા એક દાક્તરનું હૂબહૂ ચિત્ર રજુ કરનાર ભાઇ ત્ર્યંબક પટેલ (વાંકાનેર) ને તેમના ફોટો-ચિત્ર 'શ્રમભર જીવન' માટે આ મહિને પહેલું ઇનામ મળે છે. જેવી મળી એવી કારકીર્દિ સ્વીકારી લઇ આ ઊગતી ઉમરનો રંક કુમાર પોતાનું કામ તન્મયતાથી કરી રહ્યો છે એ દશ્ય ઘડીભર તેનાં સ્વાશ્રય અને જીવનમાંની શ્રદ્ધા વડે આપણને વિચારમુગ્ધ કરી દે છે ચિત્રમાં તેના સંબંધવાળી બેત્રણ ચીજો છૂટી છવાઇ રહેવાથી સંગઠન મોળું પડયું છે.

આંખ એ કુદરતી કૅમેરા છે. કૅમેરા કૃત્રિમ, યાંત્રિક આંખ છે. નજર સામેનું દશ્ય આંખ વડે નીરખાઇ બુદ્ધિથી સમન્વય છે; કૅમેરાની આંખ (લેન્સ) વડે ચિત્ર ઝડપાઈ, રસાયણોની મદદથી કાયમી બને છે. તેમ છતાં એ બંને સાધનોની જોવાજોવાની રીતમાં મુદ્દાનો તફાવત છે. દષ્ટિ સમીપ મોટું અને સુંદર દશ્ય હોય તો પણ, આંખ ઇચ્છિત વસ્તુ જ નિહાળે છે, જ્યારે કૅમેરા પોતાની સમક્ષના દશ્યમાંથી શક્તિ પ્રમાણે જ ચિત્રભાગ ઝડપે છે. એકમાં વિવેકબુદ્ધિ છે, બીજામાં ગ્રહણ કરવાની મર્યાદા છે. કૅમેરાની આંખમાં કુદરતી આંખની વિવેકબુદ્ધિ નથી. લેન્સ તેની મર્યાદામાં આવતાં દશ્યો ભેદભાવ વગર બધાં જ ઝડપે છે. આ મહત્ત્વના ભેદને લીધે, આંખે જોઇ ન હોય તેવી વસ્તુઓ પણ જો લેન્સની દષ્ટિ સમીપ આવતી હોય તો તે જરૂર કૅમેરામાં પકડાય છે. બીજું ઇનામ જીતનાર કુ. દોલત કૉન્ટ્રાકટર, (મુંબાઇ) નું ફોટો-ચિત્ર વહેલી સવાર (પરોઢિયું) જુઓ. દૂરદૂર ક્ષિતિજ ઉપર ઊગતા સૂર્યના પ્રકાશમાં ઊભેલી સ્ટીમરની રમણીયતાથી અંજાઇ એ બહેને કૅમેરાની ચાંપ દાબી હોય અથવા તો, પગ પાસે, પવનથી હાલતા પાણી ઉપર ચાલતી સૂર્યકિરણોની રમતથી આકર્ષાઈ એમણે એક્સ્પોઝર લીધું હોય; પરંતુ એક વસ્તુની લીનતામાં બીજી વસ્તુ અજાણતાં અપાઇ ગઇ છે. આમ એમના એક ચિત્રમાં

(અનુસંધાન છેલ્લા પાનાની સામે પૂઠા ઉપર)

## આ અમે નથી કહેતા—

આ વાર્તાઓમાં એના લેખક ભાઈ 'સુકાની'એ વહાણવટીઓની જ ભાષા વાપરી છે. પણ એ માત્ર ભાંડે લીધેલી;કે ખારવી બોલી પરનો કાબૂ બતાવવાની લખાવટ નથી. 'સુકાની' આપણી યુનિવર્સિટીના એક રત્ન છે. જીવનમાં એમનો વ્યવસાય એક નૌકાખાતા જોડે સંકળાયો છે. વહાણવટીઓનાં જીવનને એ ઘોળીને પી ગયા છે. ¶ આ દરિયાઇ કથાઓ આલેખવામાં 'સુકાની'નો હેતુ શો છે? 'સાગરના સાવજ' સમા આપણા પુરાતન ચાંચિયાઓની ગર્વોઈભરી. મૃત્યુની બરદાસ્ત કરનારી જીવનલીલા જેવી હતી તેવી બતાવી, જે એક જોરાવર ભાવની આપણા પ્રજાજીવનમાંથી વિસ્મૃતિ થઇ છે, તેની ફરી પ્રેરણા પાવાનો. 'ધુડાકિયો બાણુ' એના વાસ્તવિક વાતાવરણની જમાવટને જોરે આપણને દરિયાઇ જગતમાં ખેંચી જાય છે. 'સુકાની'ને લખતા કરનાર અને રાખનાર 'કુમાર' આપણા અભિનંદનનું અધિકારી છે (જન્મભૂમિ)

ફતેહમારનું સુકાન જખ્માએલું હોવાથી દુકડાના કોટિયાથી દૂર જવામાં સુફ્ફરેન લાચાર હતો, એટલે ગોલંદાજી બંધ કરાવી ડંકી અને કલગી પાસેનાં માણસો સિવાયના દરેકેદરેક ખલાસીના હાથમાં એણે બરછી, કિરચ, જમૈયા વગેરે લેવડાવ્યાં. અફસરો નાગી કિરચ અને કમરબંધમાં ટોપિયારી પિસ્તોલો લટકાવી માણસોને પડકારવા લાગ્યા, અને એનાં માણસો, ઘૂરીએ ચડેલા જખ્મી હાથી પેઠે નાચતા આવતા કોટિયાના ઉજ્જડ જેવા તુતક તરફ જોઇ રહ્યા. જોતજોતાંમાં તો કોટિયાએ પોતાનો મોરો ફતેહમારના ફણા સાથે ધડાકાભેર ભટકાવ્યો! એના તીર ઘોર ને ટાંગરો ફતેહમારની આલાદ સોંસરવાં અટવાઇ ગયાં;—મગરી ફાંસવાળી જનારીઓથી બે ય જહાજ સિકડાઇ ગયાં. 'જે અમ્બે! જે અમ્બે!' અને 'જીયે રા'નો પોકાર કરતા નાખવાઓ બે ય હાથમાં રોહાની તીખી તલવારો વીંઝતા ફતેહમારના તુતક ઉપર ઠેકી આવ્યા અને પહેલા જ ધસારામાં માતાજીનું ખપ્પર ઊભરાવી દીધું.

કોંસોલાતના સાંકડિયા સથા ઉપર મોતના દાવ ખેલતા સાવજો બેહોશ થઇને લડવા લાગ્યા. અસંખ્ય ફિરાંસિયા અને ઇસ્લામાબાદીઓની સામે મુઠ્ઠીભર નાંખવાઓ એકલા બળથી ફાવે તેમ તો ન હતું, છતાં અનેક જંગના ભોંયા એ સાયર બચ્ચાઓને દુશ્મનને જેર કરવાની અનેક તરકીબો આવડતી હતી. છ ચુનંદા નાખવાઓને લઈ કાનજી માલમ ભંડકમાં કૂદી પડ્યો અને ફાલકામાંની ડૂબ ઘટાડવા ડંકી ચલાવતા બિનહથિયાર ફિરાંસિયાઓને જબ્બેહ કરી એણે જિન્નાર નીચેના દાટાઓ (Sea-cocks) ખોલી નાખ્યા. ફતેહમારના ફાલકાઓમાં ધોધમાર પાણી ઉભરાવા લાગ્યાં. આટલું કરી કાનજી અને એના સાથીઓ ખાંડાં ઘુમાવતા અને મારગ વધેરતા વાંઢારિયા ભંડક તરફ ધસ્યા. ધબુસા નીચેના બારૂદખાનાની કવચ જડેલી દીવાલો પર એમના રાક્ષસી બાવડાંઓ કોશના ઘા કરવા માંડ્યાં, અને એ અવાજ સથા પરની ભૂતાવળના ચિત્કારમાં કોઈએ ન સાંભળ્યો.

તુતક ઉપર ઘમસાણ દર પળે ખોફનાક થવા માંડ્યું હતું. હવે કુશળ સરદારોના હુકમ નીચે ચલાવવાના કવાયતી જંગનો સમય ન હતો; હવે તો હતો મરદ મરદનો સામનો. દરિયાના પાતાલપેટે વસેલાં ગીચ જંગલોની આંટીઘૂંટીમાં લડતા મચ્છરાજો પેઠે, દરેક ઘાએ લોહીના ફુવારા ઉડાવતા, ઢળી પડેલા સાથીઓના બદન પર ઠેક દેતા, ખાંડાં ફરસી કિરચ અને પિસ્તોલોના કુંદા વટીકથી દુશ્મન ઉપર ઝંઝાવાત પેઠે ધસતા, વેતાલ જેવા જોધાએ ચિત્કાર કરતા, બેભાન જેવા ઝઝૂમતા હતા. એ બધાંની વચ્ચે સો હાથીના બળથી એકલો મકનો પિનાકપાણિનાં પ્રલય તાંડવ કરતો ઘૂમતો હતો.

કલમી: છતેડી (ખુલ્લા તુતક) ઉપરનો બીજો ખૂંટો; Mizzen Mast

મોરો: વહાણનો આગલો ભાગ

ફણો: વહાણના સૌથી આગળના તુતક (Forecastle Deck) થી જરા નીચેનું બીજું તુતક–Spar Deck.

ઘોર: વહાણના આગલા મોરા પાસેનું સઢ બાંધવાનું લાકડું–Bow-Sprit

તીર: ઘોરથી આગળ જતું સઢ બાંધવાનું લાકડું–Jib-boom

ટાંગરો: ઘોરને મોરા આગળ બાંધવાનો આડો ઘોડો

આલાદ: રસ્સા વગેરે માટે એક શબ્દ: Riggings

સથો: તુતક

ફિરાંસિયા: ફ્રેન્ચ લોકો

ભોંયા: ભોમિયા, અનુભવી

જિન્નાર: પાણીના ઉપર રહેતો વહાણનો ભાગ; Water-line

વાંઢારિયો ભંડક: પાછલો ભંડક

ધબુસો: પાછલા ભંડકની પણ પાછળના ભાગમાં બીજો નાનો ભંડાર

બારૂદખાનું: દારૂખાનું; જ્યાં દારૂગોળો રહે તે જગ્યા.

વટીક: સુક્કાં

# ધુડાકિયો બાણ



મકનાના બે બખ્તાવર હાથોમાં વીંઝાતી રોહાની બે વાંકડિયા તરવારો, દોદ દોદ વામને છેટે માથાં વધેરતી જતી હતી, પણ એની આંખો તો ફતેહમારના જવાંમર્દ નાખવા સુફ્ફ્રેનને શોધતી હતી. સુફ્ફ્રેનને પણ 'આશાપુરા'ના જંગમશહૂર નાખવા સાથે હાથોહાથ મુકાબલો કરવાની હોંશ હતી. * અલોંપ્રાના બંદરમાંથી ખરાજાત વહાણવટું લૂટી ઍડમિરલ ફૂલાંમાંદની પચાસ પચાસ તોપોના ભડકા વચ્ચેથી અણીશુદ્ધ છટકી જનાર એ પશ્ચિમ પાણીના સાયરવીરને ઓળખ્યા પછી, પોતીકે હાથે એક વાર એની સાથે તલવારબાજી ખેલી લેવાનું એને અરમાન રહી ગયું હતું. ડૂબું ડૂબું થતી ફતેહમારનું સુકાન એક ભરોસાપાત્ર સાથીને હવાલે કરી, નાગી કિરચે એ સથા ઉપર કૂદી પડ્યો, અને વચમાં ઉભરાતી ભૂતાવળને હડસેલતો, ચીરતો મકના તરફ ધામેધામે વધવા લાગ્યો.

ભૂતકાળનાં કાળાં ધાડાં જંગલ જેવી એ ગીચ મેદનીમાં દોસ્ત કે દુશ્મન ઓળખાવો મુશ્કિલ હતો. ઘાયલ થઇને દગતા આકારો જીવતા-ઓની ઓથે અધટદાર આમથી તેમ અફળાતા હતા, અને જીવતાઓની અડફેટે તૂટેલી આલાદમાં સલવાઇ જઇ વહાણને હિંદોલે આમથી તેમ ઝૂલતા હતા. કોઇ દયાળુ દુશ્મન વળી હાથ આવે તેને રાંગ બહાર હોમી દેતો'તો તો કોઇ જાણે એના ઊના લોહીનો તરસ્યો હોય તેમ એ બદન-માં પોતાની લોહિયાળ કિરચો નવરાવતો જતો'તો.

મકનાની નજરે જરી ભરેલા ખભાઓનો ચળકાટ પડ્યો. છલંગ મારતો એ આગળ વધ્યો. બીજી જ પળે સુફ્ફ્રેન અને મકનો સામ-સામે ખડા થઈ ગયા.

'રંગ છે તોજી જણનારીને નાંખવા—' મકનાએ ખાંડું ઢાળીને કહ્યું: 'જુસાં એડા મુડધાં જેડા ઇસ્લામાબાદિયુંની ઓથે તું પણ રંગ રાખ્યો. ભેંસા ધુસમન ખપે ત તું જેડા ખપે, પણ તોજી ફત્તામાર હણે ઘડી પરની મેમાન છે; અન્યાં પણ માની જન ત મારે તુસાં ભાણાં નથી ફોડવાં.'

સુફ્ફ્રેનને શબ્દો ન સમજાયા; પણ વીરની વાણીની વીરને જરૂર નથી હોતી. મકનાનો ભાવાર્થ એથી અદાથી જ, સુફ્ફ્રેન સ્પષ્ટ સમજ્યો. લાલચોળ એના ચહેરા ઉપર જરીક સ્મિત ફરક્યું. જવાબમાં એણે પોતાની કિરચ ઊંચે ટટ્ટાર ખડી કરી, સહેજ અદાથી એણે ખભા નમાવ્યા અને બીજી જ ક્ષણે બે સામટી વીજળી ચમકે તેમ કિરચ ને ખાંડાં, ઓસરતા સૂરજે ઝળક્યાં કે ખણખણાટી કરતાં ભટકાયાં. ગીરના સાવજ જેવા આ બે નરસિંહનું ભયાનક દ્વન્દ્વ શરૂ થયું. એ દ્વન્દ્વ જોવાને જાણે જલથલ

* અલોંપ્રા: પોંડીચેરી પાસેનું ફ્રેન્ચ સંસ્થાન. આ બનાવની ઝાંખી નોંધ ઍડમિરલ રિચમંડે લીધી છે અને એના આધાર તરીકે 'લા મારીન મિલિટેયર દ લા ફ્રાંસ સૂ લૂઇ ૧૬' અને 'લા વી મારશિયાલ દ બેઈલી દ સુફ્ફ્રેન' માંનાં કેટલાંક બખર એણે શોધ્યાં છે.

જુસાં: ઉદ્ગાર છે
ભેંસાં: ,,
તોજી: તારી
એડા: આવા
જેડા: જેવા
ધુસમન: દુશ્મન
ત: તો
હાણે: હવે
અન્યાં પર: હજી પણ
તુસાં: તારી સાથે



બીજી જ પળે સુફ્ફરેન અને મકનો સામસામા થઇ ગયા . . . અને એ બે નરસિંહનું ભયાનક દ્વન્દ્વ શરૂ થયું

પણ થંભી ગયાં. સૂરજ મહારાજ ક્ષિતિજ ઉપર સ્તબ્ધ બની જોવા લાગ્યા. ફતેહમાર પણ જાણે પોતાના ભાંગેલા બદનની વેદના ભૂલી ગઇ. આસપાસ ધસતા ફિરંસિયાઓ ઇસ્લામાબાદીઓ ને નાખવાઓ એ બેને મોકળાણ આપવા ખસી ગયા. તલવારબાજીમાં આખી ફ્રેન્ચ આરમારીમાં મશહૂર * કાપિતેન સુફ્ફરેનની અમીરી કિરચને આજે લાયક હરીફ સાંપડ્યો હતો. પળભરમાં તો બેયના શરીર ઉપર લોહીઆળ ટશરો ફૂટી રહી. એ બેના જંગથી બીજાઓને શૂર ચડ્યું; અને ઘડીભર ખારવાઓ મ્હાત થતા લાગ્યા. 'બ્રેરા'ના પોકારને ડારતો 'વિવ લા ફ્રાંસ'નો જયઘોષ આકાશ વીંધતો ગાજી રહ્યો. . . . . . .

**પ**ણ નીચે કાનજી માલમ હતો એ વાતની કોઇને ખબર ન હતી. સુકાની અફસરના પગ નીચે કાબો ધણધણવા માંડ્યો; ફતેહમારનું બદન શીતથી જાણે થરથરવા માંડ્યું; કલમી ડોલ, વંટોળિયાએ ઘેરેલા પ્રચંડ વૃક્ષ પેઠે કડાકા કરતો ડોલવા લાગ્યો; અને આંખના પલકારામાં તો કોંસોલાંતની માથેતરી વાંઢાર હજારો ટુકડા થઇ આભમાં ઊડી ગઇ! કાનજી માલમે હજુ તો એક જ પીપ બારૂદ ચાંપી હતી; એટલામાં તો એણે ફતેહમારના માથા ઉપર ઊડતી વિજયમાળ બળાત્કારે ખૂંચવી લીધી.

મકનો આભો બનીને આકાશમાં ઊડતી ભંગાર અને મડદાંઓને જોઇ રહ્યો. એનાં બેય ખાંડાં હવામાં અદ્ધર તોળાઇ ગયાં. બીજી પળે, નજર નીચે કરતાં, એણે સુફ્ફરેનને એક જંગી ભારવટિયા નીચે લૂગડું થઇને પડેલો દીઠો!

હવે ફિરંસિયાઓની હિંમત તૂટી ગઇ. કેટલાક જીવ બચાવવા દરિયા-માં કૂદી પડ્યા; કેટલાક હથિયાર ફેંકી આમથી તેમ બેબાકળા દોડવા

* આ નામચીન નાખવા કાપિતેન સુફ્ફરેનનો ઇતિહાસ ચાર પુસ્તકોમાં પ્રકટ થયો છે જેની નોંધ ઍડમિરલ રિચમંડે લીધી છે: (૧) 'લા વી મારશિયાલ દ બેયલી દ સુફ્ફરેન' (૨) 'એ સાઇ હિસ્તોરિક સુર લે બેયલી દ સુફ્ફરેન (૩) 'લે બેયલી દ સુફ્ફરેન દાં લ્રૂ' એન્દ-૧૮૬૨ (૪) 'જૂર્નાલ દ બોર્ડ દુ બેયલી દ સુફ્ફરેન દાં લ એન્દ—૧૮૮૮

કલમી ડોલ: Mizzen Mast

માથેતરી વાંઢાર: પાછલા ભાગનું મથાળુ



ઓલીગિયાં માંજીને જોઈ મકનાના ડોળા ફાટી ગયા

લાગ્યા; કેટલાક ઊભા હતા ત્યાં જ બીકથી ફગળાઇ પડ્યા; અને આ ગભરાટનો લાભ લઇ, ખારવાઓ ધાનનાં ડૂંડાં પેઠે માથાંઓ લણવા માંડ્યા.

સુક્કરેન ઉપર પડેલા ભારવટિયાને, જખ્મી છતાં, રાક્ષસી ખભાના બળે મકનો હઠાવવા લાગ્યો. કાળાંગેશ ગોવાળો કાનજી એને પડખે દોડી પહોંચ્યો.

'મામલો હણે ખલાસ છે નાંખવા;—ભારૂદમાં લગી જામગરી ચેતાવી છે;—અધઘડીમાં ત ફત્તાગારનો ચૂરો થઇ જાસે; આશાપુરાના ઘોરા કાપો હણે છુટા થઇ જાઇગે.' કાનજી ઉતાવળે ઉતાવળે બોલવા માંડ્યો.

'ખામોશ ભચા; તું રંગ રાખ્યો; પણ હી જવાનને હું એમ જ મગરાના પેટમાં નહિ જવા ડઉં.--મકનાનો મથો જાય પણ હીં ન ચુવાય કે મકનાએ એડા ધુસમનને રઝળતો ફિગાઈ ડિનો.'

અને એ પળે જ લા કોંસોલાંતના ત્રણેક વામ જેવડા ઠૂંઠા બનેલા ડોલ ઉપર સફેદ વાવટો ઊડવા લાગ્યો. તોખ્મી ફ્રેન્ચ અમલદારોમાંથી બચેલા એક પૂરા અફસર જવાનને જેર કરી ફતેહમારના પરદેશી ખલાસીઓએ એ વાવટો ચડાવી દીધો, 'જીયેરા 'જીયેરા'ના ઘોષથી આભ ફાટવા માંડ્યું. આ નિમકહરામ ગોલાઓને ખાંડાની ધારે હડસેલતા ખારવાઓ આશાપુરાના તુતક ઉપર કૂદવા મંડ્યા. થોડાક અનુભવીઓ કોંસોલાંતની કોટડીઓનો માલદાર સરસામાન ઉઠાવવા રોકાયા. મકનો સુક્કરેનના બદનને ખાંધે નાંખી કાંટિયા ઉપર આવ્યો. કાનજી ફરી ખારવાઓ સાથે કોંસોલાંતનાં દફતર અને તીજોરીની શોધમાં ધૂંધવતા ભંડકમાં ઠેકી પડ્યો.

ભારૂદ: બારૂદ, દારૂ.
લમી: લાંબી
ભચા: બચ્ચા
હી: આ
હીં ન ચુવાય: એવું ન કહેવાય
એડા ધુસમનને: આવા દુશ્મનને
ફિગાઇ ડીનો: ફગાવી દીધો. રઝળતો મેલ્યો.
તોખ્મી: અસલ બુંદના

ધ્રા : બીક

વિસાઇ ગયા : બુઝાઇ ગયા

જબુત્રાબૂડ : જબુત્રો=કંઠાસાંપણની પણ ઉપર લાકડું-Rail. (જુઓ આ લેખના છેવટના ભાગમાં આપેલું વહાણના વિવિધ ભાગ દર્શાવતું ચિત્ર) જડાતું જબુત્રાબૂ=એ Rail સુધી ડૂબી રહેલું વહાણ.

લખ લ્યાનત : લાખ્ખો ફિટકાર

છતેડી: કલમી;ભંડારનો ઉપરનો માળ; અગાશી; Open Deck–ખુલ્લું તુતક

બંદુલ : વહાણમાં ફૂટતાં પાણીને એકઠું થવા માટે વહાણના છેક તળિયાના ભાગમાં રાખેલી નીચાણવાળી વચલી જગ્યા;કૂંડી;Pump-well. એમાં ભરાતું પાણી તે ઘાગટ=વહાણનો પરસેવો.

વીણો : સુકાનનો હાથો, Tiller (જુઓ વહાણના ભાગ દર્શાવતું ચિત્ર)



ચીનાઈ વહાણ 'જંક'

**મા**મલો ઘડીપળનો હતો; જામગરી સળગતી સળગતી બારૂદખાનાનો ઉંબર કુદાવી ગઇ હતી, પણ કાનજીના દિલમાં ધ્રા જેવી ચીજ જ નો'તી. પળના પણ પા ભાગે એ ઝગમગતી જામગરી ઉપર કૂદી પડ્યો. ખૂંદાતા અંગારા એની પાટલીઓ સડસડતા વિસાઇ ગયા, અને જબુત્રાબૂડ ફતેહમાર જાણે પોતાના ગામડાનું ચોટું હોય એટલી બેપરવાહીથી કાનજી અને એના સાથીઓ એક પછી એક ખૂણેખૂણા માથે કરવા મંડ્યા. છેવટે મોટા ખુવાની પાળી ઉપર એણે લોખંડી મજૂસ જોઇ,— અને એને અચંબામાં નાખતો એક કાળો આકાર એ મજૂસ પૂંઠે ટૂંટિયાં વાળી લપાએલો એણે જોયો.

કાનજીને જોઇ એ આકાર સહેજ સળવળ્યો. એક નાનું તીણું ધારાળી ખંજર કાનજીના કાનને છરકો દેતું ઉપર ભારવટિયામાં પેસી ગયું! ત્રાડ મારી કાનજી એ ખૂની ઉપર પડ્યો અને એને બહાર ખેંચી કાઢતાં એનાથી બૂમ પડાઈ ગઇ: 'લખ લ્યાનત ભેંસા! હી ત ઓલિમિયાં માંજી!'

મકનાએ સુફ્રૈનને છતેડી ઉપર સુવાડ્યો, એના નિર્જીવ બદન પર એના માદરવતન ફ્રાન્સનો જળહળતો તિરંગી ઝંડો માતાના હેતથી એણે ઓઢાડ્યો, ને પછી એક ભીષણ કુહાડી લઇ ઘોરા ઉપર જઇને ઊભો રહ્યો.

કેદીઓને ભંડકમાં પૂર્યા પછી ખારવાઓએ ફતેહમાર ઉપરથી બારૂદ, તમંચા, નવી નવી કિસમની નાનકડી તોપો, પિસ્તોલો, કિરચો વગેરે લાવી લાવી આશાપુરા ઉપર ઢગલો કરવા માંડ્યો. ફતેહમારનાં તુતક હવે પાણી લેવા લાગ્યાં હતાં; એના ઉપરના મુડદાંઓ અવશ તરવા લાગ્યાં હતાં; એટલે મકનો કાનજી માટે ચિંતા કરવા લાગ્યો હતો. ત્યાં તો ચાર કદ્દાવર નાંખવાઓ ખભે લોખંડી મજૂસ લઇ આવ્યા. એની પછવાડે કાળકા માતાના ભેરવમંડળ પેઠે ભયંકર નાચ કરતા ખારવાઓનું ટોળું આવ્યું. એ દેખાવ જોઇને ઘડીભર મકનો પણ હસવા મંડ્યો. ટોળા વચ્ચે કાનજી પણ અરઘોપરઘો નાચતો હતો અને એની બાથમાં એક ઓળખીતો આકાર દેખાતો હતો.

મકનાએ સોણું જોતો હોય તેમ આંખ ચોળીને ઉઘાડી. કાનજીની બાથમાં એણે કોને જોયો? એણે ફરી આંખ ચોળી. નહિ, આ સોણું નથી. બીજી જ પળે એના પગ પાસે લોચો વાળી પડેલા ઓલમિયાં માંજીને જોઇ મકનાના ડોળા ફાટી ગયા!

'આમી તોમાર ગોરૂ–આમી તોમાર છેલે–આમાકો કિછુ ઓપરાધ નાઇ . . . (હું તારી ગાય, હું તારો છૈયો–મારો કંઇ અપરાધ નથી.)

'ખણ્ચોસ ભેંસા હી ગોરૂ કે; ભંધુલ વટાં મુશ્કેતાટ ભંધ્ચોસ. ઇનજો ઇન્સાફ આઉ પીંઢે કરીં ઘોસ. (ઉચકો આ ગાયને; બંદૂલ પાસે એને મુશ્કેતાટ બાંધો. એનો ઇન્સાફ હું પોતે કરીશ.)'

કુહાડીના ઘાએ કોટિયાનો ઘોરો અને તીર તૂટી પડ્યાં. ડૂબતી ફતેહમાર સાથે ઝોંક લઇ પડેલો કોટિયો ટટ્ટાર થયો. કાનજીએ વીણો હડસેલી કોટિયાને દૂર કર્યો. આશાપુરાના ઘોરાને બળે ટીંગાઇ રહેલા

ફતેહમાર ઉપર દરિયા જોરથી ધસી ગયો; એના ગાબડે ગાબડે ભયંકર બડબડિયાં બોલવા માંડયા અને ડૂબતા ભાણનાં છેલ્લા દર્શન કરી લેવાને હોય તેમ જરા કોર સંકોરી લા કોંસોલાંતે અતલ આરામગાહનો રસ્તો લીધો.

કોટિયાની સ્થિતિ પણ જોખમકારક હતી, એટલે મકનાએ પાસેની એક સાંકડી નાળ તરફ તેને હંકાર્યો, અને બેહાલ બનેલા છતાં વિજયનાં ડંકાનિશાન સાથે પાછા ફરતા મરણિયા રજપૂત પેઠે ખોડંગતો ખોડંગતો એ છીછરાં પાણી શોધતો ધીમેધીમે સરવા માંડયો; કાનજીએ ફૂલગુલાબીના પીપાં તોડયાં, કાચા ચણાના બરતા તોડયા, ગોળનાં માટલાં કાઢયાં—અને ખારવાઓ ધરાઇધરાઇને ખાવાપીવા માંડયા.

કયારની ઢુકડાતી પર્વતમાળાને સર કરી ખાઇઓ વચ્ચે વ્હેતી ઊંડી, સાંકડી નાળોમાં બેએક ઘડી ચાલ્યા પછી પઠાણે જવાબ દીધો, આશાપુરાએ એકાદ બે આંચકા ખાધા અને વામભૂડ કીચડવાળા ચર ઉપર મકનાએ લંગર નાંખ્યાં.

સવારનો શાળો વાવડો વાતો હતો. બાલસૂર્યનાં કિરણોમા ભાંગીતૂટી આશાપુરા પણ મકનાની અને એના ખારવાઓની નજરમાં રૂપરૂપના અંબાર જેવી લાગતી હતી. બધાએ ઓચ્છવના વાઘા પહેર્યા હતા. એ વાઘા ભેગા જ લોહિયાળ પાટાઓથી બધાંનો વેષ કાબરચિત્રો લાગતો હતો. કોટિયો છીછરાં પાણીમાં ખાંગો પડયો હતો; એને પડખે ત્રણ નાની કિસ્તીઓ, એટલાં પાણીમાં યે રમતિયાળ ટાબરિયાં પેઠે નાચતી પડી હતી.

ખારવાઓએ ભંડક ખોલ્યાં અને એમાંથી એક પછી એક લાસો કાઢી સથા ઉપર સુવાડવા માંડી. મૃત્યુને પેલે પાર દુશ્મની નથી. દોસ્ત અને દુશ્મન એકબીજાને પડખે આરામ લેતા તુતક ઉપર પડયા હતા. દરેકના પગમાં લોખંડી ભાર બંધાયા અને કિસ્તીઓ લદાવા માંડી. બે કિસ્તીઓ લદાઇને ઊંડા તાગ તરફ હંકારાઇ ગઈ.

ત્રીજી કિસ્તીમાં મકનો ઊતર્યો. વચ્ચે પાટ મૂકવામાં આવી. એના ઉપર ચીકણી ચોપડાઇ. કંતાનમાં સીવેલું કાપિતેંન સુફ્ફરેનનું બદન પાટ ઉપર મૂકાયું. પોતાના હાથે એ કંતાન ઉપર મકનાએ ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ઓઢાડયો, અને કિસ્તી પંથે પડી.

આશાપુરાના ભાંગેલા ખુવે સૂરજચંદરનો ઝંડો સરકતોસરકતો અરધી કાઠીએ આવ્યો, એની નીચે, દાના દુશ્મનના માનમાં, ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ફરફરવા માંડયો. મકનાની કિસ્તી ઊંડા તાગે પહોંચી, અને આવા ખડતલ નાખવાને આવડે એવી રીતે વિશ્વકર્તાને યાદ કરી મકનાએ પાટ નમાવી. પાણીમાં જરાક પણ ધબાકો કર્યા વગર કાપિતેંન સુફ્ફરેને પોતાની છેલ્લી સફર શરૂ કરી. આશાપુરા ઉપરથી ફૌજી સલામ દેતી તોપોએ એક પછી એક સાત વાર બાર કર્યા. મકનાએ પાણીમાં હાથ મોં ધોયાં, કોગળા કર્યા, માતા આશાપુરા અને ધરિયાલાલને ચારે દિશે હાથ જોડયા અને કિશ્તીઓ પાછી ફરી.

ફુલગુલાબી: એકવાર કચ્છમાં બનતો મશહૂર શરાબ

પઠાણે જવાબ દીધો: પઠાણ જમીનમાં છીત્યું. પઠાણ=વહાણના છેક નીચેના તળિયાના ભાગ ઉપર જડેલું મોભના જેવું સીધું જાડું લાકડું:

ચર: ઘડો, છીછરાં પાણી


ખાંગો: વાંકો

સૂરજચંદરનો (રાતો) ઝંડો: કચ્છના મહારાઓનો પ્રાચીન ઝંડો

ઊંડા તાગ: ઊંડાં પાણી



કત ચિકાર




રસ્સા-આલાદ

કોટિયાના બેહાલ થઈ ગયા હતા. લાકડકામ ઠેરઠેર તૂટી ગયું હતું. ખુવા, ડોલ, રસ્સા, બધાને મરામતની જરૂર હતી. નાંખવાઓ ખૂબ જખમી થયા હતા, એ બધા પણ આરામ માગતા હતા. એટલે મકનાએ એ જ નિર્જન ખૂણામાં મહિનો માસ કાઢી નાખવાનો નિશ્ચય કર્યો.

પ્રથમ કોંસોલાંતની મજૂસ ખોલવામાં આવી. એમાંનાં કાગળિયાં મકનાએ ભંડકમાં સાચવ્યાં. અંદરથી બે હજાર અશરફી જેટલી રોકડ નીકળી. એમાંનો દસમો હિસ્સો માતાજીને નામે ચડ્યો. બાકીનામાંથી અરધો હિસ્સો કોટિયાને ખાતે જમે થયો. બચતમાંથી પંદર ભાગ મકનાના, એનાથી અરધા કાનજીના, મકના જેટલા જ ભાગ જીવતા રહેલા ખારવાઓને દરેકને સરખે ભાગે, અને કાનજી જેટલા ભાગ ખપી ગએલા ખારવાઓનાં કુટુંબ માટે અનામત જુદા,—એમ વાટણી થઇ. બધાએ પોતપોતાનો હિસ્સો હાથમાં લીધો. નવા રમકડાથી બાળક રમે એવા કુતૂહલથી અશરફીઓ ખડખડાવી જોઇ અને ઘડી પછી નાખવાને સાચવવા સોંપી કામે લાગ્યા.

પાસેનાં જંગલોમાં લાકડાં કપાવા લાગ્યાં. નવી મશાલીમાંથી રસ્સાઓ વણાવા લાગ્યા. સઢ-ગાભા સમા થવા માંડ્યા. ઓલી માંજીને બેડીઓ પહેરાવીને જંગલમાં લાકડાં કાપવા મૂક્યો. કેદીઓને પણ એ કામ સોંપાયું. દરેક કેદીના મોભા અને વસીલા માફક એની બાન છોડામણીના પૈસા નક્કી કરાયા અને ચાર ચૂંટેલા નાંખવાઓ એ કેદીઓનાં ગામડાંઓ તરફ પગરસ્તે રવાના થઇ ગયા.

એમ ને એમ મહિનો વીતી ગયો. ખારવાઓ તો બધા પાછા તાજા થઇ ગયા'તા, પણ કોટિયાની થોડી મરામત બાકી હતી. દરમિયાન સાલભરની ખોરાકી ખરીદવા બે નાખવાઓ સોદાગરનો વેશ લઇ પાસેના શહેર તરફ પગરસ્તે રવાના થયા.

પાણીનો સવાલ જરા વિકટ હતો. નજદીકનાં એકબે નાનાં ઝરણાં ઉપર આજસુધી નભાવાતું હતું, પણ મહિનાઓ સુધી સચવાઇ રહે એટલું પાણી લઇ શકાય એવડું જળાશય નજદીકમાં નો'તું.

ઓલી માંજી આ મુલકનો ભોમિયો હતો. આજસુધી એણે બહુ જ નરમાશથી જે કામ સોંપાય તે ચૂપચાપ

કર્યા કર્યું હતું. મકનાને હજી એના વિષે ઝેર હતું; પણ બને તો એની દુશ્મન બનેલી અનેક રિયાસતો-માંની એકને જીવતો વેચવા માટે એણે એને સંઘરી રાખ્યો હતો.

પાણીની મુશ્કેલી વિષે ઓલીમાંજીએ મકના અને કાનજી વચ્ચે થતી વાત સાંભળી હતી. એની ચપર-ખંધી ખોપરી અનેક કુવિચારોથી હમેશ ભરપૂર રહેતી; તેમાં હાલમાં તો નાસી છૂટવાનો વિચાર એ બધાંમાં મુખ્ય હતો. નાસી છુટાય તો પડોશમાંના ફિરાંસિયા રાજમાં ખબર કરી આશાપુરા ઉપર તરી ગિશત (દરિયાઇ હુમલો) લઇ આવવી અને એ રીતે હાથમાંથી છટકી ગએલા ઇનામ કરતાં બેવડા પૈસા મેળવવા, એવાં સ્વપ્નાં પણ એને અવારનવાર આવ્યા કરતાં.

પાણી મેળવવાની વાતો સાંભળી એને તરત જ એક તરકીબ સૂઝી, જેથી કદાચ મકનાને જેર કરી શકાય ને આશાપુરા ઉપર ગિશત પણ લાવી શકાય. કાંસોલાંતની લાંબી ગેરહાજરીનું કારણ શોધવા ફિરાં-સિયાઓ જરૂર બહાર ફરતા હશે એમ એની ખાતરી હતી. એકવાર તો ઝાડવાં સળગાવી આશાપુરાની છુપા-વાની જગ્યા બહારનાને આસ્કારા કરવાની પણ એણે પેરવી કરી જોઇ. પણ ઝાડવાં ચેતે તે પહેલાં તો એની મકસદ પામી જઇ કાનજીએ ધૂંધવાતી આગ બુઝાવી નાખી. આ બદમાશી માટે મકનાએ એને ત્રણ ઘડી સુધી ડોલ ઉપરથી ઊંધે માથે લટકાવી રાખ્યો અને ફરી આવું કોઇ કારસ્તાન કરતો પકડાય તો તોપને મોંએ બાંધવાની ધમકી પણ આપી દીધી.


મકનાનો નાશ કરવો એ ઓલીમિયાં માંજીની હવે હરપળની તમન્ના હતી. એણે મકનાને પગે હાથ લગાડી કહ્યું: કોટિયો નાંગર્યો છે ત્યાંથી બે દહાડાને રસ્તે જંગલમાં જબરદસ્ત તળાવ છે. જો ત્રણચાર નૌકા લઇને મકનો ત્યાં આવે તો જોઇએ એટલું પાણી મળે એમ છે. મકનાને એની વાતમાં ઇતબાર તો નો'તો. ત્રણચાર હંગી લઇને જવાની એણે ના પાડી, કારણ પોતાનાં માણસોને જોખમાવવા કરતાં પંડને જોખમાવ-વાનો મકનાનો સ્વભાવ જ હતો. કાનજીની ઉમેદવારી પણ એણે નામંજૂર કરી અને ઓલીમિયાં સાથે જવા પોતે તૈયાર થયો.

કોટિયાની છેવટની બાકી મરામત પૂરી કરવા કાનજીને તાકીદ આપી એ ઓલીમિયાં સાથે એક હંગીમાં રવાના થયો. માંજીના હાથેપગે બેડી–ડસકલા હતાં. છતાં એમ પણ પાણીમાં કૂદી એ આપઘાત કરે એ બીકે એને ઢીલા પણ મજબૂત બંધે ખુવા સાથે બાંધવામાં આવ્યો. મકનાએ સુકાન લીધું, પડખે બે ભરેલી પિસ્તોલો મૂકી, ગાદી નીચે બે ખાંડાં મૂક્યાં, ધંગીનો સઢ છોડ્યો અને માંજીએ ચીંધેલી દિશામાં એણે ધંગી વહેતી મૂકી.

પાંચમે દહાડે જો વાવડ ન મળે તો તપાસ માટે બીજી ધંગી લાવવાની કાનજીને સૂચના કરી, બધાંને રામરામ કરી મકનો પંથે પડ્યો. થોડીવારે વળાંકા પછવાડે ધંગી અદશ્ય થઇ ગઇ.

આ વાર્તાનો અતિ રોમાંચક, એટલો જ રસભર્યો છેલ્લો ભાગ આવતે અંકે. **'સુકાની'**

ઓલીમિયાં માંજી મકનાને ફસાવવા તો નથી લઇ જતો?—તો મકનો એમાંથી શી રીતે બચશે? આવતા અંકમાં પૂરી થતી આ વાર્તા હવે વધારે રસમય બને છે.



પ્રાચીન કાળનું મિસરી (ઇજિપ્શયન) જહાજ

# પરદેશે પોતાના કરી લીધેલા



ડૉ. સુધીન્દ્ર બોઝ
એમનાં અમેરિકન પત્ની સાથે

જ્યાં દરેક મનુષ્ય—રાય કે રંક—ને સરખી જ રીતે આગળ વધવાની તક મળે છે, જ્યાં મજૂરીની મહત્તા લોકો સારી રીતે સમજે છે, તેવી ભૂમિ અમેરિકાએ આપણા જે કેટલાક સાહસિક અને પ્રતિભાશાળી હિન્દીઓને આકર્ષીને સાધારણ સ્થિતિમાંથી ઉચ્ચ પદે ચડવાની તક આપીને અત્યારે પોતાના કરી લીધા છે અને જેઓને માટે તે મગરૂર છે, તે માંહેના એક હિંદીની આ જીવનકથા છે.

ત્રીસ વર્ષ પહેલાં કલકત્તાની વિકટોરિયા કૉલેજમાંથી મૅટ્રિક્યુલેટ થએલો, પાતળો અને આનંદી દેખાવનો એક યુવક દરિયાપાર ઊપડ્યો હતો. તે શા માટે ગયો તેની કોઈને ખબર નહોતી. પરંતુ ઇ.સ. ૧૯૧૬માં હિંદીઓને અમેરિકામાં દાખલ થતા અટકાવવા માટે દરખાસ્ત થએલા કાયદાની સામે યુનાઇટેડ સ્ટેટ્સની સેનેટ કમિટીની પાસે વિરોધ દર્શાવવાને આવેલા અમેરિકાવાસી હિંદી પ્રજાના બે પ્રતિનિધિઓમાં તે દેખાયો. તે ડૉ. સુધીન્દ્ર બોઝ અમેરિકાની એક મોટી યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સ (રાજકારણશાસ્ત્ર)-ના પ્રોફેસર છે; અને પ્રખ્યાત કેળવણીકાર, પ્રખર વક્તા તથા તેજસ્વી લેખક છે. અમેરિકાના જાણીતા પોલિટિકલ સાયન્ટિસ્ટ ડૉ. બેન્જામીન એફ. શેમ્બો, ડૉ. સુધીન્દ્ર બોઝને અમેરિકામાં પૌર્વાત્ય રાજનીતિ પરના સર્વોત્તમ શિક્ષક, વક્તા અને લેખક ગણે છે.

ડૉ. સુધીન્દ્ર બોઝનો જન્મ ઇ. ૧૮૮૩માં ઢાકામાં થયો હતો. તેમના પિતા એક રાજાની નોકરીમાં હતા. તેના ભાઈ કોમીલાની વિકટોરિયા કૉલેજના પ્રીન્સિપાલ હતા. યુવાન વયથી જ સુધીન્દ્ર ઉત્સાહી વિદ્યાર્થી તરીકે તેના શિક્ષકોની પ્રશંસા પામ્યા હતા. તે સમયે અંગ્રેજી ભાષા પરનું તેનું પ્રભુત્વ તેની સાથેના વિદ્યાર્થીઓની ઇર્ષ્યારૂપ હતું, અને જ્યારે તે મૅટ્રિક પાસ થયા ત્યારે અંગ્રેજી ભાષાની તેની પ્રવીણતાને લીધે તેને એક ખાસ ઇનામ આપવામાં આવ્યું હતું.

યુવાન બોઝ સ્વપ્નદ્રષ્ટા હતો. અંગ્રેજી ભાષા પરના તેના પ્રેમે અને અનેક સાહસિક પુસ્તકોના તેના વાચને તેના જીવનનાવને દૂરના પ્રદેશ સાથે જોડવાને તેની કલ્પનાશક્તિને હચમચાવી મૂકી. કદાચ તેણે રૉબિન્સન ક્રૂઝોનાં સાહસો અથવા કોલમ્બસની હિંમતભરી દરીઆઈ મુસાફરીઓને અભિનંદી હોય અથવા તો તેણે માર્કોપોલો કે ડ્રેકની માફક જગતની મુસાફરીએ જવાનું ચાહ્યું હોય; એ ગમે તેમ, પણ એક સુંદર પ્રભાતે કલકત્તામાં ન્યૂ યૉર્ક માટે બંધાએલા સ્ટાન્ડર્ડ ઑઇલ કંપનીના માલના વહાણ ઉપર તે મદદનીશ સ્ટુઅર્ટ તરીકે ચડ્યો. વહાણ બંગાળાનો અખાત, હિંદી મહાસાગર, અરબી સમુદ્ર, સુએઝની નહેર, ભૂમધ્ય સમુદ્ર અને પછી આટલાંટિક મહાસાગરનાં પાણી કાપતુંકાપતું આગળ વધવા લાગ્યું.

મહિનાઓ પસાર થઇ ગયા છે, અને તે હવે ખડતલ ખલાસી થઇ ગયો છે. પણ શું તેણે જીવનભર દરીઆઈ જિંદગી ગાળવા માટે સ્ટાન્ડર્ડ ઑઇલ કંપનીના વહાણ પર કામ શોધ્યું હતું? ના, એ તો તેની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવાનું માત્ર પહેલું પગથિયું હતું. તે સમયે 'તકની ભૂમિ' ગણાતા યુનાઇટેડ સ્ટેટ્સમાં તેની અભિલાષાઓ પાર પડે તેમ હોવાથી તે ત્યાં જતો હતો.

બોઝ ન્યૂ યૉર્કના કિનારે ઊતર્યો. શહેર તેને તદ્દન

# પ્રતિભાશાળી ભારતપુત્ર ડૉ. સુધીન્દ્ર બોઝ

અજાણ્યું હતું. કલકત્તા કરતાં તો તે ક્યાં યે મોટું હતું. ગગનચુંબી મહાલયો અને વિક્ટોરિયન ફૅશનનાં કપડામાં સજ્જ થએલાં સ્ત્રીપુરુષોનાં ધસી આવતા ટોળાંઓ, ફૅશનેબલ ગાડીઓ,—આ બધાંથી તે ચકિત થઇ ગયો. જે ભૂમિએ હલકા લેખાતા મજૂરને પણ પોતાના પ્રેસિડેન્ટ બનવાની તક આપેલી છે અને જ્યાં દરેક મનુષ્ય પોતાનાં ખંત, ઉદ્યમ, અને સાહસથી ધારે તે જગ્યા મેળવવાને શક્તિમાન છે તેવી સ્વતંત્ર ભૂમિ પર તેણે હવે પગ મૂક્યો હતો. તે હવે પોતાના સાહસ, ખંત અને ઉદ્યમ પ્રમાણે તરી કે ડૂબી શકે તેમ હતું.

ન્યૂયૉર્કથી તે ફિલાડેલ્ફિયા પહોંચ્યો અને વિખ્યાત જાન વાનામેકરના એક મોટા જાણીતા સ્ટોરમાં અઠવાડિયાના સાત ડૉલરના પગારે તે નોકર રહ્યો. પરંતુ તે ત્યાં પણ લાંબો સમય રોકાયો નહિ. પોતે કૉલેજનું ખર્ચ ઉપાડી શકે કે તરત જ કૉલેજમાં દાખલ થવાને માટે તે કલાક, દિવસ અને અઠવાડિયાંઓ ગણતો હતો; એટલે ચાલિસ ડૉલર થયા કે તરત તે ઇલીનૉઇની યુનિવર્સિટીમાં દાખલ થયો અને કૉલેજમાં નવા વિદ્યાર્થી તરીકેની નવી જિંદગી શરૂ કરી.

ત્યાં પોતાના અભ્યાસનું અને રહેવાનું ખર્ચ તે મદદનીશ લાયબ્રેરીઅનનું, છાપાના રીપોર્ટરનું, રકાબી ધોવાનું અને બીજા કેટલાક ધંધાઓ કરીને પૂરૂં કરતો. અંતે તેના જીવનની ગૌરવભરી પળ પણ આવી પહોંચી. તેણે એ. બી. ની ડિગ્રી મેળવી અને એક વર્ષ પછી એમ. એ. પણ થયો.


૧૯૧૦માં તેને આયોવાની યુનિવર્સિટીએ ફેલોશિપ આપવામાં આવી અને તે જ યુનિવર્સિટીમાં ૧૯૧૩-માં તેમને પોલિટિકલ સાયન્સમાં પીએચ. ડી. ની ડિગ્રી આપી. એ ડિગ્રી માટે એમણે 'હિંદમાં બ્રિટિશ હકુમતનાં થોડાંક પાસાં' ઉપર પોતાનો મહાનિબંધ (Thesis) લખ્યો હતો. બોઝની વિદ્યાર્થીઅવસ્થાની કારકિર્દી હવે સર્વોચ્ચ પદે પહોંચી હતી, કારણકે યુનિવર્સિટીનો કોઇપણ વિદ્યાર્થી પોતાની લાયકાતથી જે મોટામાં મોટી ડિગ્રી મેળવી શકે તે તેણે મેળવી હતી. હવે જિંદગીની શરૂઆત કેવી રીતે કરવી તેનો પ્રશ્ન તેની સામે ખડો થયો. તરત પૂરતા તો તે આયોવાની સ્ટેટ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાયા; પણ યુનિવર્સિટીએ તેમને કાયમ કર્યા અને આજ સુધી ત્યાં જ કામ કરે છે.

ડૉ. બોઝની ઉમર અત્યારે બાવન વર્ષની છે. તે સાધારણ ઊંચાઇના છે. તેમનો ચહેરો નાનો અને લંબગોળ છે; તેમનું કપાળ વિશાળ અને તેમના ઓષ્ઠો પાતળા છે. તેઓ લોકોમાં ઝાઝું હળતા મળતા નથી, પણ તેઓ પોતાની ફુરસદનો ઘણોખરો સમય પોતાની ઘરની ખાનગી લાયબ્રેરીમાં અથવા તો યુનિવર્સિટીના એકાદી લાયબ્રેરીમાં પુસ્તકો વાંચવામાં જ ગાળે છે. તેઓ દિવસના આઠેક કલાક વાંચે છે. હજી ત્યાં પણ હિંદુ રિવાજ પ્રમાણે તેઓ સવારમાં વહેલા ઊઠે છે. શિયાળો હોય કે ઉનાળો, સવારના છ વાગ્યે તો તમે ડૉ. બોઝને પુસ્તકો તથા કાગળોના ઢગલામાં દટાએલા તેના સુંદર બંગલાના અભ્યાસના ઓરડામાં ટેબલ પાસે જુઓ. સાત વાગ્યે તે નાસ્તો કરે છે અને આઠ વાગ્યે તે કૉલેજમાં જાય છે. બધા અમેરિકનોની માફક તે બપોરે બાર વાગ્યે અને સાંજે સાડા પાંચે જમે છે. ફરી તે પોતાની ખાનગી લાયબ્રેરીમાં જાય છે તે છેક સૂવાના સમયે તેને છોડે છે.

ડૉ. બોઝ એક અમેરિકન બાઇને પરણ્યા હોવા છતાં પોતે હિંદુ હોવાનું અભિમાન ધરાવે છે અને ક્રિશ્ચિયન અમેરિકામાં તેમણે આટલાં વર્ષો સુધી પોતાના હિંદુ ધર્મની જ્યોત જલતી રાખી છે, એટલું જ નહિ પણ અમેરિકનોને હિંદુ ધર્મની મહત્તા સમજાવવાની જવાબદારી પણ પોતાને શિરે લીધી છે.

અમેરિકામાં ડૉ. બોઝ લાક્ષણિક હિંદુ જીવન ગાળે છે. આયોવા શહેરમાં શાંત જગ્યા પર આવેલા તેમના રમ્ય વિલાની દીવાલો સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, શ્રીકૃષ્ણ, અને તાજમહાલનાં ચિત્રોથી શણગારાએલી છે. જમીન ઉપરનાં બધાં પાથરણાં ઇરાની છે. દીવાનખાનામાં ટેબલ પર મુકાએલા પિત્તળનાં સુશોભિત ફૂલદાનો દિલ્હીના હિંદી કારીગરોના હાથથી ઘડાએલાં છે. તેમનાં તમાકુ પીવાનાં સાધનોમાં એક સુંદર હુક્કો પણ છે.

પ્રોફેસર બોઝ અચ્છા લેખક પણ છે. તેઓ હંમેશાં



ડૉ. બોઝ એમની લાયબ્રેરીમાં
સામે કબાટ પર એમનો હુક્કો દેખાય છે

ટૂંકાણમાં, સ્પષ્ટતાથી અને નીડરપણે લખે છે. અમેરિકન પત્રોના સંપાદકો હિંદી પ્રશ્નો પર લખવા માટે તેમને આમંત્ર્યા જ કરે છે, અને તેમનો સમય નિર્ણિત હોવા છતાં પૂર્વનું દષ્ટિબિંદુ સાચી રીતે રજુ કરવા સેવાવૃત્તિથી તેઓ એ કાર્ય માટે સદા તત્પર રહે છે.

ભાષણકર્તા તરીકે પણ ડૉ. બોઝ અમેરિકામાં કીર્તિ પામ્યા છે. ખીચોખીચ ભરેલા કલાસરૂમમાં, કોઈ અમેરિકન ચર્ચમાં કે બુદ્ધિશાળી અમેરિકન જનતા પાસે, એમ વિવિધ સ્થળે તેમની વકતૃત્વકલા વિવિધ રૂપો ધરે છે. તેઓ જોરદાર મોજ રમૂજી, ભાષામાં છટાથી બોલે છે.

પોતાની પી. એચ. ડી.ની ડિગ્રી માટેના મહાનિબંધના ગ્રંથ ઉપરાંત તેમણે બીજાં બે પુસ્તકો 'અમેરિકામાં પંદર વર્ષ' અને 'અમેરિકાની ઝાંખી' નામનાં લખ્યાં છે. જેમાં તેમણે પોતાના પર થએલી અમેરિકાની અસર તેમજ અમેરિકાની હાલની સ્થિતિનો તાદશ્ય ચિતાર આપ્યો છે.

(અંગ્રેજી ઉપરથી) **જગજીવન ખુશાલ મિસ્ત્રી**



## આ અંકના મુખચિત્રના આલેખક

# કલાકાર શ્રી વીરેશ્વર સેન

**આ** અંકના મુખચિત્રના આલેખક શ્રી વીરેશ્વર સેન લખનૌની કળાશાળાના આચાર્ય (હેડમાસ્તર) છે અને છેલ્લાં દસ વર્ષથી તે પદે રહી એમણે ઘણા ઉચ્ચ પંકિતના ચિત્રકારોના અભ્યાસમાં પોતાના શિક્ષણનો ફાળો આપ્યો છે. ઉપરાંત ખતે હિંદુસ્તાન અને બહારના મુલકોનાં પ્રદર્શનોમાં ચિત્રો રજુ કરી ચૂકયા છે અને તેમની કૃતિઓની બધા દેશના કળાવિદોએ નોંધ લીધી છે તેમજ તેમનો પરિચય પણ જાહેર કર્યો છે.

તેમના પિતા શ્રી એ. સેન. એમ.એ. બી.એલ. એક જાણીતા કેળવણીકાર અને વિદ્વાન પુરુષ હતા. તેમને ત્યાં શ્રી વીરેશ્વર સેનનો જન્મ ઇ.સ. ૧૮૯૭ના જુલાઇની પંદરમી તારીખે થએલો. હૅર સ્કૂલ અને પ્રેસિડેન્સી કૉલેજમાં વિદ્યાર્થીજીવન વ્યતીત કરી તેઓ એમ.એ. થયા તે પહેલાં વચગાળામાં હિંદી કળાના સમુદ્ધારક શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરની છાયામાં આવ્યા અને તેમની પાસે ચિત્રકામ શીખ્યા પછીથી શ્રી નંદલાલ બોઝ પાસે છ વર્ષ સુધી રહ્યા હતા. તેમણે ખતે કળા ઉપર ઘણા લેખો લખ્યા છે. તેમનાં ચિત્રો અને શિલ્પકૃતિઓ હિંદુસ્તાન અને ઇંગ્લંડનાં સુપ્રસિદ્ધ ઘરોમાં સ્થાન પામ્યાં છે. તેમની કળામાં રેખા અને રંગની પરિશુદ્ધિ ખાસ ધ્યાન ખેંચે છે જૂનાં ચિત્રોની અનેક ખૂબી તથા ખાસિયતો તેમણે પોતાની કળામાં પચાવી છે તો સાથે આલેખન તેમજ સંવિધાનની નવી શૈલીઓનો પણ તેમણે સમાદર કર્યો છે. **ર.મ.શ.**

# પ્રો. રામમૂર્તિ : થોડાં સ્મરણો

**ભારતવર્ષની મર્દાનગીનો પાશ્ચાત્યદેશોમાં જયડંકો વગાડી જેમણે હિંદના વીરશ્રીનું દિગંતમાં ગૌરવ ફેલાવ્યું એ પ્રો. રામમૂર્તિ આજે, પોતાની ઉત્તર વયમાં, પોતાના આદર્શો મૂર્ત કરવાની અભિલાષાથી એકાદું ક્રીડામંદિર સ્થાપવા ઈચ્છે છે;—અને તે ગૂજરાતમાં.**

## શરીરવિકાસવિભાગ અખાડો

નિરીક્ષક · શ્રી હરિનારાયણ આચાર્ય

આ રેક દિવસ ઉપર હું પ્રો. રામમૂર્તિને મળવા ગયો હતો. એમનો પ્રથમ પરિચય હું ગૂજરાત મહાવિદ્યાલયમાં અધ્યાપક હતો ત્યારે થએલો. એ વખતે સદ્ગત ગિદવાણીજીના પ્રખર પ્રયત્નથી ગૂજરાત વિદ્યાપીઠનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. ગિદવાણીજી સ્વપ્નસેવી હતા. એમને તો ગૂજરાત વિદ્યાપીઠને ઑક્સફર્ડ અને કૅમ્બ્રિજ જેવું પ્રાણવાન જ્ઞાનમન્દિર બનાવવું હતું. ભારતવર્ષમાં અપૂર્વ ગ્રન્થભંડાર, સંગીતનું શ્રેષ્ઠ મન્દિર વગેરે સરજવાનાં સ્વપ્નો એ મૂર્તિમાન કરવા મથતા હતા. અણધાર્યાં પ્રત્યવાય ન આવ્યા હત તો વખતે એ સ્વપ્ન સાચાં પણ પડ્યાં હત.

ગૂજરાતીઓ શરીરે નિર્બળ હોય છે, એ વાત એમને ખૂબ ખૂંચતી. એના પ્રતિકાર અર્થે એક આદર્શ ક્રીડામન્દિર બાંધવાનો એમણે નિશ્ચય કર્યો. મારા વ્યાયામના શોખને લીધે એમણે એ કામ મને સોંપ્યું. છૂટે હાથે નાણાં ખરચવાનો ખરીતો પણ આપ્યો. એ વખતે રામમૂર્તિ અમદાવાદમાં હતા. મેં સૂચના કરી કે જો આપણે પ્રો. રામમૂર્તિને રાખી શકીએ તો આપણને ખૂબ સહાય મળે. એ તો એવા કંઇ તરંગની જ



પ્રો. રામમૂર્તિ : સ્કેચ • રવિશંકર રાવળ

રાહ જોનારા. તરત એમણે રામમૂર્તિને પકડ્યા. સરકસનો ધંધો છોડી દેશોદ્ધારના આ મહાયજ્ઞની વરુણીમાં બેસવાને પુષ્કળ સમજાવ્યા. મેં પણ પ્રયત્ન કર્યો. પણ રામમૂર્તિના જીવનના પરિપાકનો એ સમય હતો. લાખો રૂપીઆ રમતમાં કમાનાર, રાજામહારાજાઓનાં વણમાગ્યાં આમંત્રણ આવે તેને પણ પાછાં ઠેલનાર અને ભારતવર્ષના ઘરેઘર જેનું નામસ્મરણ થાય એવા મલ્લસમ્રાટ્ રામમૂર્તિને અમદાવાદના ઘૂગીઆ સંકુચિત જીવનમાં ભરાઈ રહેવું કંઇ ગમે? એમને તો આખા દેશમાં જ્વલંત યૌવનજ્યોત સળગાવવી હતી, એટલે એમણે સરકસ દ્વારા જ આ આશય સાધવાનો માર્ગ જોયો, અને અમારાં સ્વપ્ન ભાંગી પડ્યાં. પછી તો ગિદવાણીજી ગયા. એમની સાથે ગૂજરાત વિદ્યાપીઠનું યૌવન પણ ગયું. એમના સ્વપ્નબળે જીવનારા, એ સ્વપ્નોને અંકુરિત કરનારા સહાયકોનાં બળના પ્રવાહ પણ ધીમા પડ્યા. ગિદવાણીજી જતાં ગૂજરાતમાં અસહયોગના યુગના શિક્ષણનો સૂર્ય આથમ્યો. એ પછી તો રામમૂર્તિ જેવાને પોષનાર ગૂજરાતમાં બીજું કોણ નીકળે?

બીજી વખત ૧૯૨૬ના ગાળામાં રામમૂર્તિને હું મુંબાઇમાં મળ્યો. સરકસના વ્યવસાયથી પરવારી જઇ મુંબાઇમાં આદર્શ વ્યાયામમંદિર ખોલવાનું હતું. એની વ્યવસ્થા કરવા તાર કરીને મને એમણે બોલાવ્યો. મારા જીવનમાં વ્યાયામનો આદર્શ સાચવી રાખવામાં જે મહાન નરોએ અસર કરી છે તે બે જ: રામમૂર્તિ અને બરનાર મૅકફૅડન. બીજા અનેકનો હું ઓશીંગણ છું; પણ મારૂં જીવન બદલનાર તો આ બે જ. એટલે હું એમના આમંત્રણને પાછું ઠેલી શક્યો નહિ. તે વખતે અમે પથિકાશ્રમમાં રહેતા. રામમૂર્તિ એટલે બધું જ.

મોટા પાયા પર. એમનું શરીર, એમના વિચાર, એમનો રસાલો એટલાં જ મોટાં. એટલે ચારપાંચ પહેલવાન, અરધો કોડી નોકરચાકર, માર્ગદર્શન અર્થે પૂછવા આવનાર બહારના ચારપાંચ યુવાનો—આ બધો દાયરો સમાવવા એમણે લૉજનો આખો ગજલો ભાડે લીધેલો. સરકસ કાઢી નાખેલું એટલે નાણાંની જોગવાઇ ન મળે. રામભરોસે બધું ચાલતું. બેત્રણ રીટાયર્ડ જજો, કેટલાક સૉલિસિટર અને વકીલો તથા શેઠીઆઓ એમની પાસે વ્યાયામ શીખવા આવતા. એ રસ્તે એમની મંડળીના નિર્વાહ પૂરતી જોગવાઈ થઇ જતી. પણ વ્યાયામમંદિર ખોલવા પૂરતાં નાણાંની ભીડ ન ભાંગી. એટલે એમનો એ નિરધાર પડી ભાંગ્યો. હું પાછો વિદ્યાપીઠમાં આવ્યો અને રામમૂર્તિ બીજાં ક્ષેત્રમાં ઘૂમવા નીકળ્યા. શ્રી માલવીયજીએ એમને હિન્દુ વિશ્વવિદ્યાલયમાં રહેવાનું આમંત્રણ આપ્યું. એ પણ સંજોગવશાત્ ન બન્યું. એટલામાં એમને સીમલામાં છાતી પર હાથી ઊભો રાખતાં અકસ્માત થયો, જેને પરિણામે ડાબો પગ ઘૂંટી આગળથી કપાવી નાખવો પડ્યો. એની માંદગીમાંથી ગઇ સાલ જ એ ઊઠ્યા અને હમણાં દૈવયોગે એ અમદાવાદમાં આવ્યા છે.

રામમૂર્તિનો આ મેળાપ અને 'કુમાર'માં એની નોંધ એ પણ 'દૈવયોગ' ગણાય. 'કુમાર'ના લેખકમંડળમાં મેં પહેલો પ્રવેશ કર્યો તે રામમૂર્તિનું જીવનચરિત લખીને. વ્યાયામ પ્રત્યે મારી અભિરુચિ દૃઢ થઇ એ એમના ગાઢ પરિચયથી જ. એટલે જ આટલું લખવા પ્રેરાયો છું.

હું ભૂતકાળમાં નજર કરું છું. મારી નજરે એક દુર્દાન્ત ભીમકાય મહાન વીર ઊભો છે;—એના પ્રચંડ બળના ઓજસમાં બધાંને દબાવી ઢાંકી નાખતો. આજે? આજે એ આંખો છે: પણ ફિક્કી. આજે રામમૂર્તિ છે: પણ પહેલાંના નહિ. ઉંમર થઇ છે; અનૈસર્ગિક રહેણીકરણીની અસર પણ દેખાય છે. પગ ભાગવાથી શારીરિક વ્યથા અને માંદગીમાં એ વજ્રકાય શિથિલ થઇ ગઇ છે. છતાં એમનું ગૌરવ, ઉદ્દામ મનોવૃત્તિ, સ્વપ્નદ્રષ્ટાના અનિયંત્રિત તરંગ હજુ એવાં ને એવાં સદોદિત છે.

રામમૂર્તિની શિક્ષણપદ્ધતિ અને જ્ઞાન કદાચ આજના જાહેરખબરીઆ સમયમાં પ્રાચીન અને અપૂર્ણ લાગશે; પણ એમનું જ્ઞાન ઉપરચોટિયું કે પોપટિયું તો નથી જ. બળની ઉપાસના અર્થે એમણે કઠોર તપશ્ચર્યા કરી હતી. વર્ષો સુધી અસહ્ય શ્રમ વેઠી અનેક બળવાન અને તજ્જ્ઞોનાં ચરણ સેવી એમણે શરીરવિકાસ સાધ્યો હતો. એના પરિણામે ભારતવર્ષમાં એમના પગરખામાં પગ રાખે એવો બલિષ્ઠ નીકળ્યો નથી. અનેક પહેલવાનોને એમણે જીવનભર પોષ્યા છે, એમને પ્રકાશમાં આણ્યા છે: અનેક રૂંધાએલાં કુંઠિત નિર્બળ યુવાન હૃદયોને એમના આશિર્વાદથી, એમના દર્શનથી એમના નામસ્મરણથી અદ્ભુત પ્રોત્સાહન મળ્યું છે. અનેક નમાલાં શરીરો નવજીવન પામ્યાં છે. પાશ્ચાત્ય દેશોમાં પણ એમણે જ ભારતવર્ષની મર્દાનગીનો જયડંકો વગાડ્યો. ગામા, ઇમામ, અહમદબક્ષ વગેરે પ્રચંડ કુસ્તીબાજોને હાથ આપી એમણે જ દિગંતમાં ભારતવર્ષની વીરશ્રીનું ગૌરવ વધાર્યું. સદ્ગત સૅન્ડો પણ કેવળ બળની હરીફાઇમાં એમની સરખામણી ન કરી શકયો.

રામમૂર્તિ સર્વજ્ઞ નથી: હોવાનો એ દાવો પણ કરતા નથી. એથી આજના જમાનાના નવા શિક્ષણને અનુકૂળ એમની મનોવૃત્તિ કે જ્ઞાન ન હોઇ શકે. ગામા કે ઇમામના જેવી (ગામા કરતાં ઇમામ ચડે એમ હું માનું છું) કુસ્તીમાં નિપુણતા પણ એમનામાં નહિ હોય. પણ શરીરને કેમ કેળવવું એ તો એમના જેવું બીજા કોઇ જાણતા હશે કે કેમ એની મને તો શંકા છે. એમના એ અનુભવ અને અભ્યાસનો લાભ જેને મળે એ પૂર્ણ ભાગ્યશાળી.

આવું ભાગ્ય ગૂજરાતને સાંપડે એમ છે. ઉત્તર વયમાં એકાદું ક્રીડામંદિર સ્થાપી તે દ્વારા પોતાના આદર્શો મૂર્ત કરવાની એમની અંતિમ અભિલાષા છે. એની સફળતા અર્થે, ધનિકોના કલ્પવૃક્ષ જેવું ગૂજરાતનું પાટનગર અમદાવાદ એમણે શોધ્યું છે. અહીં જ એ અશેષ આયુ વ્યતીત કરવા માગે છે. કોઈ નવજીવનના—નવયુગના બળવાળો બુદ્ધિમાન યુવક રામમૂર્તિનાં જ્ઞાન અને અનુભવને યોગ્ય પ્રવાહમાં વાળી, જો ગૂજરાતીઓનાં શરીર સુધારવા પ્રયત્ન કરે તો કેવળ રામમૂર્તિના નામથી યે હજારો યુવાનો એ ભાવના ઝીલવા તૈયાર થશે, એમ હું માનું છું. પણ આવો ત્યાગવીર ગૂજરાતમાં રામમૂર્તિને મળશે કે કેમ એનો વિચાર મને આવે છે ત્યારે મારી શ્રદ્ધા જરા શિથિલ થઇ જાય છે.

## વ ન વ ગ ડા નાં વા સી

અભ્યાસ અને અનુભવ ઉપરથી લખાતી જળજંગલવાસી જીવસૃષ્ટિની પરિચયમાળા

# ભંગીઓની જમાતમાં



ગૂજરાતમાં સૌથી વધારે પરિચિત ગીધ : એને વેદકાળમાં શિતિકક્ષી (ધોળી કાખવાળું) કહેતા.

તમે 'શાહવાડીનું ભોથું' જોયું છે? અમદાવાદમાં તો ભાગ્યે જ કોઇને એ અપરિચિત હશે. ચોમાસું બેઠું કે એનું નામ અમદાવાદીઓની જીભના ટેરવે રમી રહે. કારણ આ સ્થળ તો અમારી સાબરમતીમાં કબ્રસ્તાન જેવું ગણાય. વરસાદ વરસે, પૂર ચડે ને નદીના પાણીમાં ઢોરઢાંખર, માણસ, ઝાડ બધાં કેટલાય ગાઉથી તણાતાં આવે. એ બધાં ભેગાં થાય શાહવાડીના ભોથામાં. નદીના પટમાં વહેણની વચ્ચોવચ્ચ થળીઆ, બાવળીઆ વગેરેની આંટીઘૂંટીવાળી એવી તો જાળ બંધાઇ છે કે ભલભલાં પૂર છો ને રહ્યાં, પણ તણાતાં ઝાડ ને જનાવર એમાંથી છટકવાનાં જ નહિ. નદીનો કચરો અહીં એકઠો થતો જોઇને, અમદાવાદની મ્યુનિસિપાલિટીએ પણ શહેરની કચરાપટ્ટી શાહવાડીના ભોથા પાસે જ જમાવી દીધી છે. પીરાણાના રસ્તે એક બાજુ ગટરનાં પાણીથી ભરેલાં ખેતર અને બીજી તરફ આઠ દસ ફૂટ ઊંચા કચરાપટ્ટીના ટેકરા. શહેરનાં મૂએલાં ઢોર, કૂતરાં, બિલાડાં વગેરે પણ તાણીને અહીં જ નાખે. બધી રીતે અનુકૂળ સ્થળ જોઇ આના ભેગી એક નાની સરખી ભંગીઆવાડ પણ અહીં વસી ગઈ છે. એમાં રહેનારા 'ભંગીઓ'ને આજના જમાનાનો રજ પણ વા વાયો નથી. 'સ્વેસ્વે કર્મણ્યભિરતઃ' સૂત્રને એ માનનારા એટલે વાતવાતમાં અસહકાર કરતાં કે હડતાળ પાડતાં શીખ્યા નથી. અવતરે ત્યાંથી બાપદાદાનો ધંધો કરનારા એટલે આત્મનિર્ણય કે સ્વાધીનતાની ભાંજગડમાં પડતા નથી. સ્ત્રીઓને પણ પતિ જેવો ને જેટલો જ ધંધો કૂટવાનો હોવાથી એમના સંસારમાં સ્ત્રીસ્વાતંત્ર્ય કે સમાન હક્કની બૂમો નથી સંભળાતી. વીસમી સદીમાં પણ આવું નિર્લેપ જીવન જીવનારા આ ભંગી સમાજમાં છેલ્લા બે ત્રણ માસથી હું અવારનવાર જાઉં છું. એમની સેવા કરવાના સ્તુત્ય હેતુથી કે એમનો ઉદ્ધાર કરવાની પરોપકારવૃત્તિથી પ્રેરાઇને નહિ, પણ એમનો જીવનવ્યવહાર, એમની રહેણીકરણી તથા એમના આચારવિચારનું અવલોકન કરવા. એમનો નિકટનો પરિચય જરાયે આકર્ષક નથી. એમનો નિત્ય સહવાસ પણ અત્યંત અસહ્ય છે. છતાં અભ્યાસકની દૃષ્ટિએ આ બધું સહન કરી લઉં છું: જેમ ઘણા અ-ભંગીઓ 'ભંગીઓ' સાથેની સમતા દેખાડવાના હેતુથી આજના દેશોદ્ધારના યુગમાં જાજરૂ સાફ કરવા હિંમત કરે છે તેમ. મને થાય છે કે આજે તો તમે પણ મારી સાથે ચાલો. જોવાનું નહિ મળે તો જાણવા જેવું તો જરૂર મળશે.

આ ભંગી'જનને લોકભાષામાં 'ગીધડાં' કહે છે. મ્યુનિસિપાલિટીના ભંગીઓ ફાવે તે ધંધો કરે: કચરાપટ્ટીનું કામ પણ કરે ને ભણીગણીને 'સાહેબ' પણ બની જાય. પણ કુદરતના આ ભંગીઓ તો એક જ ધંધો કરનારા: સદાય. શહેરના ભંગીઓ અહીંથી કચરો ઉપાડી તહીં નાખીને કૃતકૃત્ય થનારા: આ ભંગીઓ તો કુદરતનો કચરો જાતે ખાઇને જ નોકરી કરનારા.

અને પ્રકૃતિની મ્યુનિસિપાલિટી પણ કેવી! માત્ર ગરમ દેશોમાં જ આ ભંગીઓ વસે. કારણ ત્યાં સૂરજની ગરમીથી કહોવાણ જલદી થનારૂં. કોઇ મર્યું કે તેને ઠેકાણે પાડવા ગીધ હાજર જ હોય. ચમાર ખાલપાને તો બોલાવવા પણ જવું પડે; આમને કોણ બોલાવવા જાય? એથી જ એમને ઊંચેઊંચે ઊડવાની ટેવ. નજર પણ એવી તેણી. નાક પણ એવું. કદિક કોઇ મરે કે મરતું હોય ત્યાં ઊંચે ઊડતા એકાદની નજર તો પડવાની જ. પછી જોઇ લ્યો તાસીરો. ચડપ લઇને પહેલું જોનાર આવે. એને ઊતરતું જોઈ દૂર બીજું

ઊડનાર પણ એના વાંસે થાય. બીજાને જોઈ ત્રીજું. એની પૂંઠે ચોથું. એમ ક્યાંક્યાંથી બધાં ગીધ ભેગાં થાય. કુદરતનો કાનુન પણ એવો. સૌ સૌનાં પથક સંભાળો. પણ જરૂર હોય ત્યાં બધાંને ફરજિયાત જવાનું. જમ તો જેણે જોયા હોય તેણે ખરા; પણ આજે તો ગીધ એ જ જમરાજ : મરણની આગાહી આપનાર કાળદૂત. એમની દયાને લીધે આજે આપણે બધા પ્રાણીમાત્ર હયાત છીએ : સુખેથી નીરોગી જીવન જીવીએ છીએ. એમની પાસે કોઇ હડતાળ પડાવે તો પ્રકૃતિનું શું થાય, એ વિચાર કંપાવનારો છે. માણસની પેઠે પ્રાણીમાત્ર મરે છે : એમને કોઇ ઘોરમાં દાટતું નથી કે કોઇ એમની રાખ ગંગાજીમાં પણ પધરાવતું નથી. છતાં કદિ પણ એમનાં શબ રખડતાં જોયાં છે ખરાં? એ બધો આ ગીધનો—કુદરતના ભંગીસમાજનો પ્રતાપ. એ જ ખરા 'હરિજન'. ગરુડ જેવા હિંસકોનાં તો પૂતળાં યે બને. પણ ઊડવામાં તો એનાથી યે ચડે એવા ગૃધ્રદેવના ઉપકાર ડગલેડગલે અનુભવતો માનવસમાજ એના ગુણને ગણે છે જ ક્યાં? હોય. દુખીઆંનો હાથ ઝાલનાર કોણ હોય છે?

ગીધ (Vulture) ગણાય હિંસક. ગરુડ, બાજ, શમળા વગેરેનાં પિતરાઇ; પણ સ્વભાવે બીચારાં સાવ નિરુપદ્રવી. શિકારને મારવા કે પકડવા લાયક અંગો જ ન મળે એટલે મરેલું માંસ ખાનારાં. તે પણ અકરાંતીઆં થઇને. એટલું ખાય કે ચાલી કે ઊડી પણ શકે નહિ. આમાં પણ પ્રકૃતિનો સંકેત છે. મરેલાને તરત ઠેકાણે પાડવાનું કામ પહેલું. તેમ રોજરોજ કોઇ મરતું નથી. એટલે એક પંથ ને દો કાજ. કહોવાણ થતું પણ અટકે અને થોડા દહાડા ખાવા ન મળે તોપણ ચાલે. વળી એક ગીધ તો માણસનું મેલું ખાઇને જ જીવે છે. શી પરહિતૈકપરાયણવૃત્તિ!

બધા યે ગરમ દેશોમાં ગીધની વસ્તી હોય છે. આફ્રિકાનાં ગીધ તો ખાસ જાણીતાં. ભારતવર્ષમાં પણ એમની કેટલીક જાતો થાય છે. છતાં બધાંનું કર્તવ્ય એક જ : મરેલું માંસ ખાવાનું. એટલે એમના બાહ્ય દર્શનમાં માત્ર રંગ કે કદના ફેર સિવાય બીજી અસમાનતા નથી દેખાતી.

ગીધને કોણ સુંદર કહે? નજરે જોવાં પણ ન ગમે એવાં કુરૂપ. છતાં જ્યારે આરામથી બેઠાં હોય કે ઊડતાં હોય ત્યારે દમામવાળાં દેખાય. એમાં યે સ્થિર વિસ્તારેલી પાંખો વડે હવામાં એ ઊંચે અવ્યાહત ગતિથી તરતાં હોય ત્યારે તો એમના દેહની તમામ ભીષણતા દૂર થઇ, એ અત્યંત ગૌરવવાળાં અને આકર્ષક દેખાય.

એમને કોણ નથી ઓળખતું? બેડોળ ભારે શરીર. માથું અને ગરદન વાળ વિનાનાં—સાવ બોડકાં. સ્વભાવે દિવાચર. એકલવાયાં અતડાં ફર્યાં કરે. ખાવા ભેગાં મળે ત્યારે પણ ભારે લડવાડીઆં. કૂદે, ઠેકડા મારે, મારામારી કરતાં હોય તેમ એકબીજા સાથે જીભાજોડી કરે. છતાં ભારે બીકણ. શિયાળવું કે કૂતરૂં પણ સામે થાય તો જાય નાઠાં.

૧ આપણા ગૂજરાતમાં છ જાતનાં ગીધ થાય છે. એમાંનું એક (Vultur Monachus) Great Brown કે Cinereous Vulture 'કાળું ગીધ' તો માત્ર શિયાળાના દિવસોમાં જ આવનારૂં અને તે પણ કદિક જ નજરે પડે.

૨ બાકીનાં પાંચ સ્થાયી નિવાસ કરનારાં. તેમાંનું અત્યંત પરિચિત અને ઠેરઠેર તથા ગામેગામ જોવામાં આવતું ગીધ તે Indian White-Backed Vulture (Pseudogyps Bengalenses). વૈદવારામાં એ શિતિકક્ષી—સફેદ કાખવાળું—નામે ઓળખાતું. એને આપણે 'ગીધ' એવા સાદા નામે બોલાવીએ છીએ. ઘેરા ધૂળીઆ રંગે : છેટેથી સાવ કાળું દેખાય. એની પીઠ હેઠલા ભાગમાં ધોળી. એને ઓળખવાની નિશાની જેવો, ઊડે ત્યારે, પાંખોની નીચે આડો સફેદ પટો દેખાય છે. માથું તથા ગરદન સાવ વાળ વિનાનાં. તે પર માત્ર આછી પીળી રૂંવાટી. માણસની વસ્તી એને ગમે, એટલે એનાં રહેઠાણ ગામની નજદીક જ હોય. પીપળ, વડ, જાંબુડાં, આંબા વગેરે ઝાડ પર મોટામોટા માળા બાંધે ને માત્ર એક જ ઇંડું મૂકે. મરેલું માંસ ખાય. પણ ભૂખે મરતું હોય તો સાપ, દેડકાં, કાચંડા, તીડ વગેરેને પણ છોડે નહિ.

૩ એનાથી ઓછી વસ્તીવાળાં બાકીનાં ચાર. એમાંનું એક (Otogyps Calvus) Pondicherry કે Black Vulture—'રાજગીધ' નામે જાણીતું છે. એ રહે છે તો દરેક જગ્યાએ; પણ સામાન્ય ગીધના જેટલા વ્યાપક પ્રમાણમાં નહિ. વળી એ ટોળે મળી રહેતું નથી, પણ દ્વન્દ્વચર છે. બીજાં ગીધથી છે તો




લાલશિરા રાજગીધ

નાની કાઠીનું પણ સ્વભાવે ખૂબ તીખું. ગિજાજી. વાતવાતમાં લડી પડે. એ જ્યારે મિજબાનીમાં આવે ત્યારે સૌ એને માર્ગ આપે. મોટાં છતાં એને જોઇ બીજાં બધાં ગીધ રસ્તો માપવાનાં. આ એકલું લહેરથી ખાધે જાય અને બીજાં દૂર બેસી જોયાં કરે.

એનો દેખાવ પણ એના વ્યક્તિત્વને વધારનારો. લાલ માથું, કાળું શરીર, છાતી મોટે ભાગે સફેદ. સાથળ પર ધોળાં ચાપ્પાં. ચાંચ કાળી, પગ ફિક્કા લાલ રંગના. શિયાળો આવે કે ગામને પાદરે કે ખેતરમાં ઝાડ પર બેત્રણ હાથના માળા બાંધી, લીલાં કુણાં પાંદડાંથી છાય અને ઇંડું મૂકે.

૪ ગામડામાં લોકો ગામ બહાર મેદાનમાં જાજરૂ જાય છે ત્યાં ઘણી વખત શમળી જેવડું મેલા ધોળા રંગનું પક્ષી ફરતું જોવામાં આવે છે. એને લોકો 'સફેદ શમળી' કહે છે. પણ એ શમળી નથી: ગીધ છે. બધાં ગીધમાં નાનામાં નાનું એ. બીજાં ગીધના જેવું ભારે શરીર કે બહુ ઊંચે ઊડવાની તાકાત ન હોવાથી અને મેલું ખાઇને જ જીવતું હોવાથી આ ગીધ બધાં ગીધમાં હલકામાં હલકું અને ઘૃણાસ્પદ બન્યું છે. એનું નામ જ 'ભંગી': Scavenger Vulture (Neophron ginginianus). શરીરે નાનું બેઠાઘાટનું. ગળા ફરતો ઊભો પીછાંનો ગલપટ્ટો. પીળી ચાંચ. વાળ વિનાનું બોડું મોં પણ પીળું. પગ પીળા રંગના. એના નાના શરીરને લીધે બીજાં ગીધ કરતાં વધારે ચપળ અને સ્ફૂર્તિથી હરીફરી શકે છે. ભલે બહુ ઊંચે ન ઊડે, પણ એ ઊડે ત્યારે આંખ તો ખેંચે જ છે. અને બીજાં ગીધ જેવું એ સાવ કઢંગું પણ નથી. વસંત ઋતુ એના સંવનનનો સમય છે.



બધાં ગીધમાં નાનામાં નાનું
'સફેદ શમળી' નામે ઓળખાતું ધોળું ગીધ

૫ બાકી રહ્યાં બે: Bay Vulture (Gyps fulvescens) અને Long-Billed Pale-Brown Vulture (Gyps pallescens). આમાંનું પહેલું ગુજરાતમાં ઘણે ઠેકાણે જોવામાં આવે છે, પણ મોટા પ્રમાણમાં નહિ. અમદાવાદમાં નથી દેખાતાં. જ્યાં રહે છે ત્યાં ટોળે મળીને.

દેખાવે ઘેરા બદામી રંગનું. છાતી તથા પેટ ઘેરા ચળકતા લાલ રંગનાં. માથું ધોળાં ઝીણાં પીછાંથી છવાએલું. ગરદન ફરતી સોનેરી પીછાંની ઝાલર. ચાંચ પીળી કે લીલાશપડતી. પગ પીળા. એના માળા ટેકરીઓ પર ઊંચાં ઝાડમાં બાંધે છે.

૬ છેલ્લું Long-Billed Vulture. આ ગીધ ઝાડઉપર માળા નથી બાંધતું, પણ પહાડ કે ટેકરીઓ પર માળા બાંધી રહે છે એટલે સપાટ મુલકમાં ઝાઝું દેખાતું નથી. ભવભૂતિનો 'गृध्रराज' (ઉત્તરરામચરિતમાં: आसीदस्मिन्महति शिखरे गृध्रराजस्य वासः) આ જ હશે.

અમે નાના હતા ત્યારે ઇશ્વર જે કરે છે તે બધું સમજીને જ કરે છે એમ માનતા. છતાં ગીધ જેવાં પ્રાણીને સરજવામાં ઇશ્વરે ડહાપણ વાપર્યું છે, એમ માનતાં જરા અચકાતા. હજુ પણ ઘણાને એવો વિચાર આવતો હશે. પણ ગીધની ઉપયોગિતા જણાયા પછી, એનું જીવન અત્યંત આવશ્યક અને પ્રાણીમાત્રનું પરમોપકારક છે, એ શીખ્યા પછી આ હડધૂત થતા પક્ષી પ્રત્યે કયા ગુણજ્ઞને માન નહિ ઉપજે?



# તરવું એ આપકળા

તરવું તાંતરવું તસ્કરવું, નાડી ને વળી ન્યાય,
રાગ પાઘ ને પારખી, એ આઠ આપકળાય.

મારે પાંખો હોત તો હવામાં પેલી સમળીની માફક ઊડવામાં કેવી મઝા પડત! જમીનથી અદ્ધર, જાણે કાંઇ જ આધાર વિના, છતાં પડવાના ભય વિના, એવી મસ્તીથી લટકવામાં એને કેવી લહેજત આવતી હશે! અહા! હવે તે પાંખો અરધી બંધ કરી નીચે ધસે છે ત્યારે તેના આખા શરીર સાથે ઘસાઇને જતી હવા તેના લોહીમાં કેવી તાઝગી ભરતી હશે? કમાલ! ઓચિંતી તે વળાંક લઈ ઉપર ધસી! અને આહ! પાંખો ચલાવ્યા વિના તે કેવી ખુમારીથી આગળ ધસી જાય છે! અરે! મારે પાંખો હોત તો!

બાલ્યાવસ્થાનું આ દિવાસ્વપ્ન (જેનો સોનેરી રંગ પરીઓના જગતને એવું આકર્ષક બનાવે છે) એ જાણે પહેલી જ વાર મૂર્ત સ્વરૂપ લેતું હોય એવો, પાણીમાં ડૂબકી મારી સરરરર કરતાંકને પાંચ વારને અંતરે નીકળવાનો પહેલવહેલો અનુભવ લાગે છે. પાંચ વર્ષની વયે પોતાને પાંખો ન હોવાને કારણે નિરાશ થએલો બાળક બાર વર્ષની વયે જ્યારે જુએ છે કે પોતાને પાંખો તો હતી, પણ માત્ર જ્યાં તે કામે લગાડી શકાય તે પ્રવાહી હવા કરતાં જરા વધુ ઘટ્ટ હતો એટલું જ, ત્યારે પાછું બાલ્યાવસ્થાનું એ કલ્પના-જગત (જો કે પહેલાંના કરતાં કાંઇક ઝાંખા રંગમાં) એની આંખ આગળ હાજર થાય છે; અને તળાવ, નદી, વાવ, સમુદ્ર કે છેવટ પાણીથી ભરેલી કોઇ પણ ગંદી ખાડ એનું માનીતું વિહારસ્થાન બની રહે છે. તથા જે થોડોઘણો વખત એ અનુભવનું આકર્ષણ તીવ્ર રહે છે ત્યાં સુધી એના જીવન પર રોમાંચની આછી સુરખી પથરાએલી રહે છે.

જીવનનો આ રોમાંચ એની મેળે જ આવે છે. અને માટે જ તો તરવાની કળાને લોકકહેવતે આપ-કળાની ગણતરીમાં મૂકેલી છે. માત્ર એને સાધન તરીકે એક જ વસ્તુની જરૂર છે,—તકની; અને તેથી જે લોકોને એવી તક નથી મળી શકી, એટલેકે જેમને લોકોને પોતાને તરવાવાળાઓની ઇર્ષ્યા આવતી હોય અને પાસે જ પાણીનો ખાડો ભર્યો પડ્યો હોય એ બે અકસ્માત એકીસાથે થવાનો જીવનમાં પ્રસંગ જ સાંપડ્યો નથી, એવા લોકો જ માત્ર જીવનની લાંબી મજલમાં પણ આ રોમાંચક અનુભવ લીધા વિના ચાલ્યા જાય છે.

તમે કહેશો: 'એવા માણસોમાં તરવાનો શોખ જ નહિ હોય.' પણ એ વાત માની શકાય એમ જ નથી. એ પણ માણસો છે. એમની નસોમાં પણ તંદુરસ્ત, ગરમ લોહી ફરે છે, અને એ લોહીને ઉનાળાના મધ્યાહ્ને જળાશયની શીતળતા જરૂર રુચિકર લાગે. એ માણસોનાં શરીર ઉપર પણ ત્વચા અને એની નીચે જ્ઞાનતંતુઓ છે; અને એ જ્ઞાનતંતુઓને પાણી સાથેનો મુલાયમ સ્પર્શ અને ધીમું સરણ જરૂર ઉત્તેજક લાગે. અને છતાં તરવું નહિ જાણનાર આપણે ત્યાં ઘણા છે. એનું કારણ?

કારણ કે આપણે વીસમી સદીનાં સુધરેલાં માનવીઓ છીએ. આપણા ગામમાં અખાડો હોય ત્યારે જ આપણને જીવનની અનિવાર્યતા—શક્તિ—ની કીમત સમજાય. આપણા ગામમાં તરવાની કલબ હોય ત્યારે જ આપણને તરવા જવાનો 'આઇડિયા' આવે! આપણે જીવનની સાદામાં સાદી વિગતો પણ ચોપડી મારફત જ શીખીએ; અને તેથી 'કેમ તરાય?' એ કોઇ ચોપડી આપણને બતાવે નહિ ત્યાં સુધી આપણે પાણીમાં પડવાનું જોખમ ખેડી ન શકીએ! નહિતર તો તરવાની કળા જે પાણીમાં જ સંપૂર્ણપણે સમાઇ રહેલી છે

**કોઇની શીખવી નથી શીખાતી એવો ઇકરાર કરવા છતાં શ્રી હરિકૃષ્ણ વ્યાસ આ લેખમાં એ કળાની એવી ગતો બતાવે છે જે કદાચ એવી રીતે કોઇએ નથી બતાવી**

ને ત્યાંથી ઉપાડીને અહીં કાગળ પર લાવવાની પણ મારે શી જરૂર?

તમે કદાચ વકીલ હશો તો હમણાં જ મને ગળેથી પકડશો અને મેં ઉપર પૂછેલો પ્રશ્ન મને જ સામો પૂછશો. તમે કહેશો: 'મિસ્ટર! તમે તરવાની કળા ઉપરની ચોપડીઓની મશ્કરી કરીને પોતે જ આ શું આદર્યું છે?' પણ મારો ભાંગ્યોતૂટ્યો બચાવ કરૂં કે એ ચોપડીઓ 'કેમ તરવું?' એ શીખવવા યત્ન કરે છે, ત્યારે મારો હેતુ 'તરતાં કેમ શીખવું?' એ પ્રશ્નનો જવાબ આપવાનો છે. પણ આપણે એ બે દૃષ્ટિબિંદુઓ વચ્ચેના તફાવતની ચર્ચામાં વખત વીતાવવાને બદલે મૂળ વાત પર જ આવીએ.

તરનારાઓનો સામાન્ય અનુભવ તો એવો છે કે તરતાં શીખવા માટે જેટલો વખત ચોપડીનાં પાનાંમાં ગળાય છે એટલો વખત જો પાણીમાં જ ગાળવામાં આવ્યો હોય તો પછી એ ચોપડી વાચવાની જરૂર જ ન રહે. અને એ ચોપડીઓ વાંચ્યા પછી પણ વાંચેલું સમજવા માટે પાણીમાં તો જવું જ પડે છે! અને તેથી તરવાની કળા ઉપરનાં મોટાંમોટાં પુસ્તકોમાંનું ઘણુંખરૂં તો નકામા જેવું જ હોય છે. મારી સામે એક અંગ્રેજી ગ્રંથ-પ્રકાશકનું સૂચિપત્ર પડેલું છે. એમાં તરવાની કળા ઉપરનું એક પુસ્તક આઠ શિલિંગનું બતાવ્યું છે. એવાં બીજાં પુસ્તકો વાંચ્યાં હોવાથી હું માનું છું કે એ પુસ્તક વાંચ્યા વિના માત્ર પાણી સાથે મૈત્રી બાંધવાથી જ ન શીખી શકાય એવું એમાં કાંઈ નહિ હોય; અને તેથી એ પુસ્તકો વાંચનારાંઓ ઉપર મને હસવું આવે છે. માટે તરવાની કળા સંબંધે તરતાં શીખનારે બીજા પાસેથી જાણવું પડે એવું અનિવાર્ય તત્ત્વ જ માત્ર આ લેખમાં સમાવવાનો મારો યત્ન છે.

એ દૃષ્ટિએ આપણે તરવાની ક્રિયાનું પૃથક્કરણ કરીએ તો સામાન્ય રીતે માણસ પાણીમાં આરામથી આમતેમ ફરી શકે તે પહેલાં તેનામાં આટલી વસ્તુઓ આવવી જોઇએ:

(૧) પાણી એ ડરવા જેવી કોઇ ભયંકર વસ્તુ નથી, પણ હવા અને પૃથ્વી જેવું જ એક નિર્દોષ તત્ત્વ છે; તેમજ તેની અંદર કોઈ રાક્ષસ કે કોઈ ઝેરી જનાવર છૂપેલું નથી એ વાતની ખાત્રી.



(૧) પ્રથમ નાકને હાથ વડે બંધ કરી પાણીમાં રહેવું. પછી ધીમેધીમે હાથની મદદ વિના શ્વાસ રૂંધતાં શીખવું. આગળ જતાં ધીમેધીમે હાથને લઇ લઇને એમ જ પાણીમાં રહેવા યત્ન કરવો.

(૨) પાણીમાં થોડો વખત રહી શકાય એટલો ફેફસાં ઉપરનો કાબુ

(૩) મોં, કાન, નાક વગેરે પર પાણીના છાંટા પડે કે થોડું પાણી અંદર ચાલ્યું જાય તો તે ચલાવી લઇ તેનાથી અકળાઇ ન જવા પૂરતી સહનશક્તિ.

(૪) શરીરના બીજા સ્નાયુઓને આરામ અને હાથ તેમજ પગના સ્નાયુઓની એકતરફી ગતિ.

આ બધી બાબતો આમ છૂટીછૂટી એટલી સાદી લાગે છે કે આપણને એ દરેક ઉપર હસવાનું મન થાય. પણ સૂગ ચડે એવા વાંકાચૂંકા અને ભાંગેલા જુદીજુદી ધાતુઓના ટુકડાઓને એક જ મૂસમાં ગાળીને દાબામાં નાખતાં જેમ શિલ્પ જન્મે, એમ આ બધી સાદી વિગતોને એક જ હાંડલામાં ઉકાળીને ઢાળો પાડો એટલે એનું નામ 'તરવાની કળા!'

અને હવે અહીં આપણી વ્યવસ્થાશક્તિની જરૂર પડશે. જેમ આપણા હુન્નરઉદ્યોગના પ્રદેશમાં એક કારખાનું એક જ જાતનો માલ બનાવે છે, એમ શારીરિક કે માનસિક કેળવણીના ક્ષેત્રમાં પણ આપણે શીખવાની બધી વિગતોને છૂટી પાડી નાખી એ દરેક



(૨) શરીરને પાણીમાં ડુબાડીને, પાણી એને જે સ્થિતિમાં ફેરવે એમ ફેરવવા દો. તમારે શ્વાસ રોકી રાખવા સિવાય બીજું કાંઇ જ કરવું નહિ.

પર એક પછી એક એમ આપણું લક્ષ કેન્દ્રિત કરીએ તો વધુ નક્કર કામ થઇ શકે. અને તેથી પોતાને કયા પ્રકારની તાલીમ લેવી છે એના નિશ્ચય વગર પાણીમાં તરવા પડનાર કરતાં, તરવાની ક્રિયાના બધા અવયવો સમજી તેના પર કાબુ મેળવવાનો યત્ન કરનાર વહેલો ફતેહમંદ થઇ શકે. અને એવી વ્યવસ્થા પૂર્વક તાલીમ લેવા ઇચ્છનારાઓ માટે નીચેનાં છ પગથીઆં બસ થઇ પડશે.

(૧) તરતાં શીખનારે પહેલાં તો પાણીના ભય પર કાબુ જમાવવો જોઇએ, અને એ ભય ભાષણો સાંભળવાથી દૂર થઇ શકતો નથી; કેમકે એ ભય આપણા અનુદ્બુદ્ધ માનસમાં છૂપાયેલો હોય છે અને ભાષણોનો અવાજ ત્યાં સુધી પહોંચતો નથી. એને માટે તો તરનારે પોતાને જે જગ્યામાં તરતાં શીખવાનું છે એમાં ખૂબ ફરીને એની નિર્દોષતાની પક્કી ખાત્રી કરી લેવી જોઇએ. પાણીમાં ઇજા કરે એવાં કોઇ પ્રાણીઓ ન હોય કે તે ડૂબી જવાય એટલું ઊંડું ન હોય એ ખાત્રી થઇ ગયા પછી પણ થોડો વખત અપરિચિતતાને અંગે ઉત્પન્ન થતો ભય રહેશે. પણ જ્યાં સુધી એ ભય જરા પણ હશે ત્યાં સુધી હાથ-પગના સ્નાયુઓ છૂટથી ફરી નહિ શકે. માટે પાણી અને તળીઆની જમીન બંને સાથેનો પરિચય ખૂબ ગાઢ કરી દેવો એ ખાસ જરૂરનું છે.


(૨) આમ તરવા માટે માનસિક ભૂમિકા તૈયાર થયા પછી ફેફસાંની કેળવણી આવે છે. એને માટે નાકને હાથ વડે બંધ કરીને પાણીમાં બેસી જવું અને જેટલો વખત રહી શકાય એટલો વખત રહેવું. આગળ જતાં ધીમેધીમે હાથને લઇ લેવો અને હાથની મદદ



(૩) તમારા શરીરનો થોડો ભાગ પાણીની સપાટીની બહાર રહે છે; એ થોડો ભાગ જ નાક હોય તો?

વિના જ નાકની ગતિ રોકી શકાય એવી રીતે પાણીમાં રહેવા યત્ન કરવો. આથી પાણી સાથેનો પરિચય પણ વધશે. અને આટલું થયું—મન અને ફેફસાં કેળવાઇ ગયાં—એટલે અર્ધું તરતાં આવડી ગયું. કેમ કે હવે કદાચ તમે તરવાનું શરૂ કરો અને વખતે તરતાં ન આવડ્યું તોપણ તમને એવી પક્કી ખાત્રી તો હોય જ કે પાણીમાં થોડો વખત રહેવું પડે તો તેથી કાંઇ ખાસ નુકસાન થવાનું નથી, તેમજ એવી રીતે પાણીમાં વધુ વખત રહેવું પાલવે એમ ન હોય ત્યારે પણ પગને સીધા કરી નીચે જમીનને અડકાડવાથી જ હવામાં મોઢું રાખીને ઊભા રહી શકાય તેમ છે.

(૩) મન અને ફેફસાં પર આટલો કાબુ મળ્યા પછી તમે તમારા શરીરને પાણીમાં ડુબાડીને પાણી એને જે સ્થિતિમાં ફેરવે એમ ફેરવવા દો. તમારો શ્વાસ રોકી રાખવા સિવાય તમારે કાંઇ જ કરવાનું નથી. કદાચ નાક કે કાનમાં પાણી જાય તો એ કોઈ ભયંકર અકસ્માત નથી એ બાબત નિશ્ચિંત રહેવું. જ્યારે શ્વાસ વધુ વખત રોકી ન શકાય ત્યારે પાછા ઊભા થઈ જવું. આ સ્થિતિમાં પાણીમાં પડ્યા હોય ત્યારે શરીરના બધા સ્નાયુઓને તદ્દન શિથિલ કરવા યત્ન કરી જુઓ. એથી તમારા સ્નાયુઓની અક્કડાઇ ચાલી જશે અને શરીરને પાણીનો પરિચય



(૪) કાંઠા સાથે પગ ભરાવી તીરની માફક પાણીમાં પડો . . . . . એટલે પછી (જુઓ સામેના પાનાના છેડા પરનું ચિત્ર-૫) તરતાં શીખ્યા વિના પણ તમે આગ તરવાની મઝા લઇ શકશો. અલબત્ત, ઊંડા પાણીમાં ગયા પહેલાં માથું બહાર રાખતાં શીખવું જોઇએ. પણ . . . વો તો દેખા જાયગા. હમણાં તમે આટલું તો તરી લો!

વધશે. વળી જો તમે લાંબો વખત શ્વાસ રોકી શકશો તો એ પણ જોઈ શકશો કે પાણી છેવટે તમને સપાટી ઉપર ધકેલે છે, અને એમ તમારા શરીરનો થોડોક ભાગ પાણીની સપાટીની બહાર રહે છે. એ થોડો ભાગ જ નાક હોય તો? પણ એ છેલ્લું બહુ મુશ્કેલ છે. ફિકર નહિ.

(૪) હવે તમે પાણીમાં ડૂબેલા ને ડૂબેલા ગતિ કરવાનું શીખો. આને માટે હજુ તમારા હાથ અને પગના સ્નાયુઓ કેળવાયા નથી, અને એ સ્નાયુઓ કેળવાય નહિ ત્યાં સુધી ગતિ ન થઈ શકે, એટલું જ નહિ પણ પાણીની બહાર માથું રાખવાથી શરીરના વજનમાં થતો વધારો ડુબાડી દે. પણ કાંઈ ચિંતા નહિ. તમને ડૂબતાં તો આવડી ગયું છે ને? અને તમે એમ એકાદ મિનિટ પાણીમાં મોઢું રાખી ગમે તે સ્થિતિમાં રહી શકો છો ને? તો હવે કાંઠા સાથે પગ ભરાવી → → આમ તીરની માફક પાણીમાં પડો. જો પાણીને સમાંતર પડ્યા હશો તો જેમ પાણી પર સમાંતર ફેંકેલો કોઈ ચપટો પદાર્થ એ ગતિથી ડૂબ્યા વિના થોડે સુધી તરતો જાય છે એમ તમે પણ આગળ જવાના, અને એવી રીતે મળેલી ગતિ તથા શ્વાસ પહોંચે ત્યાં સુધી જવાય એટલું જાઓ. કદાચ પાણીમાં ગયા પછી પગ ભરાવવાનું કાંઈ સાધન ન હોય અને પાછું કાંઠે ચાલતાં આવવું પડે તો શી હરકત? તરતાં શીખ્યા વિના પણ તરવાની આટલી મજા તો લઈ શકાય છે ને? અલબત્ત, એ ગતિ ઉધાર લીધેલી છે, અને હજુ તમે પાણીની બહાર મોઢું કાઢી શકતા નથી તેથી ઊંડા પાણીમાં તે કામ ન લાગે, પણ વો દેખા જાયગા. આટલું તો તરી લો!

(૫) તમે આમ કાંઠા સાથે પગ ભરાવી તીરની માફક પડો છો ત્યારે વધારેમાં વધારે કેટલે સુધી જઈ શકો છો? ધારો કે તમે દસ ફૂટ ગયા ત્યાં શ્વાસ રૂંધાઈ ગયો અને તેથી ત્યાં ઊભા થઈ જવું પડ્યું. વારુ! પણ એમ શ્વાસ રૂંધાઈ જાય ત્યાં સુધીમાં તમારે બાર ફૂટ નીકળી જવું છે માટે આ વખતે જરા હાથને તસ્દી આપજો. તમે શું પૂછ્યું? 'હાથ કેમ ચલાવવા?' મારા ભાઈ, ફાવે એમ ચલાવો, પણ ગયા વખતનો રેકોર્ડ તોડો. હજુ વધુ જોરથી. હં. એમ. પગ પણ ભલે જરા કસરત કરે. બસ. એમ. જોયું? તમે ધાર્યા કરતાં બે ફૂટ વધુ આગળ ગયા.


(૬) હવે તમે પાણીમાં મોઢું રાખીને તો ખૂબ આઘે સુધી તરી શકો છો. પણ શ્વાસ લેવા મોઢું બહાર કાઢવું પડે ત્યારે લાચાર બની જાઓ છો. અને તેથી ઊંડા પાણીમાં જઈ શકતા નથી. વારુ હવે આ વખતે થોડે દૂર ગયા પછી મોઢું બહાર કાઢી, જરા શ્વાસ લઈ, પાછું પાણીમાં મોઢું નાખી તરવા માંડજો. માથું બહાર રહ્યું એટલો વખત હાથને જરા વધુ જોર પડ્યું, ખરું? તો એમ હાથને ચલાવીને માથું કાયમ પાણીની બહાર ન રાખી શકો? અજમાવી તો જુઓ. વાહ! માથું પાણી બહાર હોવા છતાં તમે જમીનથી અદ્ધર છો ત્યારે તો તરતાં શીખી ગયા!

ઉપર આપેલાં તરવાની કળાનાં છ પગથીઆં ઘણાને કૃત્રિમ લાગશે; કેમકે માણસ તરતાં શીખે છે ત્યારે સામાન્ય રીતે એ બધા અવયવોની કેળવણી એકીસાથે અવ્યવસ્થિત રીતે લે છે. પણ આ આખી પદ્ધતિ તો જેઓ વ્યવસ્થાથી ટૂંક વખતમાં શીખવા માગતા હોય છે એમને માટે છે. અને જેઓને એવા બારીક પૃથક્કરણની જરૂર નથી એમને માટે તો આ આખી કળા એક જ ફકરામાં સમાવી શકાય કે—

તરવાની કળા એટલે જડ અને ચેતનનો સંગ્રામ; અને એ બંને માટેના નિયમો અરધા પાણીમાં અને અરધા તમારા સ્નાયુઓમાં સૂતેલા પડ્યા જ છે. એકને બીજાનો સ્પર્શ થવા દો, એટલે જેટલી નિયમિતતાથી સૃષ્ટિનું તંત્ર ચાલે છે એટલી જ નિયમિતતાથી એક ડુબાડવા અને બીજું નહિ ડૂબવા ખેલશે. અને એમાંથી તરવાની કળા જન્મશે.

પણ તમે પાણીમાં પડી તો જુઓ!

**હરિકૃષ્ણ વ્યાસ**



# કાંથડ બહારવટીઓ

'...સાહેબ છેતરીને જ એવા છેલને રે નહોતા મારવા.'

(લોકગીત)

કચ્છની સરહદ પર આધોઇ નામનું ગામ આવેલું છે. આધોઇથી થોડે દૂર, માતાની વહાલસોઇ ગોદમાં જેમ બાળક ઊભું રહે તેમ આધોઇની ગોદમાં શિવલખા ઊભું છે. એ ગામના દેદા રજપૂતોનાં પરાક્રમ કચ્છ–કાઠિયાવાડમાં મશહૂર છે. એમનાં યશોગાનો અને રાસડાઓ આજ પણ કચ્છ–કાઠિયાવાડને ગામડે-ગામડે ગવાય છે.

વર્ષો પહેલાં કાંથડ નામના દેદા રજપૂતની આણ કચ્છના વાગડ વિભાગમાં વર્તતી હતી. એ રજપૂતની લોઢા જેવી પીની કાય, મોટી બે આંખો, ગોઠણથી યે લાંબા એના બે હાથ, ચહેરાની દઢ અને પ્રતાપી રેખાઓ એના પ્રત્યે માન ઉપજાવે તેવાં હતાં. એનું કૌવત, એની પટાબાજી, એની નિશાનબાજી અને એની લડવાની ચપળતાથી એનું નામ આખા યે કચ્છ, મોરબી અને માળીઆ પ્રદેશમાં જાણીતું થયું હતું.

આધોઇ ઉપર મોરબીનું શાસન વર્ષો થયાં સત્તા ભોગવે છે. સારા યે કચ્છ પ્રદેશમાં સોનાની થાળી વચ્ચે લોઢાની મેખ સમું આ એક નાનું ટપકું કચ્છના શાસનને અસહ્ય થઇ પડયું છે.

દેદા કાંથડનો ગરાસ આ મિશ્ર પ્રદેશની વચ્ચે જ આવેલો હતો. એ ગરાસીઓ રજપૂત પોતાના ગરાસની વારફેર કરતો, જાતમહેનત કરતો અને પોતાના કોઠારો ભર્યા રાખતો. કાંથડની ડેલીએ અનેકવાર દાયરો જામતો, કસુંબા નીકળતા ને શૌર્યકથાઓ થતી. કાંથડનો શૂર સ્વભાવ આવનારને પૂછતો, 'કાં તારી માણકી દોડમાં આગળ આવીને?' અને પછી એ માણકીને મણમણ ઘી પીવડાવવાનો હુકમ કરતો. 'તારી ગોળી તો બરાબર નિશાન પર જ પડી હો!' એમ કહી નિશાન તાકનારની તે પીઠ થાબડતો શૌર્ય પાછળ ગાંડો થઇ જનાર કાંથડનો સ્વભાવ ચોદિશાએ જાણીતો થયો હતો. એની ડેલીએ દરરોજ આવા અવનવા પ્રસંગો બનતા.

એક દિવસ કાંથડ માતાના મંદિરેથી ઘેર આવ્યો ત્યાં એને ખબર મળ્યા કે આધોઇના વાઘજી ઠાકોરે શિવલખાની આસપાસનો ગરાસ કબજે કરવાના હુકમો કાઢ્યા છે. કાંથડની દાઢીના કાતરા ઊંચે ચડ્યા. એની આંખોમાં ઘેરી રતાશ આવી અને આવનારને એણે કહ્યું. 'બેલી, ઠાકોરને દેદાઓના ગરાસમાં હાથ નાખવા-નું કોણે શીખવ્યું? દેદાઓના હાથ એણે જોયા નહિ હોય! નહિતર આવા હુકમો ન કાઢે. જા, તારા ઠાકોરને જઇને કહે કે આ વાત પરથી ઊતરી જાય. જમીને જ જજે હો બાપ!'

પણ રાજ્યોને ગરાસીઆઓની કયારે પણ પડી નથી હોતી. ગરાસીઆઓને પાટી નાખી તેમનો પ્રદેશ કબજે કરી લેવાની મોટાં રાજ્યોની લાલસા ઇતિહાસમાં જ્યાં ને ત્યાં નજરે પડે છે. એક માસની અંદર તો મોરબી રાજ્યે દેદાઓનો તમામ ગરાસ કબજે કરી લીધો.

કચ્છના જોગી જેવો જૂનો એ કંથકોટ, ધીરગંભીરપણે કચ્છનાં પ્રખર તાપ અને ઠંડી સહન કરતો કચ્છના વાગડ વિભાગમાં આડો પડ્યો છે. એના ઉદરમાં રહી કચ્છના ઘણા યે બહાદુર બહારવટીઆઓએ કચ્છ બહાર બહારવટું ખેડી અનેક રાજ્યોને હરાવ્યાં છે, એટલું જ નહિ પણ કંથકોટની મીઠી હૂંફે એ બહારવટીઆઓની પેઢીઓ ઊછેરી વર્ષો સુધી એ બહારવટું જીવાડ્યું છે.

વેર લેવાનું મન થાય એવી એક સાંજ હતી. કંથકોટના ઉદરના એક ખૂણામાં પથ્થર પર બેસી કાંથડ પોતાની બંદૂકની નળી સાફ કરતો હતો. તેની આસપાસ તેના સાથીઓ પણ પોતાના કામમાં રોકાયા હતા. કાંથડનું ઘર, તેનું રાચરચીલું. ભેંસો અને ગાયો કંથકોટને શરણે આવી પડ્યાં હતાં. પોતાના ભાવિ વ્યૂહ રચવા અને તેમાં સફળ થવા કાંથડે આ બધું કર્યું હતું. કંથકોટમાં એને શ્રદ્ધા હતી, એટલે એ સ્થળ એણે પસંદ કર્યું હતું. દેદાઓનું આખું કુટુંબ મોરબી રાજ્ય સામે બહારવટે ચડવા તૈયાર થયું હતું. મોવડી કાંથડના બાં–બેલીઓ, છોરુઓ અને સગાંઓ બધાંએ કંથકોટમાં આવી વાસ કર્યો હતો. કાંથડની તાલીમે એ બધાં યે ગરાસીઆઓ ટૂંક મુદતમાં જ હજારોને પૂરા પડે તેવા ઝડપી, કુનેહબાજ અને તાકનાર બહાર-વટીઆઓ બન્યા હતા. વાઘજી ઠાકોરને દેદાઓ તરફથી સમજી જવા અનેક સંદેશાઓ મળ્યા હતા. ઠાકોરના



વેર લેવાનું મન થાય એવી એક સાંજ હતી. કંથકોટના ઉત્તરના એક ખૂણામાં પથ્થર પર બેસી કાંથડ પોતાની બંદૂકની નળી સાફ કરતો હતો.

દરબારમાં જાતે જઇ કાંથડે વીનવણીઓ કરી હતી. કાંથડનો આત્મા પ્રભુપરાયણ હતો. એ વીર ગરાસીઆને શક્ય તેટલી બધી સમજાવટ કરી તોડ લાવવાનું ઠીક લાગતું હતું. પરંતુ કાંથડના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા અને નછૂટકે એને પોતાનો હાથ બતાવવાની જરૂર પડી હતી.

મધ્યાહ્નનો સૂર્ય તપ્યો હતો. મોરબીની બજાર ભરપૂર હતી. કાંથડ અને તેના પચાસ સાથીઓ મારતે ઘોડે મોરબીને સીમાડે આવી પહોંચ્યા. કોઇ ન જાણે તેમ જોતજોતાંમાં પચીસ ઘોડેસવારોનો મોવડી કાંથડ બજારના ચોક વચ્ચે આવી ઊભો. ઓચિંતા ગોળીના બહારથી, તલવારોના ચમકારાથી, અણચિંતવ્યા હુમલા-

થી, બજારના લોકો ગાભરા બની આમતેમ નાસવા લાગ્યા. કાંથડને લોહીની નદીઓ વહેવડાવવી ન હતી. એને પોતાની તલવાર નિર્દોષ માનવીઓ પર ચલાવવી ન હતી. એને તો મોરબી ઠાકોરને પડકારવા હતા. પોતાને થએલા અન્યાયનો બદલો મોરબીને લૂંટીને લેવો હતો. કાંથડના સાથીઓ મોરબીની બજાર લૂંટવા લાગ્યા. કાંથડ બેલીઓની રક્ષા કરતો ભરબજાર વચ્ચે આમતેમ ફરવા લાગ્યો. મોરબીની પોલીસ આ દેદાઓને હઠાવવા આવે તે પહેલાં તો ધોળે દિવસે બજાર લૂંટી કાંથડ તેના દેદા સાથીઓ સાથે મોરબીને પાધરથી રવાના થઇ ગયો. મોરબી ઠાકોરનું આ બનાવથી સ્વમાન ઘવાયું. મુઠીભર દેદાઓને કચડી નાખવાનો તેણે નિર્ણય કર્યો. દોઢસો સવારો સાથે એક પોલીસ અમલદારને દેદાઓને જીવતા પકડી લાવવા તેણે રવાના કર્યો.

વાગડની ભૂમિથી અપરિચિત એ પોલીસ અમલદારે દેદાઓને પકડવા વ્યર્થ ફાંફાં માર્યાં. દેદાઓ કંથકોટના ડુંગરમાં વસે છે એ વાત એને કાને આવી, પરંતુ કંથકોટમાં દાખલ થવાની એની હિંમત જ ચાલી નહિ.

થોડા દિવસ આમતેમ રખડી, મોરબીની પોલીસ પાછી મોરબીને પંથે પડે છે એ વાત જ્યારે કાંથડે જાણી ત્યારે તેને પોતાનો હાથ ને શક્તિ બતાવવા તેણે પોલીસનો પીછો પકડ્યો અને મધરાતે જ્યારે મોરબીની પોલીસ નિરાંતે ઊંઘતી હતી ત્યારે તેને ચારે બાજુથી ઘેરી લઇ કાંથડે એ પોલીસ અમલદારને જગાડ્યો.

'કાં, સાબ? અમારૂં વેર તમારી સાથે નથી, હો! અમારે તો ઠાકોર સાથે વેર છે. અમને ઝાલવા હોય તો તો ઠાકોરને જ મોકલજો.' કાંથડ છટાથી બોલ્યો.

'કાંથડ! મોરબી રાજ્ય સામે તારૂં જોર નહિ ચાલે.' પોલીસ અમલદારે જવાબ આપ્યો.

'સમજ્યો, સાબ; હવે તો તમને છોડાવવા મોરબી ઠાકોરે બીજાને મોકલવો પડશે. હેંડો, અમારા કંથકોટનાં દર્શન કરો અને દેદાઓનાં ખેતરોનો ગાઢો બાજરો ચાખો.'

કહે છે કે કેટલાક દિવસ મોરબી પોલીસને અટકમાં રાખી કાંથડે તેને છોડી મૂકી અને આ બનાવ પછી તો અનેક વખત મોરબી રાજ્યનાં કેટલાં યે ગામડાં દેદાઓએ લૂંટ્યાં. દેદાઓ દેશી અમલદારોથી નહિ પકડાય એ વિચાર કોણ જાણે કેમ મોરબી ઠાકોરને આવ્યો અને દેદાઓને મહાત કરવા ઠાકોરે એક ગોરા અમલદારની નિમણૂક કરી.

મધ્યાહ્ન તપ્યા પછીની એક આહ્લાદક ઊજળી સાંજ હતી. તે સાંજે અકસ્માતથી ગોરાની પલટનનો અને દેદાઓનો ભેટો થયો. દેદાઓને ઘાયલ કરવા ગોરો તો ગોળીઓ છોડવા જ લાગ્યો. પોતાનો બચાવ કરતોકરતો, બેલીઓને ઓસાણ ચડાવતો, 'શાબાશ', 'વાહ બેલીડું, વાહ' 'બાપો મારો', 'જરા આથમણા' 'જીએ બાપ' વગેરે ઉત્તેજનાઓ આપતો કાંથડ આગળ વધતો ગયો. છેવટે એક ઝાડના થડની ઓથે તે ઊભો રહ્યો. ગોરો હવે કાંથડથી માત્ર થોડે જ દૂર હતો.

'સાબ, અમારાં વેર તો મોરબીના ઠાકોર સાથે છે. તમે નાહક કાં દુઃખી થાઓ છો? સાબ, જીવ વહાલો હોય તો હથીઆર હેઠાં મેલો; નહિતર બધાં યે ભોં પર સૂઇ બેસશો.' કાંથડના અવાજમાં નિશ્ચલતા હતી.

પહેલાં તો ગોરાએ કંઇ જવાબ ન વાળ્યો. તેણે ગોળીઓ વરસાવવા જ માંડી. ગોળીઓ ઝાડના થડમાં પરોવાઇ જતી હતી.

હવે કાંથડ ક્રોધે ભરાયો. એણે બુલંદ અવાજે કહ્યું, 'એ સાબ, મેલ હવે; નકર ધૂળ ચાટતો થઇશ. તને પાડતાં આટલી વાર લાગશે!' એમ કહી કાંથડે ગોળી છોડી. ગોરાના કાન પાસે સૂસવાટો કરતી ગોળી ચાલી ગઇ.

તો ય ગોરો ન માન્યો.

'લે સાબ, મેલ હવે.' અને બીજી જ પળે ગોરાની ટોપી ક્યાંય દૂર જઇ પડી.

'માન હવે! નકર ત્રીજી ગોળી તારૂં કપાળ વીંધશે.' કાંથડે જરા હાથ થંભાવ્યો.

ગોરો હવે સમજ્યો કે તાકનાર ઉસ્તાદ હતો; અને પોતે નહિ માને તો હમણાં વીંધાઇ જશે એમ તેને લાગ્યું. હવામાં એણે પોતાનું મૃત્યુ આવતું જોયું. વિના વિલંબે એણે હથીઆર હેઠાં મેલ્યાં. દેદાઓને મહાત કરવા નીકળેલા ગોરાને દેદા પાસે નમી જતાં જરા યે નાનમ ન લાગી. વીરતા જીતને નથી વરતી; એ તો વીરત્વ દેખાડનારને વરે છે એ રજપૂતોનું સૂત્ર એ આસમાની કીકીવાળા ગોરાને સમજાયું ન હતું.

'સાબ! ફરી પાછા ન આવવાનો કોલ આપો તો મોરબીને પાધર પહોંચતા કરૂં, અને નહિતર કંથકોટના દર્શન કરાવું. અમારાં જારબાજરીનો રોટલો ને તાજું ઘી ક્યાં ય નહિ થાય!' કાંથડ પોતાના અમીર

સ્વભાવ પ્રમાણે બોલ્યો. પાછા ન આવવાનો કોલ દેઇ નવું જીવતર મળ્યું સમજી ગોરો પલાયન કરી ગયો.

**મો**રબીના ઠાકોર પાસે કાંથડને હંફાવવા હવે એકે ઉપાય રહ્યો ન હતો દેદાઓ કચ્છમાં છે, વળી કંથકોટમાં રહે છે; કચ્છી લોકો જ એ કંથકોટ ને એના રસ્તાથી બરાબર જાણકાર છે; કચ્છ રાજ્યનો પણ દેદાઓને રક્ષણ આપવામાં હાથ છે; કચ્છની પોલીસ જાણી-જોઇને આંખ આડા કાન કરે છે; આવા અનેક વિચારોની ગડમથલમાં ઠાકોર પડ્યા. દેદાઓ પરનું પોતાનું વેર લેવાની એમની વૃત્તિ દિવસોદિવસ વધુ ને વધુ સતેજ થતી ગઇ, અને છેવટે તેણે અંગ્રેજ સરકારની મદદ માગી.

કચ્છમાં ત્યારે રાઓ પ્રાગમલનો અમલ હતો. કાંથડ અને તેના સાથીઓને પકડી, સરકારને સોંપવાનો અંગ્રેજ સરકારનો હુકમ રાઓ પ્રાગમલને મળ્યો ત્યારથી રાઓની ચિંતા વધી હતી. દેદાઓએ જબ્બર બહારવટું ખેડ્યું હતું, પરંતુ તેઓએ કચ્છનું એકે ગામડું ક્યારે ય ભાંગ્યું ન હતું. પ્રાગમલને તેઓ પોતાનો ધણી લેખતા અને ઘણાં યે ધીંગાણાંમાં 'જીએ રા'નો જયઘોષ કરતા. વળી દેદાઓના મોવડી કાંથડને રાવે પૂરો પિછાન્યો હતો. એ વીર ગરાસીઆને હાથેપગે જંજીર નાખવા રાવનું હૃદય કેમે કરી કબૂલ કરતું ન હતું. પરંતુ અંગ્રેજ સરકારના હુકમનો અમલ ન કરવો એ એથી યે મોટું કામ હતું. એક બાજુ વીર ગરાસીઆ પ્રત્યેનો પોતાનો પ્રેમ અને બીજી બાજુ અંગ્રેજ સરકારનો કડક હુકમ એ બે વચ્ચે જોખાઇ રહેલો રાવ દિવસ ગાળતો હતો. પરંતુ છેવટે સરકારનો આખરી હુકમ છૂટ્યો અને રાવે ન છૂટકે પોલીસ અમલદાર આમુમિયાંને બોલાવ્યો.

'આમુમિયાં! છેલને તો હવે પકડવા પડશે. સરકાર માને એમ નથી.' કચ્છના લોકો કાંથડ અને તેના સાથીઓને 'છેલ' નામથી જ સંબોધતા હતા.

'બાવા, હુકમ કરો એટલે પકડી લાવું.' આમુમિયાએ હુકમ માગ્યો.

'પણ આમુ! છેલોને સરકારના હાથમાં સોંપવા એ વિચારે મને નથી ગમતો.' રાવે હૃદયની વ્યથા કાઢી.

'હજુર, ત્યારે અંગ્રેજ સરકારને કચવાવવામાં યે જોખમ છે ને?'

'હા; એ પણ ન બને. આમુ. માણસો લઇ તું જા. દેદાઓને જરા ય આંચ ન આવે તેમ સમજાવીને અહીં લઇ આવ. હવેથી મોરબી રાજ્યનું એક પણ ગામ કાંથડ ભાંગે નહિ તેવું લખાવી તે કરારનામું સરકારને મોકલી આપીશું ને દેદાઓને સુખરૂપ તેના ગામે રવાના કરીશું.' રાવને કંઇ ઉપાય સૂઝતાં તેણે વાત કહી. રાવનો હુકમ લઇ દેદાઓને સમજાવી કચ્છના દરબારમાં લાવવા આમુમિયાંએ વાગડનો રસ્તો લીધો.

કચ્છની પોલીસને લઇ આમુમિયાં દેદાઓને પકડવા આવે છે એ વાતની કાંથડને ખબર પડી. મોરબી સાથેની દુશ્મનાવટમાં કચ્છ રાજ્ય મોરબીને મદદ કરવા આવે એ વાત કાંથડને ખૂંચવા લાગી. કચ્છની પોલીસને સમજાવવા અને ન માને તો ભેટવા માટે સાથીઓને લઈ કાંથડ કંથકોટમાં દાખલ થવાનો માર્ગ રોકતો, પડાવ નાખી કંથકોટના દ્વાર આગળ પડ્યો.

સૂર્ય આથમતો હતો. ક્ષિતિજ પર માત્ર આથમના સૂર્યની સોનેરી સીધી લીટી જ રહી ત્યારે કાંથડ અને આમુમિયાંનો કંથકોટ પાસે ભેટો થયો. કાંથડને જ્યારે જ્યારે પોલીસનો ભેટો થતો ત્યારે ત્યારે તે ઝાડના થડની ઓથે રહીને જ કામ કરતો. કાંથડે થડની ઓથ લીધી અને નિશાન તાકી ઊભો રહ્યો.

'કાંથડ; તમને પકડવા નથી.' આમુમિયાંએ વાતની શરૂઆત કરી.

'પણ સાહેબ, મોરબીનાં વેર લેવાનું કચ્છના ખાવિંદને કેમ સૂઝ્યું?' કાંથડે સામો અવાજ કર્યો.

'મોરબીનું વેર જ નથી લેવું ને! આ તો રાઓ પ્રાગમલનો હુકમ લઇને આવ્યો છું.'

'રાઓનો શો હુકમ છે?'

'તમને બોલાવે છે.'

'કચ્છના ખાવિંદ બોલાવે છે? અને પછે—?'

'પછે શું? તમારો વાળે વાંકો ન થાય. દેદા!' આમુમિયાં વાત વધારતો ગયો. પછી તો બંનેએ હથીઆર હેઠાં મૂક્યાં ને પડખોપડખ બેઠા. ખૂબ વાતો કરી.

રાઓ પ્રાગમલ, પોતાનો ધણી, જ્યારે સામો ચાલી બોલાવવા માણસ મોકલે ત્યારે તો જવું જ એમ કાંથડને ધર્મ લાગ્યો. પોતાનો અને સાથીઓનો જીવ જોખમમાં રહેશે એ વાત તે સમજતો હતો, છતાં વાળ વાંકો ન થવાનું રાઓનું વચન છે એ

વિચારે તે જવા તૈયાર થતો હતો. એણે સાથીઓને આ વાતમાં પડકારી જોયા. કાંથડનો નિર્ણય એ સૌનો નિર્ણય હતો. માત્ર કાંથડના જમણા હાથ સમો વાલજી હૂંઠો પાટનગર જવામાં જોખમ છે એમ સમજતો હતો, અને ન જવા કાંથડને સમજાવતો હતો. પરંતુ નીડર, પ્રભુપરાયણ અને વચનની કિંમત સમજતા કાંથડે છેવટે આમુમિયાં સાથે જવાનું નક્કી કર્યું.

'કાંથડ! હું કહું છું પાછા વળો. જરૂર કંઇક દગો રમાશે.' તેઓ પાટનગરથી માત્ર ચાર માઇલ દૂર રહ્યા ત્યારે વાલજીએ છેલ્લો પ્રયત્ન કરતાં કહ્યું.

'તોય શું વાલા! ઇશ્વર બેલી થશે. અને રાવનું વચન ફરશે કાંઇ?' કાંથડે વિશ્વાસથી કહ્યું.

'તો લે રામરામ. હું તો નહિ આવું. અને કાંથડ! દગો રમાશે તો ય તારૂં બહારવટું મરવા નહિ દઉં. જીવીશ ત્યાં સુધી કોઇને જંપ વાળી બેસવા નહિ દઉં. લે, રામરામ ત્યારે!' એમ કહી વાલજીએ પોતાની પાણીદાર ઘોડીને એડ મારી દોડાવી મૂકી.

આમુમિયાં કાંથડ ને તેના સાથીઓને લઇ શહેરમાં આવ્યો અને રાઓ પ્રાગમલને મળ્યો. બધી હકીકત કહી. રાવે તરત જ દેદાઓને બોલાવ્યા અને કંઇ સુલેહભર્યો માર્ગ શોધી કાઢવા વાતચીત કરવા માંડી. આમુમિયાં દેદાઓને લઇ શહેરમાં આવી ગયો છે એ વાત પોલિટિકલ એજન્ટે જાણી કે તે જ વખતે દેદાઓને પોતાની બૅટલીઅનને સોંપી દેવા તેણે રાવને હુકમ મોકલાવ્યો. એક બાજુ દેદાઓને બચાવી લેવા રાવ પ્રાગમલ તનતોડ મહેનત કરી રહ્યો હતો, ત્યારે

## માગણ*

સોનલા વરણી બેન ને એનો
કાનજી વરણો ભાઇ,
માગણ આ ભગવાનનાં આવ્યાં
લેવા લોકદુવાઈ,
લોકનાં મોંઘાં બેન ને ભાઇ.

ધમક ઘેરા ઘુઘરા વાગે,
બેનડી ગાયે દીપક રાગે,
ભાઇને ઢોલક ધરતી જાગે,
રે દિશા દશ કાન માંડી બેઠી,
મેલે કાન મોરલી યે હેઠી.

મોરલા લાંબી ડોક ગહેકે,
ધરની મીઠી ફોરમ બહેકે,
વાડીઓ લીલોછમ લહેકે,
રે ભાંડુડાં આવ્યાના કોડે
નવો ભોમ અંચળો આઢે.

પાણિયારી પાણીસીંચતી પૂજે,
ગાવડી ગોરસ બમણાં દૂઝે,
ખેડૂત ખેતર ખેડતાં રીઝે,
રે ભલેરાં ભાઇ બેની આવ્યાં,
દુવા ભગવાનતણી લાવ્યાં.

**સુન્દરમ્**

* મેઘ અને વીજળીને લોકદુવાઈ લેવા આવેલાં ભગવાનનાં મોકલ્યાં માગણ ભાઇ-બહેન કલ્પીને ગૂંથેલું વર્ષાવર્ણનનું ગીત.

બીજી બાજુ દેદાઓને બૅટલીઅનને સોંપી દેવાનો એજન્ટનો હુકમ લઇ એક ઘોડેસવાર મારમાર કરતો રાવના મહેલ તરફ પડ્યો આવતો હતો. રાઓ અને દેદા હજુ તો વાતોમાં જ લીન હતા ત્યાં તો ઘોડેસવાર હુકમ લઇ આવી પહોંચ્યો. રાવે હુકમ વાંચ્યો. એની આંખોમાં રતાશ ચમકી. એનો ચહેરો લાલ થયો. પોલિટિકલ એજન્ટ કાંથડ અને તેના સાથીઓને મેળવવા આટલી અધીરાઇ બતાવશે એવું રાવે સ્વપ્ને પણ નહોતું ધાર્યું. દેદાઓને જમવા જવાનું કહી એ તરત જ ગોરા એજન્ટને બંગલે પહોંચ્યો. રાવ અને એજન્ટ વચ્ચે ખૂબ ગરમાગરમ વાતચીત થઇ. દેદાઓને બચાવી લેવાનો રાવે એકે પ્રયત્ન બાકી ન રાખ્યો. પરંતુ સર્વોપરિ સત્તા તો સરકારની જ છે ને?

અને બીજી સવારે એ કચ્છનો બહાદુર બહારવટીઓ કાંથડ તેના સાથીઓ સાથે કેદી તરીકે એક કોટડીમાં પૂરાએલો પડ્યો હતો. કાંથડને થયું કે રાવ દગો રમ્યો. પણ રાવને સમજવામાં તે અન્યાય કરતો હતો એમ કાંથડને સમજાવનાર તે વખતે કોણ હોય?

બહાદુર કાંથડથી ત્રાસેલા મોરબીના સીમાડે જ કાંથડ અને તેના છ સાથીઓને ફાંસીએ લટકાવવાના અંગ્રેજ સરકારના હુકમ છૂટ્યા. પૂરતા જાપ્તા સાથે, બૅટલીઅનના પહેરા હેઠળ કચ્છના એ બહારવટીઆઓને, ગાડાંમાં કાણાં કરી, તેમાં એમના પગ નાખી, લોખંડી ભારે જંજીરે પહેરાવી મોરબીને સીમાડે લઇ જવામાં આવ્યા.

રસ્તામાં ગીચ ઝાડી વચ્ચેથી જ્યારે બૅટલીઅન

આ બહારવટીઆઓને લઇ જતી હતી ત્યાં એક ગોળીનો બાર થયો. કાંથડ ચમક્યો. બૅટલીઅન સાવધ થઇ.

'બેલી કાંથડ, નો'તો કે'તો કે દગો રમાશે ?' દૂર ઘોડી પર બેઠેલા, પોતાના અરધા હાથ પર પિસ્તોલ ટેકવી ઊભેલા વાલજી દૂંદાએ અવાજ કર્યો.

'હોય બાપ, માણસના કૂડની કેમ ખબર પડે?' કાંથડે ઠંડે પેટે જવાબ આપ્યો.

'કાંથડ, ચિંતા મ કરજે. તારા બહારવટાને મરવા નહિ દઉં. અને બેલીઆ! મોરબીના ઠાકોરની યે ખબરૂં લઇશ અને એકએક ટોપીવાળાને ચૂંટી લઇશ.' વાલજીના સ્વરમાં ક્રોધ અને વેગ હતો.

'જીએ બાપ; અને ઘેર ખબરૂં કરજે કે કોઇ રોઇ ન બેસે. અને કહેજે કે એકએક જણ બંદુક લઇ બહારવટે ચડે.' કાંથડના સૂરમાં શૂરવીરતા ઘોરતી હતી.

'કાંથડ, નીરાંતે મરજે હો. તારા બહારવટા માટે તો હું બેઠો છું.' એમ કહી વાલજીએ ઘોડીની લગામ જરા હલાવી. હરણ સેલે તેમ ઘોડી સેલવા લાગી. વાલજીને પકડવા બૅટલીઅનમાં તાકાત હતી નહિ.

## તમે જાણ્યું?

'કુમાર'ના અરધા વરસના ગ્રાહક પણ હવે થઈ શકાશે. આ માસથી જ એ છમાસિક સત્ર શરૂ થાય છે. લવાજમ રૂા. ૩

**મો**રબીને પાદરે ફાંસીના સાત માંચડા તૈયાર થયા હતા. પોલીસો વચ્ચે ઘેરાએલા આ સાત બહારવટીઆઓ અણનમ હસતા હસતા ઊભા હતા. માનવમેદની એ બહાદુરોને લટકતા જોવા ખૂબ જામી હતી.

ફાંસીએ ચડવાની ગણાઇ રહેતી પળોનો અંત આવ્યો. ઘડિયાળનો કાંટો બરાબર નિયત કરેલી સેકન્ડ પર આવ્યો. હુકમ છૂટ્યો અને ખડખડાટ હસતો, કૂદકો મારતો કાંથડ ફાંસીના માંચડાને બાઝી પડ્યો. એણે પગ માંચડામાં રાખ્યો, ગળામાં નાખવાની દોરી હાથમાં પકડી, એક અમીભરી દૃષ્ટિ માનવમેદની પર નાખી. હાથ લંબાવ્યો, અને આખી યે માનવમેદની, મૂર્છાવશ થઇ જાય એવા કરુણ સ્વરે એણે હાથ લાંબો કરી લલકાર્યું. 'એ . . . . માનવી, માયા રાખજો!'

સૂર્ય આડે એક વાદળ આવી ગયું. છેટે એક ગાય ભાંભરી ઊઠી. આખી યે મેદની અવાક્ બની ગઇ.

કચ્છના એ સાતસાત છેલોની—દેવાઓની દેહો ગળાં આગળથી દોરીમાં પરોવાઇ અદ્ધર લટકતી રહી.

**રસિકલાલ જોષી**


# સાહિત્યની નજરે

## ૯ કીશનગઢ

**જ**યપુરથી ઊપડીને અમે કીશનગઢ આવ્યા અને પહેલી જ સાંજે અમે અજમેરનું અનાસાગર સરોવર જોઇ આવ્યા. ત્યારે તો એમ જ લાગ્યું કે કીશનગઢમાં જોવાલાયક સ્થળ અજમેર જ છે. પણ કીશનગઢમાં જોવા કરતાં વિચારવાનું ઘણું હતું. અમે જોધપુર અને બીકાનેરનાં રજપૂત રાજ્યો જોયાં, કપુરથલા અને પતિયાળાનાં શીખ રાજ્યો જોયાં, અને શીખ છતાં સરકારને હસ્તક ગએલાં લાહોર અને અમૃતસર જોયાં; વળી સર્વથી જુદું પડે તેવું જયપુર પણ જોયું. એ બધે વખતે મને એક જ વિચાર આવ્યા કર્યો હતો કે એ દરેક સ્થળે જુદું જુદું જોવાનું મળ્યું હતું. દરેક રાજ્યે પોતાની દૃષ્ટિ પ્રમાણે પોતાનું જે સારામાં સારૂં હતું તે બતાવ્યું હતું. પણ રાજ્યે જે ન બતાવ્યું તે કેવુંક હશે? વળી અમુક રાજ્યે અમુક જ બતાવ્યું. કપુરથલાએ જેલ બતાવી, પતિયાળાએ મોટર ગૅરેજ અને શ્વાનશિક્ષણ બતાવ્યાં, જોધપુરે પ્રાચીન સંગ્રહો બતાવ્યા; પણ સાથેસાથે પતિયાળા અને જોધપુરે જેલ ન બતાવી ને કપુરથલાએ મોટર ગૅરેજ ન બતાવ્યું!

મારવાડમાં પ્રચંડતા હતી, ક્યાંક ક્યાંક ભવ્યતા પણ હતી; અને તેની સાથે સાથે નિર્જીવતા પણ હતી. મારવાડના નિર્જન પર્વતોની શાંતિ, એ બાલ સમંદ અને મંડોર જડ હતાં. તેમાં ક્યાં યે સજીવતા નજરે પડતી નહોતી. તેથી ઊલટું પંજાબમાં સંજીવન હતું; પ્રાણ હતા, તેજ હતું. એ પ્રાણ અને એ તેજ તેમજ મારવાડ જેવી પ્રચંડતા ફરી પાછાં જયપુરમાં દેખાયાં.

અમે જે સર્વ જોયું તે શા માટે હતું તેનો ઉત્તર ઇતિહાસ આપશે, પણ ન જોયું તે શા માટે નહોતું એ વધારે મહત્ત્વના પ્રશ્નનો ઉત્તર તત્ત્વજ્ઞાન જ આપી શકે. રાજ્યોમાં જે સારૂં અમે જોયું તે અને જેટલું ખરાબ અમે ન જોઈ શક્યા તે, એ બંનેને સાથે સાથે તુલામાં મૂકવાથી જ રાજ્યની સારાસારતાનો યથાયોગ્ય ખ્યાલ આવી શકે. અને ઍરિસ્ટોટલ કહે છે કે દરેક સદ્ગુણ તે બે સામસામી અન્ત્ય દશાઓનું મધ્ય છે. રાજ્યના ગુણનું માપ પણ એ રીતે નીકળી શકે. અને એટલે જ ભિન્નભિન્ન રાજ્યના ગુણદોષના વિચારમાં તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિ જરૂરી છે.



અનાસાગર • અજમેર

વિખ્યાત ફિલસૂફ પ્લેટોએ એક આદર્શ રાજ્યવ્યવસ્થાની કલ્પના મૂકી છે. આદર્શ રાજ્યવ્યવસ્થાની આર્યોની કલ્પના રામરાજ્યની છે. મહારાજા રામચન્દ્ર એટલે ધોબીનાં વાક્યો ઉપર પણ જે ધૈર્ય અને ક્ષમાથી ધ્યાન આપી શકે એવા મહાપુરુષ; જેના જીવનમાં સત્ય એ જ પરમ ધર્મ હતો, અને જે બધાને શિક્ષણ આપી શકે તેવા હતા. પ્લેટો એવા કોઇ રામચન્દ્રની વાત કરતો નથી. તે માનવશક્તિનાં ત્રણ વર્ગીકરણ કરે છે. મગજની શક્તિઓ, હૃદયની શક્તિઓ અને શરીરની શક્તિઓ; અને પછી કહે છે કે એ ત્રણેનો જેનામાં સપ્રમાણ યોગ હોય તે લોકોત્તર પુરુષ બને છે, અને તે સમાજની વચ્ચે છતાં તેનાથી પર રહીને તેનું નિયમન કરે છે. લોકોત્તર પુરુષ માટે જે ગુણો પ્લેટો આવશ્યક ગણે છે તે બધા રામચન્દ્રજીમાં છે.

પણ રાજનીતિના અભ્યાસમાં જરૂરી એવાં રામાયણ અને મહાભારત આજે શીખવાતાં નથી. એ કારણે કેટલાક રાજાઓને આદર્શ રાજ્ય કેવું હોય તેનો ખ્યાલ પણ ન હોય તે સંભવિત છે. છતાં આજે ઘણા રાજાઓમાં કંઇક એવું છે જે બીજા લોકોમાં નથી. તે ઉપરથી એમ લાગે છે કે જો કવિ બનવા માટે કવિ જન્મવું પડતું હોય તો ખરેખરા રાજા બનવા માટે રાજા જન્મવું પડે. એક રાજનીતિજ્ઞ મહાપુરુષે એક વખત કહેલું કે રાજા રાજા છે કેમકે તેનામાં ક્ષમા અને ધૈર્ય છે. અરજદારો હમેશાં બધાને પજવે જ. છતાં રાજાના સ્વભાવને તે પજવણી અસર કરતી નથી. રાજાને શિક્ષણ આપવાની સારામાં સારી અને છેલ્લામાં છેલ્લા મતના કેળવણીકારો પણ કબૂલ કરે તેવી શાળા રાજ્ય એ જ છે. લોકશાસનના હીમાયતીઓ આજે કહે છે કે લોકશાસન મેળવવું એ જ તેમાં પ્રવીણ થવાનું સારામાં સારૂં સાધન છે. આ જ મુદ્દા પાછળ રહેલા સત્યને વર્ષો પહેલાં સમજીને રાજ્યને વંશપરંપરાગત કરવાનો રિવાજ પડ્યો હશે?

પણ દરેક સંપત્તિની કે સંસ્થાની પરીક્ષા કરવાનું સ્થાપિત ધોરણ એ પ્રશ્નોના ઉત્તરથી નક્કી કરી શકાય. તે શા ઉપયોગની કે શા હિતની છે, અને લોકકલ્યાણ માટે એનો શા રીતે ઉપયોગ થઇ શકે તેમ છે. પ્રત્યેક રાજ્ય માટે પણ એ જ ધોરણ મૂકી શકાય. રાજાઓ પાસે દ્રવ્ય અને સત્તા ચારે પાસથી એકત્ર થાય છે. તેના દ્રવ્ય દ્વારા સમાજના આત્માનો વિકાસ કરે તેવાં કલા કૌશલ્યને તે પોષે અને સત્તા નિર્બલનું પ્રબળથી રક્ષણ કરે ત્યાં જ રાજવ્યવસ્થા સૌથી ઉત્તમ ગણાય. પણ આ કસોટીએ બધાં રાજ્યોને ચઢાવી તેનો ઉત્તર આપવો તે આ લેખના ઉદ્દેશની બહાર છે.

(ચાલુ) 'ख'



# મધુકરી

**આગે! આગે!**

સંભારું ના ગત જીવનને અંતરે યાદ લાવી,
ના એના કો' કરુણ ગીતની એક લીટી ય ગાવી;
હું તો ચાહું પ્રતિ પળપળે વર્તમાને જીવીને
આગે આગે કદમ ધરતાં જાગતો રે રહીને. —સોમાભાઈ ભાવસાર

## લોકસેવક ભિક્ષુ અખંડાનંદજી

*** લોકસંગ્રહની દૃષ્ટિએ સ્વામી શ્રી ભિક્ષુ અખંડાનંદજીની સાહિત્યસેવા અજોડ છે. પરબ્રહ્મની જોડે તાદાત્મ્ય સાધવાની લગનીવાળા એ આજન્મ વિરાગવૃત્તિધારીએ, છ આનાના દેવદારના ખોખાના ટેબલથી શરૂઆત થઇને ગુજરાતને ગામડેગામડે જ્ઞાનની પરબો પહોંચાડનારી 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' જેવી વિસ્તૃત અને માતબર સ્થિતિએ પહોંચેલી સંસ્થાની ઉત્પત્તિ અને સ્થિતિ કઇ તાલાવેલીથી, કેટલી તનતોડ મહેનત અને કેવી અદ્‌ભુત ત્રેવડશક્તિ તથા વ્યવહારકુશળતાથી સાધી એની કથા આ નીચેના રેખાચિત્રમાં નથી. વરસોની સતત લોકસેવા પછી આજ પક્ષાઘાતને લીધે અનિચ્છાએ નિષ્ક્રિય થઇ પડેલા એ લોકસેવકના હાથ તળે તાલીમ પામવાનું સુભાગ્ય આ લખનારને મળ્યું છે, અને કોઇ કાળે એ શ્રમસાધ્ય જીવનની વાત આ પાનાંઓ ઉપર આપવાની અભિલાષા છે. પરંતુ તે દરમ્યાન, પ્રસિદ્ધિનો સદા અણગમો સેવનાર એ સાચા સંન્યાસીના પૂર્વજીવનની કથા કહેતું આટલું આ રેખાચિત્ર, એવી જ લાંબી તાલીમ પામેલા ભાઈશ્રી ત્ર્યંબકલાલ શુકલ તરફથી આપણને મળે છે એ પણ એક મોંઘી પ્રાપ્તિ છે એમ સમજી 'શારદા'માંથી એ તારવીને આ નીચે ઉતાર્યું છે. —બ.

સ્થૂળકાય છતાં તેજઃપુંજ સમા ઝગઝગતા ચહેરાવાળા કોઇ સંન્યાસીને, સાથી સાથે અથવા એકાકી, કોઇ દિવસ સંધ્યા સમયે અમદાવાદમાં એલિસબ્રિજ ઉપરથી પસાર થતા કે મુંબાઈમાં કાગળોના વેપારીઓને ત્યાં જતાઆવતા જોયા હોય તો જાણજો કે એ 'ગરીબોને સાહિત્યજલ પાતા, ગુજરાતને ગામડે ગામડે જેનાં પ્રકાશનો પહોંચી ગયાં છે તે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના એકનિષ્ઠ સંચાલક કર્મયોગી અખંડાનંદજી.'

વીર વિક્રમનું ૧૯૩૦મું વર્ષ હતું. ખેડા જિલ્લાના બોરસદ ગામમાં જગજીવન ઠક્કર નામના એક હોશિયાર અને ધાર્મિક વૃત્તિવાળા વેપારી હતા. દરિયામાર્ગે વહાણો ભરીને તેઓ માલ મંગાવતા અને પોતાનો લોખંડ, ચિનાઇ વાસણ તથા અનાજનો ધંધોરોજગાર ધમધોકાર ચલાવતા. તેમને હરિબા નામનાં એક પવિત્ર, ધર્માત્મા, સુશીલ, ઉદાર ને દાનશીલ પત્ની હતાં. તેમનો ગૃહસ્થાશ્રમ સુખશાંતિમાં ચાલતો હતો. હરગોવિંદ, શિવલાલ અને મોહનલાલ જેવા ત્રણ ત્રણ બડવીર દીકરા અને પાર્વતી તથા સદાબેન નામની બે દીકરીઓ હતી. આખા યે કુટુંબમાં આનંદ આનંદ હતો. પૈસેટકે એ કુટુંબ સુખી ગણાતું. પણ તેમના ભાગ્યમાં હજી એક પુત્રરત્નને જન્મ આપવાનું નિર્માએલું હતું. તે સૌથી નાના અને છેલ્લા પુત્રરત્ન તે અત્યારના આપણા ભિક્ષુ અખંડાનંદ.

જગજીવન ઠક્કરને ત્યાં સવારથી તે સાંજ સુધી કોઇપણ અભ્યાગતને માટે અનાજની લ્હાણી તો ચાલુ જ રહેતી. એમનો ધંધોરોજગાર ઘણો સારો ચાલતો અને તેઓ ગામના એક અગ્રગણ્ય સજ્જન ગણાતા. સંતસેવી અને ભક્તિપરાયણ પણ હતા. તેમને ત્યાં સંત મહંતોના અખાડા જામતા અને પંગતોની પંગતો પડતી. આવા સાધુહૃદય અને સેવાપરાયણ પિતા તથા ભક્તિમયી માતાના પૂર્વ સંસ્કારો લઇ બાળક લલ્લુએ કોઇ પુણ્ય દિવસે આ સંસારમાં પગલીઓ પાડી.

કુળગુરુ મોહનદાસજી સાપર તરફથી પોતાના સંતમંડળ સાથે બોરસદ આવે ત્યારે જગજીવન ઠક્કરને ત્યાં જ ઉતારો કરતા. એક દિવસ મહંતજીનો બેરખો લઇને બાળક લલ્લુભાઇ રમે છે અને એ બેરખાના મણકા ચૂસ્યા જ કરે છે. મહંતજી



ભિક્ષુ અખંડાનંદજી

આ જોઈ આશ્ચર્યચકિત થાય છે. બાળકની ભક્તતા જોઈ તેઓ ભવિષ્ય ભાખે છે કે 'આ બાળક ભવિષ્યમાં કોઈ સમર્થ સંન્યાસી નીવડશે.' આ વાત સાંભળી કુટુંબમાં ક્ષોભ થયો. પણ દિવસો જતાં એ ભુલાઈ ગઇ.

સાત વર્ષના થયા. એટલે લલ્લુભાઇને કુટુંબનાં બીજાં બાળકો સાથે ઉમિયાશંકર મહેતાજીના હાથ નીચે કક્કો ને એકડા ઘૂંટવા મૂક્યા. ત્રણેક વર્ષમાં બારાખડી અને આંક વગેરે પૂરાં કર્યાં પછી તેમને ગુજરાતી નિશાળમાં મૂકવામાં આવ્યા.

બારતેર વર્ષની ઉંમરમાં લલ્લુભાઇએ છસાત ચોપડી પૂરી કરી અને તે જ અરસામાં, એટલે સંવત ૧૯૪૩ માં, પિતાશ્રી દેવલોક પામ્યા. એટલે આખું યે કુટુંબ ખંભાતથી સાતેક ગાઉ દૂર સારોદ ગામમાં રહેવા ગયું. ત્યાં યે દુકાન ચાલતી જ હતી મોટા ભાઇઓ વગેરે ત્યાં જ રહેતાં હતાં. એ બધાને પરણાવી દીધેલા હતા, અને તે જ પ્રમાણે નાના લલ્લુને પણ બાળપણમાં સાતમે આઠમે વર્ષે જોતરું વળગાડી દીધું હતું

હવે તો દુકાને બેસવાનું થયું અને બીજું કામકાજ પણ માથે પડયું. શાળામાં ગોંધાઇ રહેવા પ્રત્યે તિરસ્કાર છતાં વાચનનો રસ જાગેલો અને હિસાબકિતાબ શીખી લીધેલા. એ વાચનનો રસ તૃપ્તિ શોધ્યા જ કરે, એટલે લલ્લુભાઇ દુકાને બેસે, ઘરાકને માલ આપે ને મેં પાછું ચોપડીમાં ઘાલે. રાત્રે મંદિરમાં આરતી અને ભજનો થાય તેમાં જાય અને આનંદ કરે. આમતેમ મનોવૃત્તિને અનુકૂળ પડે તેવો જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ તેમણે શોધી કાઢ્યો અને તેમાં એટલો બધો રસ લેવા લાગ્યા કે એક સુંદર ભજનિક ગાનાર, બજાવનાર અને મંડલીના આગેવાન જેવા એ ગણાવા લાગ્યા. ભજનો સાંભળવાનું તો તેમને હજી યે ખૂબ ગમે છે અને એ વખતની તેમની એકાગ્રતા ને તલ્લીનતા યોગીના જેવી હોય છે. આ લખનારે કોઇ કોઇ વખત તો એ ભજનમંડળીઓમાં ભિક્ષુજીની આંખોમાં અશ્રુપાત થતો પણ જોયો છે. ભજનાનંદી સ્વામીજી સંન્યાસી થયા પછી પણ પોતાની પાસે નાનકડી સિતાર રાખતા. પાછળથી એ બિચારી પણ બાવાજીને લપ જેવી લાગેલી એટલે તેને ગંગાજીમાં પધરાવી દીધી હતી

વેપારમાં સત્ય, પ્રામાણિકતા અને નીતિ જાળવીને જે કમાઈ શકાય તે જ કમાવું એવો તેમનો નિયમ હતો અને એ પ્રમાણે વેપાર ચલાવવા છતાં યે લલ્લુ ઠક્કરનો વેપાર સારો ચલતો હતો; ને ઠીકઠીક કમાણી થતી હતી.

પણ બીજા ભાઇઓને વેપારની તેમની આવી રીતિનીતિ પસંદ પડી નહિ, એટલે તેમણે પિતાની સંપત્તિ વહેંચી લીધી અને દુકાન ભાગમાં ચાલવા લાગી. વેચાણનું કામ બીજા ભાઇઓએ સંભાળવા માંડયું ને લલ્લુભાઈને માથે મોટે ભાગે ખરીદનું કામ કરવાનું આવ્યું. આ કામ તેમને ગમતું. ગ્રાહકોની સાથે કશી રકઝક કે પંચાતમાં ઊતરવાનું નહિ અને આ કામ તો અવકાશને સમયે સ્વતંત્રતાપૂર્વક થઈ શકતું, સોદો કરીને માલ મોકલવાની વ્યવસ્થા કરી દે પછી તેઓ છૂટા ને છૂટા.

બાહ્ય રીતે એ કશો ડોળડમાક પસંદ કરતા નહોતા. ટીલાં ટપકાં કરવાની કે હરિકથામાં નિયમિત જવાની તેઓને ઝાઝી પરવા નહોતી. આથી કોઇકોઇ માણસો તેમને નાસ્તિક, છેલીઆ ને લહેરી તરીકે ઓળખતા; અને તે વખતે તો જુવાન લલ્લુ ઠક્કર બાબરાં રાખતા ને છોગાળો ફેંટો પણ બાંધતા.

ત્યાર બાદ છપ્પનનો દુકાળ પડયો ને સંવત ૧૯૫૭ માં તેમનું કુટુંબ પાછું બોરસદમાં રહેવા આવ્યું. એ અરસામાં બોરસદમાં નડિયાદવાળા ગોપાળદાસજી મહારાજે કથા માંડી હતી, તેમાં તેઓ પ્રસંગોપાત જતા આવતા. આ કથામાં તેમને ગીતા ને યોગવાસિષ્ઠના વાચનનો રસ લાગ્યો. સંસારમાંથી મન ઊઠી જવા ઇચ્છતું અને ઇશ્વરને માર્ગે જતા ભક્તોની આતુરતા તેમનામાં ખીલતી જતી હતી.

શેરખીવાળા વયોવૃદ્ધ પરમહંસ જાનકીદાસજી મહારાજ સાથે તેમને સારો પરિચય હતો. આ જાનકીદાસજી મહારાજને તમાકુ પ્રત્યે ખાસ અણગમો હતો. લલ્લુભાઇ પણ તે સમયે બીડી, તમાકુના વ્યસનમાં સપડાએલા હતા. મહારાજને કાને વાત આવી. મહારાજે કહ્યું: 'લલ્લુ ઠક્કર! તમે પણ બીડી તમાકુ છોડી શકતા નથી કે?' લલ્લુ ઠક્કર શરમાયા અને જળ મૂકયું.

હવે તેમના ગૃહસ્થાશ્રમ તરફ વળીએ. તેમનાં લગ્ન જે બાઈ સાથે થએલાં તેઓ એક ધનવાન ઘરનાં પુત્રી હતાં.

સંસ્કારીતાના અભાવે પતિદેવની બદલાતી મનોવૃત્તિઓ અને ભાવનાઓ તેઓ સમજી શકતાં નહિ. આ કારણોથી લલ્લુ ઠક્કરને કેટલીકવાર ભારે મનોવ્યથા થાય તેવા પ્રસંગો પણ બનતા. છતાં સાચી ઉપરામતા ન જાગે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં જ રહેવું એ એમનો નિશ્ચય હતો. સંસારનાં કષ્ટો ને મુશ્કેલીઓથી ભાગી જવું એને પણ તેઓ એક પ્રકારની નિર્બળતા માનતા. સાચી વૈરાગ્યવૃત્તિ સિવાય સાધુતા ને સંન્યાસે શોભતા નથી એટલે એમણે ૨૮-૨૯ વર્ષની ઉમર થતાં સુધી સંસારના અનેક કડવા અનુભવો થતાં છતાં યે ગૃહસ્થાશ્રમ સારી રીતે ચલાવ્યે રાખ્યો અને તે અરસામાં તેમને એક પુત્ર થયો.

ગૃહસ્થાશ્રમના બીજા અનેક પ્રકારના અનુભવોથી મન ઉપરામ થવા લાગ્યું હતું અને આધ્યાત્મિક દૃષ્ટિ ખીલતી હતી. અંતે સ્ત્રી, પુત્ર, તેમજ હજારોની સંપત્તિ પડતી મૂકી લલ્લુ ઠક્કર દયાધર્મ માટે છસોક જેટલા રૂપિયા લઇ સંન્યાસને પંથે પરવર્યા. સંવત ૧૯૬૭ ના માહવદી ત્રયોદશી (શિવરાત્રી) ને દિવસે વૃદ્ધ સ્વામી શિવાનંદજી પાસે સંન્યાસદીક્ષાની વિધિ-પુરઃસરથી ક્રિયા સાબરમતીને તીરે અમદાવાદમાં કરાવી. આ સંન્યાસની તેમનાં પત્નીને ખબર પડતાં તેમને ઘણું ઘણું લાગી આવેલું પશ્ચાત્તાપ થએલો અને વિરહવેદનામાં ને વેદનામાં દોઢેક માસમાં જ તેમણે દેહત્યાગ કરેલો તે જ અરસામાં સ્વામીજીને પણ સ્વપ્નમાં એ બાઇનાં દર્શન થએલાં. સ્વામીજીની દૃષ્ટિ નીચે છે; બાઇ હાથ જોડીને ઊભાં છે; ક્ષમા માગે છે; પશ્ચાત્તાપ કરે છે અને વિલીન થઇ જાય છે. અને સ્વામી અખંડાનંદ અનુપમ જ્યોતિને માર્ગે સંચરે છે

સાથે લીધેલા છસો રૂપીઆ ઉત્તર હિંદમાં દુષ્કાળ કે રેલ સંકટમાં પડેલા દીન દુઃખીઓની સેવામાં ખરચી નાંખે છે અને અખંડાનંદજી હૃષિકેશ તથા ઉત્તર કાશીને રસ્તે હિમાલય જવા ઉપડે છે ગંગોત્રીની યાત્રા કરે છે. એ સાત્ત્વિક તપોભૂમિનાં હવાપાણી અને ઉમદા અસરોમાં તથા પાવનકારી વાતાવરણમાં રહી અધ્યયન, મનન ને નિદિધ્યાસ આદરે છે. ધ્યાન, ધારણા ને સમાધિના કંઇક અનુભવો પણ લે છે. અનેક સંત મહાત્માઓનાં ચરણ સેવે છે. સત્સંગનો લાભ પણ લે છે. આ જ અરસામાં તેમને બ્રહ્મનિષ્ઠ સ્વામી રામતીર્થજીનાં દર્શન થાય છે અને એકાદ બે માસ કાશી વગેરે તરફ તેમની સાથે રહેવાનો લાભ મળે છે.

અખંડાનંદજીએ કેટલાક ગુરુઓ કરેલા, પણ સ્વામી રામતીર્થજીની સાથે સાથે જે સમય ગાળેલો તેમાં તેમની બધી ગૂંચો-મૂંઝવણો-ઉકલી ગઇ હતી અને આત્મસંતોષ થયો હતો.

આ પછી તેઓ મુંબાઇ આવેલા ત્યારે કોઈ બુકસેલરને ત્યાં ભજનની એક ચોપડી લેવા ગએલા કિંમત જોઇ તો ચાર પાંચ ગણી ચડાવેલી. વિચાર આવ્યો કે આ સ્થિતિમાં જ્ઞાન-પિપાસુ ગરીબોની શી દશા? પણ કરવું શું? ત્યાં અચાનક પૂર્વાશ્રમના કુટુંબીમાંથી કોઈ સંબંધીના મૃત્યુનો પત્ર આવ્યો ને સાથે સાથે ત્રણસો જેટલી રકમ ધર્માદામાં ખર્ચવાની વૃત્તિ જણાવી. સ્વામીજીને ભાગવતનું પારાયણ કરતાં એકાદશ સ્કંધ ખૂબ ગમી ગએલો, એટલે આ પૈસામાંથી ખોટ ખાવી પડે તો ખાવી એવી ગણત્રી રાખીને એકાદશ સ્કંધની હજારેક પ્રત છપાવીને પાંચેક આનાની કિંમત રાખી. આમ સ્વામીજીએ સાહિત્ય પ્રચારમાં પહેલાં પગલાં માંડયાં. હવે તો સ્વામીજી બાવાજી છતાં યે ચોપડીઓનાં પાર્સલ બાંધનાર રવાના કરનાર અને ધર્મપુસ્તકના પ્રચારક બન્યા. તે જ અરસામાં સ્વર્ગનાં પુસ્તકોના ઇજારદાર સ્વ. શ્રી અમૃતલાલ સુંદરજી-પઢિયાર સ્વામીજીને મળ્યા. તેમને સ્વામીજીએ પ્રસિદ્ધ કરેલું આ પુસ્તક બહુ ગમ્યું હતું અને તેઓ પણ સાહિત્ય-પ્રચારની આવી કોઇ પ્રવૃત્તિ થાય તો સારૂં એમ ઇચ્છતા હતા. સ્વામીજીને તો આ પછી અનેક પ્રકારનાં શુભ સાહિત્યના પ્રચારના વિચારો ને યોજનાઓ મનમાં આવવા લાગ્યાં હતાં. એમ કરતાં કરતાં દશમ સ્કંધ ખલાસ થઇ ગયો ને સ્વામીજી હૃષિકેશ તરફ ઊપડી જવાના વિચારમાં હતા. ત્યાં ગીતાની સસ્તી આવૃત્તિ કાઢવાનો વિચાર મનમાં જાગ્યો ને તેની પ્રથમ આવૃત્તિ પાંચ હજાર પ્રત જેટલીની કાઢી. એક ભાઇને તેની વ્યવસ્થાનું કામ સોંપી તેમણે હિમાલય જવાની ગણત્રી રાખેલી. પણ ગીતાની આવૃત્તિ ખલાસ થાય ત્યાં સુધી તો તેમણે રોકાઇ જવું પડે તેમ લાગ્યું. એટલે મુંબાઇનાં હવાપાણી પ્રતિકૂળ લાગતા છતાં યે ત્યાં રોકાયા. પછી તો કોઇ ઇશ્વરી સંકેતથી વિવિધ ગ્રંથમાળા શરૂ થઇ, ચરિત્રમાળા અને બૃહદ ગ્રંથમાળા પણ કાઢી ને તેને સારો લોકાદર મળ્યો. ધારવા કરતાં યે વિશેષ ગ્રાહકસંખ્યા થઇ. કેટલીક મદદમાં શ્રી પઢિયાર તો હતા જ; તે ઉપરાંત ઑફિસકામ વગેરે માટે ભાઇ વેણી-શંકરને રોકયા ને કામ ચલાવ્યું. તે અરસામાં આ બધું ચલાવનારી એક મંડળી અથવા કમિટી જેવું પણ બનાવેલું.

આ રીતે સસ્તું સાહિત્ય વર્ધક મિત્રમંડળની મુંબાઇમાં શરૂઆત થયા પછી તેની અમદાવાદ ખાતે શાખા ખોલવામાં આવી અને સ્વામીજી પણ ત્યાં આવ્યા અને હૃષીકેશ રહ્યા રહ્યા જ્ઞાન તથા ચારિત્ર્યવર્ધક સાહિત્યના પ્રચારનું કામ કરવા લાગ્યા. વચ્ચે વચ્ચે સ્વામીજીને હિમાલય તરફ ચાલ્યા જવાનું ને આ લપ છોડવાનું ઘણું યે મન થાય, પણ પરમાત્મા એવા સંજોગો ઊભા કરે કે તેઓ આ બધું છોડીને તદ્દન છૂટા તો થઇ શકે જ નહિ. કંઇક ને કંઇક વધી જાય અને કામ ચલાવ્યે જ રાખવું પડે. આમ ઇશ્વરેચ્છાને અનુકૂળ થતાંથતાં અને તેને વધાવી લેતાંલેતાં ભિક્ષુ અખંડાનંદજીએ પહેલાં દસબાર વર્ષમાં કેટકેટલાં યે ગ્રંથરત્નો માતા ગુર્જરીને ચરણે ધર્યાં અને એ બધો સાહિત્યપ્રચાર કરતાંકરતાં સ્વામીજીને કેવાકેવા સંજોગોમાંથી પસાર થવું પડયું તથા 'સસ્તું સાહિત્ય'ની સંસ્થા કેમ અસ્તિત્વમાં આવી તથા જામી તે વિષેનો તેમણે પોતે જ

લખેલો રસિક, ઉત્સાહપ્રેરક અને વિવિધ અનુભવથી યુક્ત અહેવાલ 'ઉત્પત્તિ, સ્થિતિ ને ભવિષ્ય' નામના એ સંસ્થાના પુસ્તક ઉપરથી મળી શકે છે. એ પુસ્તક ખાસ કરીને લોકસેવાનાં ક્ષેત્રોમાં કામ કરનાર લોકસેવકોએ અને લોકસેવાપ્રેમી યુવક યુવતીઓએ અવશ્ય વાંચવું વિચારવું સમજવું ઘટે છે.

એ સંસ્થા દ્વારા નીકળેલી વિવિધ ગ્રંથમાળા, ચારિત્ર્યમાળા અને બૃહદ્ ગ્રંથમાળા દ્વારા જે ગ્રંથરત્નો ગુજરાતને ચરણે રજુ થયાં છે તેની સંખ્યા હવે તો લગભગ સવા બસો જેટલી થવા જાય છે. તેની પાંચ હજાર જેટલી ગ્રાહકસંખ્યા જ એ સંસ્થાનાં પ્રકાશનોની લોકપ્રિયતાનો પુરાવો છે.

હવે સ્વામીજીના જીવનનાં કેટલાંક ઉમદા તત્ત્વોનો અત્રે ઉલ્લેખ કરીએ. તેઓ કદિ પણ કામ વિનાના રહેતા નથી. તેઓ હિમાલયના શાંત ને એકાંત પ્રદેશોમાં હોય, મુસાફરીમાં હોય કે શહેરની ધમાલમાં વસતા હોય તોપણ તેમનું નિયત કાર્ય તો ચાલુ જ હોય. પ્રાતઃકાળે ચાર વાગ્યે ઊઠીને કામ કરવું અને રાત્રે મોડે સુધી કામ કરવું. એ તો તેમનો કેટલાં યે વર્ષો સુધીનો નિયત ક્રમ રહ્યો છે. આજે સાઠ સાઠ વર્ષની સંખ્યાઓ વટાવતાં છતાં ભલભલા યુવાનને શરમથી નીચું જોવડાવે એવી કાળજાંતૂટ મહેનત તેઓ કરતા આવ્યા છે. અને એ બધું કાર્ય બજાવવા છતાં યે અંતરથી તો તદ્દન નિર્લેપ.

તેમને મોટાભા થઇને ફરવાનું કે જગબત્રીશીએ ચડવાનું જરા યે ગમતું નથી. તેમને નથી કોઈ સાક્ષરોનો પરિચય કે નથી કોઇ દુન્યવી મહત્તાની આકાંક્ષા. તેઓ તો માત્ર ઇશ્વરેચ્છા સમજીને સંચિત પ્રારબ્ધ કર્માનુસાર કામ કામ ને કામ કર્યે જાય છે. ગુજરાતના એ મૂક સાહિત્યસેવક ને ઉપાસક આત્મપ્રશંસાથી દૂર ભાગનારા છે. તેઓ પોતાને દેહભાવે મેલા, જીવભાવે ઘેલા ને આત્મભાવે અખંડાનંદ તરીકે ગણે છે. પ્રસિદ્ધિ તથા સન્માનથી એ દૂર ભાગનારા છે. ભાગ્યે જ તેઓ કોઈ સાહિત્ય પરિષદમાં ગયા હશે, અને ગયા હશે તો સૌથી છેલ્લી હારમાં છુપાતા સંતાતા બેઠા હશે.

તેમની ચોકસાઇ અને ચીવટ તથા પરિશ્રમી સ્વભાવને પરિણામે તો સંસ્થા અયાચક વ્રત જાળવી શકી છે અને શૂન્યમાંથી આખી સૃષ્ટિ ઉત્પન્ન થાય તેમ અત્યારની સંસ્થાનો વિસ્તાર અને સમૃદ્ધિ એ તેમના ઉપલા બે ગુણો તેમજ તેમની કાર્યદક્ષતાને આભારી છે. 'સસ્તું સાહિત્ય' એ કોઇનાં દાન કે દયાધર્મમાંથી ઉત્પન્ન થએલી સંસ્થા નથી, પણ ભિક્ષુ અખંડાનંદજીની ચીવટ, ઝીણામાં ઝીણી વિગતની કાળજી, ચોકસાઇ, સતત કાર્યપરાયણતા ને નિષ્કામ સેવાબુદ્ધિ તથા સૂક્ષ્મ પરિશ્રમમાંથી ઉત્પન્ન થએલી ને વિસ્તાર પામેલી સંસ્થા છે.

### કેટલાક દુષ્પ્રાપ્ય વાયુઓ

લૉર્ડ રૅથરફર્ડ અને સર વિલિયમ રૅમ્સેના વિલક્ષણ સંશોધનને પરિણામે ગઇ સદીના છેક છેવટના ભાગમાં આ વાયુઓ શોધાયા. હવામાંથી પ્રાણવાયુ—ઑક્સિજન વગેરે તત્ત્વોને દૂર કરતાં રહેલા નાઇટ્રોજનમાં આર્ગોન નામનો વાયુ છે એવું તેમણે દુનિયા સમક્ષ રજુ કર્યું. હવામાં આ આર્ગોન વાયુનું પ્રમાણ સેંકડે એક ટકા જેટલું હોવાનું એકવાર માલૂમ પડ્યું એટલે હેલિયમ, નીઑન, ક્રિપ્ટોન અને ઝૅનાન નામના ઇતર વાયુઓ પણ સપાટાબંધ શોધાયા.

હેલિયમનો ઇતિહાસ ઘણો મનોરંજક છે. ૧૮૬૮માં સર નૉરમન લૉકિયરને સૂર્ય ઉપર આ વાયુનું અસ્તિત્વ હોવાની શંકા થઈ. પરંતુ ૧૮૯૫માં સર વિલિયમ રૅમ્સેએ પૃથ્વી ઉપર પણ હેલિયમ હોવાનું પુરવાર કરી આપ્યું. હેલિયમ હાઇડ્રોજન માફક જ્વાળાગ્રાહી નથી અને તેથી જ છેલ્લા મહાન વિશ્વયુદ્ધમાં લશ્કરી ખાતાનાં વિમાનોમાં હાઇડ્રોજનને બદલે હેલિયમ વાપરવાનો વિચાર સૂઝ્યો હતો. પરંતુ એટલા મોટા જથ્થામાં એ ક્યાંથી મેળવવું એ મુશ્કેલી હતી. અમેરિકાના દક્ષિણ આલ્બર્ટાની તેલની ખાણોમાંથી હેલિયમ સતત બહાર આવતો માલૂમ પડ્યો છે. તેમાં જોકે મીથેન વગેરે વાયુનું મિશ્રણ તો છે જ, પરંતુ તેમાંથી હેલિયમ છૂટો પાડી શકાય છે. જ્યારથી અમેરિકામાં હાઇડ્રોજનને બદલે હેલિયમ વિમાનોમાં ભરાવો શરૂ થયો ત્યારથી વિમાનોમાં સુરક્ષિતપણું પુષ્કળ વધ્યું છે. વળી દ્રવરૂપ હેલિયમનું ઊકળવાનું ઉષ્ણમાન શૂન્યથી ઓછું ૨૭૩° જેટલું હોવાથી શાસ્ત્રીય પ્રયોગશાળામાં ભૌતિકશાસ્ત્ર પરત્વે સંશોધન કરવામાં અતિશય ઠંડી ઉત્પન્ન કરવા માટે એ વિશેષ વપરાય છે.

આગળ આપણે જોયું કે હવામાં આર્ગોનનું પ્રમાણ સેંકડે એક ટકા જેટલું છે અને શુદ્ધ હવામાંથી ઉપર જણાવેલા વાયુઓ છુટા પાડી તેને ઉપયોગમાં લેવા એ ઘણું મુશ્કેલ અને ખર્ચાળ હોવાથી શરૂઆતમાં એ પરત્વેના પ્રયોગો તથા પરિણામો કેવળ શાસ્ત્રીય ચમત્કાર ગણાતા. નીઑન વાયુનું હવામાંનું પ્રમાણ તો સેંકડે ·૦૦૧ ટકા જેટલું માલૂમ પડ્યું છે! પરંતુ હવે તો દ્રવરૂપ હવા જોઇએ એટલા વિપુલ પ્રમાણમાં સહેલાઇથી મળી શકતી હોવાથી આ વાયુઓ ઉત્પન્ન કરી તે વડે વેપારઉદ્યોગો વધારી શકાયા છે. નીઑન વાયુમાંથી વિદ્યુત્પ્રવાહ પસાર થયેથી જે મંદ આહ્લાદક પ્રકાશ પડે છે એ પરિણામ જોઈ, 'નીઑન સાઇન્સ' બનાવવાનો ઉદ્યોગ ખૂબ ખીલવી શકાયો છે અને રાતને વખતે પોતાના માલની અને દુકાનની જાહેરાત કરવા આજે ઘણા વેપારીઓની દુકાનો અને જાહેરાતનાં પાટિયાં નીઑન સાઇન્સથી શોભી રહેલાં માલૂમ પડે છે.

આર્ગોન વાયુની સહાયથી વીજળીના દીવા પેટે છે. એકલા યુરોપમાં જ આશરે ૩૦,૦૦૦ ઘનવાર આર્ગોન વાયુ વીજળીના દીવા માટે વપરાય છે. એકંદરે સાડાચાર કરોડ વીજળીના દીવા પેટાવવા જેટલો આર્ગોન વાયુ જોઇએ એટલો મેળવવા માટે ૫,૦૮૦ ટન હવા દ્રવરૂપ કરવી પડે છે!

આપણાં ઉપનિષદો કહે છે કે एकेन विज्ञानेन सर्वमिदं विज्ञानं भवति (જે એકના જાણવાથી સઘળું જાણી શકે છે)

આ સદીની વિજ્ઞાનની પ્રગતિએ ઉપનિષદની એ આજ્ઞા જીરવી લાગતી નથી શું?

### હરિજન ઍજ્યુએરો

* * * માણસ પોતે જ પોતાના સંસ્કારનો સ્વામી છે; લલાટના લેખ, કુળજન્મના બંધ કે પ્રારબ્ધની રેખાને પુરુષાર્થ વડે માણસ પલટાવી શકે છે એ વાત, નીચે આપેલાં છે એવાં અભિનંદનીય ઉદાહરણો પછી આ યુગમાં હવે સાબિત કરવાની રહે છે?

પૂનાની ફરગસન કૉલેજમાં મુંબાઈ ઈલાકાના ઇતિહાસમાં પહેલી જ વાર ભંગી વિદ્યાર્થી દાખલ થયો છે. તેનું નામ નબી ગુલાબ લાડ છે. તેના પિતા પંદરેક વર્ષ ઉપર ગુજરી ગયા, અને વિધવા માતા તેનું પોષણ કરે છે. તે બાઇને સાતારા મ્યુનિપાલિટીમાં ભંગી તરીકે માસિક રૂા. ૧૩ પગાર મળે છે. ઘણાં વર્ષો પહેલાં ઉત્તરમાંથી ભંગીઓનાં ઘણાં કુટુંબો દક્ષિણમાં આવેલાં તેના વંશમાંથી ભાઈ લાડ ઊતરેલા છે. હાઇસ્કૂલના શિક્ષણમાં ફક્ત બે જ વર્ષ તેને સરકારી છાત્રાવૃત્તિ મળી હતી અને બાકી તો તેની વિધવા માએ ટૂંકા પગારમાંથી તેનો ખર્ચ ચલાવ્યો હતો. માત્ર તેની ફી બધાં વર્ષ માફ હતી. માલવીયજીની હિંદુ યુનિવર્સિટીમાં એક ભંગી વિદ્યાર્થી બી. એ. નો અભ્યાસ કરે છે. તેથી આખા હિંદુસ્તાનમાં કૉલેજમાં ભણતા ભંગી વિદ્યાર્થીનો આ બીજો જ દાખલો જાણવામાં આવ્યો છે. સાતારાવાળા ભાઈ ભાઉરાવ પાટીલે એને પોતાના છાત્રાલયમાં દાખલ કર્યો છે અને તેની સંભાળ લે છે.

મહારાષ્ટ્રના હરિજનોમાં મહાર જાતિ જેમ આગળપડતી ગણાય છે તેમ માંગ જાતિ ઘણી પછાત રહેલી છે. તે જ્ઞાતિનો જ એક વિદ્યાર્થી લક્ષ્મણ બાબાજી ભિંગારદેવે બી.એ. ની પરીક્ષામાં હમણાં ઉત્તીર્ણ થયો. વિશેષ આનંદની વાત તો એ છે કે તે બી.એ. ઑનર્સમાં સંસ્કૃત ઐચ્છિક વિષય લઇને બીજા વર્ગમાં પાસ થયો. આ ભાઈના અભ્યાસને માટે પણ ભાઉરાવ પાટીલને જ યશ છે. તેમના સાતારાના છાત્રાલયમાં રહીને તેણે અભ્યાસ કર્યો છે. માંગ જાતિમાં પણ આ ભાઇ પહેલો જ સ્નાતક થયો છે. તેના પિતા ઘેટાં પાળવાનો ધંધો કરે છે. પોતાનો સંસ્કૃતનો અભ્યાસ વધારીને એમ.એ. ની પરીક્ષા સંસ્કૃત સાથે જ આપવાની એણે તૈયારી શરૂ કરી છે.

(હરિજનબંધુ) —અ. વિ. ઠક્કર

### કોડાક્રોમ અને રંગીન ફોટોગ્રાફી

* * * એ વિજ્ઞાનનો એક નવીન ચમત્કાર જ છે. આજસુધી ફોટોગ્રાફ એટલે કાળા ને ધોળા રંગની છાયાઓમાં ઉતારેલી છબી સમજાતી, પણ હવે તો આંખ જે રૂપરંગમાં દુનિયા નીરખે છે તે જ રૂપરંગમાં કૅમેરા પણ છબી પાડી આપે છે. બહુ જ ટૂંકા વખતમાં તમારા સૌના કૅમેરા વડે તમે એ પાડી શકશો.

કોડાક્રોમની આ શોધથી કોઇપણ માણસ કોઈપણ કૅમેરાથી ચાલુ રીતે જ ચાંપ ચલાવીને રંગીન પરિણામો લઈ શકશે! જોકે હમણાં તો આ કરામત ઘરગથ્થુ સીનેમાની ફિલ્મો ઉપર જ ચાલુ કરવામાં આવી છે, પણ જતે દહાડે દરેક જાતના હાથ-કૅમેરા માટે પણ તે હાથવેંતમાં માની લેવી.

હમણાં સુધી જે રંગીન ફિલ્મો લેવાતી તેમાં ફિલ્મ તો કાળાધોળા રંગની જ રહેતી. માત્ર પાડતી વખતે રંગવિભાગ કરનારાં ફિલ્ટર કાચ રાખવા પડતા અને તૈયાર ફિલ્મ બતાવતી વખતે તેવા રંગીન કાચો આડા રાખી પ્રકાશ ફેંકાતો એટલે રંગપૂરવણીવાળાં ચિત્રો દેખાતાં. તેમાં મુશ્કેલી એ હતી કે કાચોને લીધે પ્રકાશનું બળ નરમ થઈ જતું અને ચિત્રો બહુ મોટાં કરી શકાતાં નહિ હોવાથી બહુ જ નાનાં ચિત્રોથી સંતોષ લેવો પડતો પણ હવે નવી શોધથી નથી જરૂર ફિલ્ટર કાચની કે નથી જરૂર રહી ખાસ પ્રકાશયોજનાની. ચાલુ ફોટોગ્રાફી જે પ્રકાશમાં થઈ શકે તેજ પ્રકાશમાં કોડાક્રોમ પણ ચિત્રો લઇ શકશે. ચિત્રો બતાવતી વખતે પ્રકાશની ઉણપ જરા યે પડશે નહિ અને ચિત્રનું જોઇએ તેવડું માપ વધારી શકાશે. કોડાક્રોમ વડે પાડેલું ચિત્ર જોઇએ ત્યારે જ સમજાય કે જગતનાં દશ્યોમાં કેટકેટલી જાતના રંગો પુરાએલા છે. પહેલાં માત્ર ચિત્રકારો જે જોઇ શકતા તે દરેક જણ હવે ખાત્રીપૂર્વક જોઇને આનંદ લઈ શકશે એ કંઇ ઓછું છે? હવે ફૂલો, વનસ્પતિ અને ઋતુ-રંગોના ફરક દરેકને સમજાશે, હવે દુનિયાને એક જ રંગની ફોટોગ્રાફીમાં જોવાની આદત આપણે ભૂલી જઇશું અને આ રંગબેરંગી દુનિયાને બદલે સીનેમાના પડદા ઉપર કાળાં પ્રતિબિંબો જોવાનાં મટશે.

આ શોધ કરનારા મિ. લીઓપોલ્ડ મેનીસ અને મિ. લીઓગોડા વસ્કી બે સંગીતાચાર્યો છે. માત્ર શોખની ખાતર રંગીન ફોટોગ્રાફી તેઓ કરતા થયા તે પહેલાં સંગીતની સૃષ્ટિમાં પણ તેમનું નામ સારૂં જાણીતું હતું. તેમણે પહેલાં તો કોડાક લૅબોરેટરી મારફત કેટલાં યે વર્ષો અજમાવશો અને અખતરા કર્યાં. ત્યાં તેમને પુષ્કળ સગવડો, સાધનો, દરેક બાબતના પ્રવીણ સલાહકારો, રસાયણીઓ, દવામિશ્રણો જાણનારાઓ, રંગનું જ્ઞાન ધરાવનારા અને ફોટોગ્રાફીની બધી ગતો સમજનારા મળ્યા. ત્યાં તેમને લાગ્યું કે આ શોધ ખરેખરી નીવડી છે અને તેની બનાવટ સફળ ઊતરશે ત્યારે ૧૯૩૧માં એ બંને જણ કોડાક લૅબોરેટરીના સ્ટાફમાં જોડાયા અને અશક્ય મનાતી બાબત શક્ય કરી બતાવી.

### સેજાવેજાનો કોઠો

* * * પોતપોતાનાં શહેર કે પ્રાંતને લગતી પોતાની માહિતીની જગ્યાઓના આવા ટૂંકા પરિચય વાચકો મોકલે તો આપણા જ વતન વિષે આપણું જે લજાવનારૂં અજ્ઞાન છે તે દૂર કરવામાં નાનોસરખો પણ ફાળો આપી શકે. સાથે એ સ્થળના ફોટોગ્રાફો મોકલી શકાય તો તો તે મોકલવા ચૂકવું જ નહિ.

સૌરાષ્ટ્રની ગિરિમાળાઓમાં નાન્દીવેલો, તુલસીશ્યામની

આસપાસના પર્વતો તથા સાણનો ડુંગર ઠીક પ્રખ્યાત છે આ બધાંમાં નાંદીવેલો ઊંચામાં ઊંચો ગનાય છે. આ ડુંગરની ખીણમાં સેંજાવેજાનો કોઠો આવેલો છે.

સેંજો અને વેજો નામના બે ભાઇઓ અગાઉ બહારવટે નીકળેલા તેમણે પોતાના રક્ષણાર્થે આ કોઠો બંધાવેલો કહેવાય છે અને તેથી તે સેંજાવેજાના કોઠાના નામથી ઓળખાય છે. એ કોઠો મુંબાઇના ચાર માળના મકાન જેટલો ઊંચો છે. કોઠાની પાસે રાવલ નામની નદી વહે છે, અને નદીની આસપાસ ઘણી જ ગીચ ઝાડી છે. તે ઝાડીમાં સિંહ, દીપડા વગેરે હિંસક પશુઓનો વાસ છે. સેંજાવેજાના કોઠા ઉપર એક બીજો પથ્થરનો કોઠો બાંધેલો છે. બહારવટીઆઓ મૂળ ત્યાં જ રહેતા. કપરા ડુંગરની અધવચ્ચોવચ પથ્થર ચડાવીને એ જમાનામાં આ કોઠો કેમ બાંધ્યો હશે તેની કલ્પના કરતાં એ વખતના કૌશલ્યનો ખ્યાલ આવે છે. સેંજાવેજાના કોઠાની બરાબર વચ્ચે શિલાજીત નામનો પથ્થરનો રસ વહે છે. આ રસ બહુ જ કિંમતી ગણાય છે અને તે મેળવવો ઘણો જ મુશ્કેલ છે. ગીરનો આ બધો પ્રદેશ જૂનાગઢ સ્ટેટના તાબામાં છે. એક વખતે ઊનાના ફોજદારે સાતથી આઠ માણસોની મદદ વડે ખાટલી નીચે ઉતારીને ઘણા જ થોડા પ્રમાણમાં તે રસ મેળવ્યો હતો એમ ત્યાંના માલધારીઓ કહે છે.

કોઠાથી ચાર માઈલ તુલસીશ્યામ તથા ત્રણ માઈલ ભીમચાસ આવેલાં છે. કોઠા ઉપર ચડી ચોમેર દૃષ્ટિ કરતાં નબળાપોચા માણસને તો ચક્કર જ આવે એવી ભયંકર જગ્યાએ તે આવેલો છે. ત્યાં સિંહ તથા દીપડાના ઘણા સગડ જોઇ શકાય છે. નવાબ સાહેબ તરફથી ત્યાં શિકાર કરવાની બંધી છે. ત્યાંના માલધારીઓ સિંહના ડાચામાં જ પોતાનાં ઢોર ચરાવે છે. ચોમાસામાં ત્યાં રહેવું ઘણું મુશ્કેલ હોય છે.

—ચીમનલાલ ગંગાદાસ પારેખ (કુંડલા)

## કાઠિયાવાડના ગૃહઉદ્યોગો

*** અમદાવાદના સ્થાયી સ્વદેશી બજાર તરફથી દૈનિક 'ગુજરાત સમાચાર'માં 'સ્વદેશી' નામથી દર અઠવાડિયે બહાર પડતી પૂર્તિમાં 'કાઠિયાવાડના ગૃહઉદ્યોગો' એ મથાળા નીચે ઉપયોગી લેખમાળા આવેલી. આ અગાઉ એના બે ઉતારા 'માધુકરી'માં આવી ગયા છે; એવો જ આ ત્રીજો ઉતારો આપણા દેશના તળપદા ઉદ્યોગો પરત્વે સાભિમાન જ્ઞાન સાથે લક્ષ દોરવાના ઉદ્દેશથી આપીએ છીએ.

### બરવાળાની સૂડી

કાઠિયાવાડમાં લુહાર કારીગરો સૂડી, ચપ્પાં, જમૈયા, કટાર વગેરે બનાવવામાં ખૂબ કુશળ ગણાય છે. ઘણા લુહારો તો નાની બંદુકો, પિસ્તોલો, તલવાર વગેરે લડાયક સરંજામ પણ બનાવતા. જોકે આજે હથિયારબંધીના કાયદાને કારણે લડાયક સરંજામ બનાવવાના બધા ઉદ્યોગો મરી ચૂક્યા છે. ચપ્પાં જમૈયા વગેરેનો પણ કોઇ લેનાર ગ્રાહક મળે તો જ બનાવવાનાં રહ્યાં, પણ સૂડીનો વપરાશ ઘરગથ્થુ હોવાને લીધે સૂડીઓ તો ઘણાં સ્થળોએ હજુ લુહારો બનાવે છે. લીમડી, બરવાળા, પાલીતાણા, જામનગર, કચ્છ વગેરે પ્રદેશોમાં આ જાતનું કામકાજ મોટા પ્રમાણમાં બને છે; પણ સૂડી બનાવવામાં બરવાળા (ધંધુકા તાલુકા)ની વિશિષ્ટતા એ છે કે ત્યાંની સૂડીઓ કાનસના લોઢામાંથી બનાવવામાં આવે છે, એટલે વધુ મજબૂત હોય છે. વળી કારીગરો પણ ઘણા કુશળ હોવાથી સૂડીનું કામકાજ ખૂબ સફાઈ (Finish)વાળું હોય છે તથા અનેક જાતના ઘાટવાળી તે બનાવવામાં આવે છે.

બરવાળામાં સૂડી બનાવનારા કારીગરોનાં ૨૦થી૨૫ ઘર છે. આ લુહારો સૂડી ઉપરાંત ખેડુત અને બીજા વર્ગને જરૂરી હથિયાર–સાધનો પણ બનાવી શકે છે. આ લોકો સામાન્ય રીતે દસથી બાર આનાની કિંમતે સૂડી વેચે છે, જેમાં લોઢાની કિંમત બે આના અને સૂડી સજનાર તથા પૉલિશ કરનારાને ચાર આના આપવા પડે એટલે એક સૂડી ઉપર કારીગરને તો પાંચથી છ આના મળે.

સૂડીમાં પણ જાતજાતના ઘાટ તથા નકશીનું કોતરકામ કરવામાં આવે છે. સ્થળ તથા પ્રદેશના ફેરફારને કારણે કોઇકોઇ કારીગર તથા ગામો ખાસ વિશિષ્ટતા માટે પ્રખ્યાત હોય છે દાખલા તરીકે લીમડીની સૂડીઓમાં નકશીકામ જેવું સુંદર થાય છે, તેવું બરવાળાની સૂડીઓમાં થતું નથી, પણ બીજી રીતે તે ઘણી ચડીઆતી હોય છે. અહીંના કારીગરો પોતાનું કૌશલ્ય બતાવવા સૂડીના આકારમાં ફેરફારો કરે છે તેમજ કળ (Spring) વાળી સૂડીઓ પણ બનાવે છે. આવી એક સૂડીની કિંમત બેથી ત્રણ રૂપિયા સુધીની થાય છે.

## ચોપગી માછલી

ડૅનિશ ભૂસ્તરશાસ્રી ડૉ. કોચને ગ્રીનલૅન્ડમાંથી 'ચોપગી માછલી'ના અવશેષો મળ્યા છે. તેઓ તેને જળચર અને સ્થળચર પ્રાણીઓનો સંબંધ સાંધતી સાંકળ ગણે છે. આ ચોપગી માછલી 'stegociphalians' કહેવાય છે; એટલે કે એ વાસ્તવિકરીતની માછલી નહિ, પણ માછલીનાં ઘણાંખરાં લક્ષણો વાળું ભૂ–જળવાસી પ્રાણી. તે દેડકા, વર્ષાભૂ અને ગીરોળી વગેરે પ્રાણીઓના કુટુંબની પૂર્વજ ગણાય છે. કેટલીક એવી પણ માછલીઓ મળી આવે છે કે જેમની આગળની અને પાછળની યુગ્મ પાંખો એવી રીતે રચાએલી હોય છે કે જેનાથી તે તરી પણ શકે છે તેમજ પેટે પણ ચાલી શકે છે. આ માછલીઓ જળચર પ્રાણીઓના અવશેષો સંઘરતા, પાણી નીચે બંધાએલા પડવાળા ખડકો (strata)માંથી મળી આવે છે. અને આવી જ માછલીઓની બેત્રણ જાત ઑસ્ટ્રેલીઆ તેમજ આફ્રિકાના શુષ્ક વિભાગમાં વહેતી ડહોળી નદીઓમાં હજુ પણ હયાત છે. આ માછલીઓ 'ફેફસાંથી શ્વાસ લેતી માછલી' તરીકે ઓળખાય છે, અને ફક્ત ફેફસાંથી જ અથવા પાણીના પરપોટા કરી પ્રાણવાયુ મેળવે છે. ભૂવાસી પ્રાણીની માફક તે પણ પાણીની સપાટી તળે વધુ વખત રહી શકતી નથી. તેમ કરવાથી એ રૂંધાઇ જાય છે અને તણાઈ પણ જાય છે. (અંગ્રેજી ઉપરથી)

# નવાં પુસ્તકોની નોંધ

**શ્રી રામકથા**: ૧-૨, તથા ૩-૪-૫: લેખક-દેસાઇ વાલજી ગોવિંદજી, પ્રાપ્તિસ્થાન-નવજીવન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ, કિંમત અનુક્રમે ૦-૩-૬ અને ૦-૨-૦; **ઉધઇનું જીવન**: મૉરીસ મૅટરલિંકના મૂળ પુસ્તક ઉપરથી અનુવાદક-કિશોરલાલ મશરૂવાળા, પ્રકાશક-નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૧૦-૦; **ધર્મમંથન** (ગાંધીજીનાં ધર્મ વિષયક લખાણોને સંપાદિત સંગ્રહ): લેખક-મોહનદાસ કરમચંદ ગાંધી, પ્રકાશક ઉપર પ્રમાણે, ૦-૧૨-૦; **ઇંગ્લંડના ઇતિહાસની રૂપરેખા**: લેખક-ચન્દ્રવદન શાહ અને તનસુખલાલ પારેખ, પ્રકાશક-મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, નાણાવટ સુરત, ૦-૧૦-૦; **અરેબિયન નાઇટ્સ**: (ગૃહસ્થી કુટુંબીઓ માટે સંશોધિત આવૃત્તિ) શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયના બંગાળી રૂપાંતર ઉપરથી ગુજરાતી અનુવાદ: પ્રકાશક-જીવનલાલ અમરશી મહેતા, પીરમશા રોડ અમદાવાદ, ૪-૦-૦; **શિલ્પાર્થસાર** ('વિશ્વકર્મા' માસિકની ૧૯૮૧ ની ભેટ): પ્રકાશક-વિશ્વકર્મા કાર્યાલય હજીરાનીપોળ રાયપુર અમદાવાદ, ૦-૧૨-૦; **કથાકુસુમો**: લેખક-પ્રકાશક-મૂળશંકર પ્રેમજી વ્યાસ, આકારોડ કૂવાની પોળ રાયપુર અમદાવાદ, ૦-૮-૦; **પદ્યાત્મક દાહોદ-દર્શન**: લેખક અને પ્રકાશક-ભોગીન્દ્ર ના. ભટ્ટ. ન્યુ હાઇસ્કુલ, દાહોદ, ૦-૪-૦; **નર્મદનું મન્દિર**: (પદ્યવિભાગ): કવિ શ્રી નર્મદાશંકરનાં ઉત્તમ કાવ્યોની ચૂંટણી: સંયોજક-વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, પ્રકાશક ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ, ૧-૮-૦; **પ્રતિબિંબ** (સાત વાર્તાઓ): લેખક-ચંદુલાલ ત્રિવેદી, પ્રકાશક-ઊર્મિ કાર્યાલય ડેન્સો હૉલ કરાચી, ૦-૧૦-૦; પાકું પૂઠું ૦-૧૩-૦; **સોલંકી યુગની કીર્તિકથાઓ**: લેખક-અંબાલાલ નાથાલાલ મિસ્ત્રી, પ્રકાશક-જીવનલાલ અમરશી મહેતા, મુંબાઇ અને અમદાવાદ, ૨-૦-૦; **કેળાંવાળી અને બીજી વાતો**: લેખક-મસ્તફકીર, પ્રકાશકો-દશરથલાલ જાહા અને ડાહ્યાભાઇ મહેતા, જળોવાળીને નાકે ખાડિયા અમદાવાદ, ૧-૦-૦; **ગામડિયા નરદેવો અને નવા વિચારની વાતો**: લેખક-સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆર, પ્રકાશક-સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ, ૧-૬-૦; **ગૃહ-વિજ્ઞાન**: લેખક અને પ્રકાશક-રેવાશંકર ઓ સોમપુરા, બી.એ, સ્ટેશન રોડ સીહોર, ૦-૮-૦; **અલૌકિક અમૃત**: લેખક અને પ્રકાશક-મૂળજી રણછોડ વેદ, શ્રીન બંગલો અંધેરી; **ચીનગારીઓ**: સંપાદક-મણિલાલ એમ. શાહ, પ્રકાશક-તંત્રી 'તરુણ જૈન', ૮૧ નાગદેવી ક્રૉસલેઇન મુંબાઇ, ૦-૪-૦; **શ્રમજીવન કે સમાજવાદ**: પ્રકાશક-લક્ષ્મણલાલ લ. મહેતા અને વ્રજલાલ ધ. મેઘાણી, શાંતિ ભુવન, મુલુન્ડ, ૦-૩-૦; **સિદ્ધસર-સહસ્રલિંગનો ઇતિહાસ** (મહારાજાધિરાજ પુસ્તકનો ખંડ ત્રીજો): લેખક અને પ્રકાશક-કનૈયાલાલ ભાઇશંકર દવે, પાટણ (ઉ. ગુ): **ચાલો ગાઇએ**: ગવરાવનાર પ્રકાશક-મધુકાન્ત જી. મહેતા (પ્રણય), મધુકુટિર રોલાડુંગરી (જિ. સુરત), ૦-૧-૦; **શ્રી વીતરાગ-મહાદેવ-સ્તોત્રમ**: સમ્પાદક-મુનિ ચરણવિજય, પ્રકાશક-શ્રી આત્માનંદ જૈન સભા ભાવનગર; **પ્રાકૃત વ્યાકરણમ**: સમ્પાદક તથા પ્રકાશક ઉપર મુજબ; **સાહિત્ય અને સંગીત**: શ્રી તરુણ ગુજરાતી સાહિત્ય સભાના વર્ષાન્ત ઉત્સવ વખતે અપાએલું ભાષણ: વ્યાખ્યાતા-પંડિત શ્રી ઓંકારનાથજી, પ્રકાશક-અરવિંદ ન શાસ્ત્રી મંત્રી તરુણ ગુજરાતી સાહિત્યસભા ૫૯, બીજો ભોઇવાડો મુંબાઇ-૨; **વીમાનો સંદેશ**: લેખક અને પ્રકાશક-મણિભાઇ ગોપાળજી દેસાઇ કૉંગ્રેસ હાઉસ, મુંબાઇ-૪; **કાવ્યસૌરભ**: અનુવાદક અને પ્રકાશક-બાલકૃષ્ણ ભટ્ટ, ૧૦૨ મકેરીવાડ રાયપુર અમદાવાદ, ૦-૩-૦; **કચ્છનું વેપારતંત્ર**: લેખક અને પ્રકાશક-ડુંગરશી ધરમશી સંપટ, મૂળરાજ ક્ષીલાધરની કં. જોડિયા બજાર કરાંચી, કિંમત અમૂલ્ય; **અદ્દભુત યુવાનો**: (સાહસપૂર્ણ પ્રવાસકથા) લેખક-મનુભાઈ જોધાણી, પ્રકાશક-ચંદુલાલ જેઠાલાલ વ્યાસ રાણપુર, ૧-૦-૦; **જગતની ધર્મશાળામાં**: લેખક-જયસુખલાલ કૃષ્ણલાલ મહેતા, ગાંડીવ સાહિત્યમંદિર સુરત, ૦-૧૦-૦; **ખોવાએલા તારા**: અનુવાદક-ફીકુભાઈ રતનજી દેસાઇ, સોલ એજન્ટ્સ-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ, ૧-૮-૦; **સાહિત્ય પ્રકાશિની**: (ગુજરાતી સાહિત્યના યાત્રાળુઓ અને મુંબાઇ યુનિવર્સિટીની ૧૯૩૬ની મૅટ્રિક્યુલેશન પરીક્ષાના ગદ્યપદ્યસંગ્રહ સમુચ્ચય) લેખક-શંકરપ્રસાદ છગનલાલ રાવળ, પ્રકાશક-એન. એમ. ત્રિપાઠીની કં. મુંબાઇ-૨; ૧-૦-૦; **સાધક સહચરી**: અનુવાદક-મુનિ શ્રી પં. સૌભાગ્યચંદ્રજી, પ્રકાશક-લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, સાબરમતી, ૦-૪-૦; **સમાજ અને સાહિત્ય**: ગુજરાત સાહિત્યસભાના ઉપપ્રમુખ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇએ કરેલું સભાનું ૧૯૩૫ના વર્ષનું વાર્ષિક વ્યાખ્યાન; ગુજરાત સાહિત્યસભા (અમદાવાદ)નો ૧૯૩૪-૩૫નો વાર્ષિક અહેવાલ; શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબાઇનો ૧૯મો વાર્ષિક રીપોર્ટ; સર સિદ્દી મહમદખાનજી સાર્વજનિક લાયબ્રેરી-જાફરાબાદનો ૧૯૨૯થી ૧૯૩૪ સુધીના પાંચ વર્ષનો રીપોર્ટ. શ્રી દિલ્હી ગુજરાતી સમાજનો ત્રિવાર્ષિક રીપોર્ટ; મેગણ રિલીફ સોસાઇટી-કલકત્તાનો બિહાર ધરતીકંપ સેવા કાર્યનો રીપોર્ટ અને હિસાબ તરુણ ગુજરાતી સાહિત્યસભા મુંબાઇનો વાર્ષિક અહેવાલ-૧૯૩૫; રાષ્ટ્રીય શાળા, કરાડીનું ૧૯૮૦ થી ૯૦ સુધીનાં દસ વર્ષનું નિવેદન (રીપોર્ટ); A Report of Plague Relief in Borsad 1935; Published by the Plague Relief Committee Borsad, 0-5-0.

## ❀ તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત ❀


મહાયુદ્ધ પૂરું થયા પછી સુલેહનું ખત કરતી વેળા વિવિધ દેશોની સ્થિતિ નજરે તપાસવા, સુલેહ પરિષદે પોતાના પ્રતિનિધિઓ મોકલેલા, તેમાં હંગેરીની પરિસ્થિતિની તપાસ માટે જનરલ સ્મટ્સની નિમણુક થઇ. અંગ્રેજ સામ્રાજ્યના રત્નસમા એ જનરલનું સ્વાગત કરવા વીએનામાં રહેતા અંગ્રેજ એલચીએ મોટી દબદબાભરી મેહફિલ ગોઠવી. પણ મહાયુદ્ધની નાશજ્વાળાઓનાં ભોગ બનેલાં હંગેરીવાસીઓને ભૂખે ટળવળતાં જે પોતે નજરોનજર જોતો આવ્યો હતો એ સ્મટ્સ એ મેહફિલની વાત સાંભળી રોષથી સળગી ઊઠયો અને ફરમાવ્યું કે 'લશ્કરના નિયમ મુજબ જે ખોરાક મળે તે જ આપણે સૌએ લેવાનો છે.'

અનેકાર્થી શબ્દ: **મોડ**=લગ્ન વગેરે શુભ પ્રસંગે સ્ત્રીને માથે મૂકાતું સુથાડિયાની સળીઓ વગેરેનું મુકુટ જેવું આભૂષણ; જોખમદારી; ટેક અથવા જિદ; વિલંબ; હાવભાવ-નખરાં; ઠગ-ઇબારત; ખેતરમાં ભાંગી પડેલાં કણસલાં.

કહેવતોના અર્થ: "ભૂંડનું છાણ—નહિ લીપ્યાનું કે નહિ થાપ્યાનું." ભૂંડના છાણનો આમ કોઇપણ ઉપયોગ થઇ શકે તેમ હોતો નથી એ વસ્તુસ્થિતિને 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' જેવો ભાવ દર્શાવવા માટે ઉદાહરણ તરીકે વાપરવામાં આવે છે.

| | |
|---|---|
| એકથી નવ સુધીના બધા | ૬૫ |
| આંકડાને (એકએક વખત | ૨૪ |
| વાપરીને) એવા રૂપમાં ગો- | ૮૯ |
| ઠવો કે સરવાળો સો આવે. | ૭ |
| એક રીત આ બાજુએ આપી | ૩ |
| | ૧ |
| છે. બીજી તમે શોધી કાઢો. | ૧૦૦ |

બિલાડી બધાં જ અંધારાંમાં જોઇ શકે છે એ વાત તદ્દન સાચી નથી. તેને માણસના કરતાં વધારે દેખાય છે એ ખરું, પણ પૂરેપૂરું અંધારું હોય તો તે પણ કંઇ જ નથી જોઇ શકતી.



એક લાખ ઉપરની વસતીવાળાં માત્ર ૫૨૫ શહેરો દુનિયા આખીમાં છે; અને તેનો નવદશાંશ ભાગ ઉત્તર ગોળાર્ધમાં છે.

સાટીનનાં કપડાંને તેની અવળી બાજુએ જ અસ્ત્રી કરવી જોઇએ. જરા હવાએલું હોય ત્યારે અસ્ત્રી કરશો તો તેની અસલ ચમક પણ રહેશે

ચોમાસામાં કપડા ઉપર પડેલા કાદવના ડાઘ બટેટાં બાફેલા પાણી વડે સાફ કરવાથી નીકળી જશે. કરી જોજો.

ઇંગ્લંડનો વડો પ્રધાન લૉઈડ જ્યૉર્જ એક વાર ભાષણ આપતો હતો એવામાં સભામાંથી કોઇએ ટીખળથી પ્રશ્ન કર્યો: 'મિ. લૉઇડ જ્યૉર્જ, તમને શું યાદ નથી કે તમારા દાદા ગધેડાની ગાડી હાંકતા'તા ?'

અરધી જ મિનિટમાં એ માણસને જવાબ આપતાં સભાને ઉદ્દેશીને તેણે કહ્યું: 'ભાઇઓ ને બહેનો, હું દિલગીર છું કે મારા દાદા હાંકતા હતા તે ગાડી કેવી હતી એ તો મને યાદ નથી રહ્યું, પણ એનો ગધેડો હજી જીવતો લાગે છે!'

પૃથ્વીના લગભગ વિષુવવૃત્ત ઉપર જ બરોબર આવતું હોય એવું એક જ મોટું જાણીતું શહેર દુનિયાભરમાં કયું તે ખબર છે?—સીંગાપોર.


શાહીના જૂના ડાઘ ખાટી છાશ વડે ધોવાથી ઘણીવાર જતા રહે છે એમ સાંભળ્યું છે. અખતરો તો કરી જોજો.

છત્રીને સૂકવવાનો સાચો રસ્તો તેનો હાથો નીચો રાખી નીતરતી મૂકવી એ છે.


દરિયામાં તોફાન વખતે વહાણમાંથી ચારે કોર તેલ રેડવામાં આવે છે જેથી દરિયો શાંત બને છે. તેમાં કારણ એ છે કે તેલને લઇને સપાટી પર મોજાંઓનું ઘર્ષણ કમી થઇ જાય છે તેથી પવનના ઝોકો સરળતાથી તે પરથી પસાર થઇ જાય છે અને મોજાં ઉછાળા મારી શકતાં નથી.

હિંદ ને આફ્રિકાના હાથી ત્રણચાર બાબતમાં જુદા પડે છે. હિંદના હાથી કરતાં આફ્રિકન હાથીના કાન મોટા હોય છે; તેના દંતશૂળો પણ વધારે લાંબા થાય છે; અને આફ્રિકન હાથીના પાછલા પગ વધારે લાંબા હોય છે, કારણકે એશિયાઈ હાથીને પાછળ ત્રણ સાંધા હોય છે જ્યારે આ આફ્રિકનને ચાર હોય છે.

ઝાડના થડની ગંડેરી કાપતાં જેટલાં કુંડાળાં તેમાં દેખાય તેટલા વર્ષનું તે થયું ગણાય તેમાં યે જે વર્ષમાં વરસાદ વધારે પડયો હોય તે વર્ષનું કુંડાળું વધારે ઘેરાવો લે છે. આથી પ્રત્યેક વર્ષના વરસાદના પ્રમાણની પણ તેમાં નોંધ રહે છે. કૅલિફૉર્નિયામાં એક ઝાડ ૩૦૦૦ વર્ષની વયનું હયાત છે.




ગ્રામોફોનનું ગાંડપણ: ગ્રામોફોનની રેકર્ડના મધ્યબિંદુએ જે છિદ્ર હોય છે તેની બાજુમાં બીજું એક છિદ્ર પાડી તેમાં થાળીનો ખીલો ભરાવીને વગાડવી ચાલુ કરશો તો કંઇ ચિત્રવિચિત્ર જ ગવાતું સાંભળીને ખૂબ રમૂજ મળશે. શું ગવાય છે એ સાંભળતાં ભારે હસાહસ થશે પણ આ પ્રયોગ નકામી રેકર્ડો પર જ કરવો; કેમકે રેકર્ડો એથી ખરાબ થાય છે.



પહાડી ઝરણુ
ચિત્રકાર • શ્રી વીરેશ્વર સેન
આચાર્ય • સરકારી કળાશાળા લખનૌ



સીમમાં

ચિત્રકાર • હર્ષદ પંડ્યા (ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)



વર્ષાનાં વાદળ
(ફોટો · આબીદમિયાં સૈયદ)